
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૪-૫-૨૦૨૪, શનિવાર
વર્ષ: ૧૩, અંક: ૪૮
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

## આજની આઈપીએલ મેચ



રોયલ ચેલેન્જર્સ બેંગલોર VS ગુજરાત ટાઈટન્સ




# ALLEN રાજકોટ સૌરાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સિસ્ટમ

ALLEN JEE MAIN 2024 Results Certified by
Official result validator
EY Building a better working world



GUJARAT RANK 1
AIR 28
Overall 100 Percentile
MEET PAREKH
ALLEN RAJKOT Classroom

GUJARAT RANK 2
AIR 44
Overall 100 Percentile
HARSHAL KANANI
ALLEN RAJKOT Classroom

GUJARAT RANK 3
AIR 58
100 Percentile in Maths
DWIJA PATEL
ALLEN RAJKOT Classroom

ALLEN

- ટોપ 500 ઓલ ઈન્ડિયા રેન્કમાં 6 વિદ્યાર્થીઓ
- ટોપ 1000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 11 વિદ્યાર્થીઓ
- ટોપ 2000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 15 વિદ્યાર્થીઓ
- ટોપ 5000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 23 વિદ્યાર્થીઓ
- ટોપ 10,000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 31 વિદ્યાર્થીઓ
- 09 વિદ્યાર્થીઓએ 1 અથવા 1 થી વધુ વિષયોમાં 100 પર્સન્ટાઈલ
- 102 વિદ્યાર્થીઓ JEE (Adv.) 2024 પરીક્ષા માટે ક્વોલિફાય થયા

## JEE MAIN 2024 RESULTS
## ટોપ 100 ઓલ ઈન્ડિયા રેન્કમાં 3 વિદ્યાર્થીઓ

## સતત 5 માં વર્ષે! ઐતિહાસિક અને સર્વોચ્ચ પરિણામો સાથે ALLEN રાજકોટ ચેમ્પિયન બન્યું છે!




## ADMISSION OPEN (SESSION 2024-25)

| Class 10th to 11th Moving Students | Class 6th to 10th Students | Class 12th Pass Students |
|---|---|---|
| Nurture Course | Pre-Nurture & Career Foundation | Leader Course (RE-NEET બેચ) |
| 13 May & 10 June 2024 | 13 May 2024 | 16 May & 03 June 2024 |
| Medium : English & ગુજરાતી | Medium : English | Medium : English & ગુજરાતી |

**ALLEN સ્કોલરશીપ પરીક્ષા**
**90% સુધી સ્કોલરશીપ**
12, 19 & 26 MAY 2024

Scan the QR code to register for the test
રજીસ્ટ્રેશન માટે -
કોલ - 8951395095
વોટ્સએપ - 8511143783

ALLEN RAJKOT CENTER
Yuvraj Complex, Opp. Sayaji Hotel, Vrindavan Society Main Road, Kalawad Road, Rajkot (Gujarat) - 360005

JEE (MAIN + ADV.) | JEE (MAIN) | NEET (UG) | OLYMPIADS | CLASS 6th TO 12th & 12th PASS

**NEW BATCHES STARTING FROM 13 MAY 2024 ONWARDS**

For more details on upcoming batches, visit allen.ac.in/rajkot

Disclaimer: We provide an academic ecosystem and environment to prepare students for their target examinations. Studying in a coaching institute does not guarantee selection for the examination. Selection depends on preparation, admission seats in competitive exam and the number of applicants appearing. EY has examined and validated ALLEN's method for identifying eligible students who have enrolled in their paid programs.

ફળકથન

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ અ,લ,ઈ

ઉચ્ચસ્થ ગુરુ વાળા જાતકો આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન સર્વિસ બિઝનેસના જાતકો માટે આ ભાગદોડ વાળુ તથા લાભકર્તા નીવડશે. વહીવટ વ્યવહારમાં કાળજી રાખવી. સરકારી વિદ્યાલય તેમજ ખાનગી વિદ્યાલયના શિક્ષકો, કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે ઉતમ સપ્તાહ. ૧૦ મે મધ્યમ રહેશે.

## વૃષભ બ,વ,ઉ

આ સપ્તાહ દરમ્યાન અનેક જગ્યાએથી હકારાત્મક તથા ફાયદાકરક ધંધાકીય તેમ ઔદ્યોગિક કામકાજ મળવાના સંયોગો. ઉદ્યોગ ધંધાના નવા કામકાજની શરૂઆત માટે આ સપ્તાહ યોગ્ય નીવડશે સાથોસાથ સરકારી કામકાજ જેવા કે દસ્તાવેજી કાર્ય માટેનું આ સપ્તાહ સાનુકુળ નીવડશે. હેવી હ્યુજ મશીનરીના ઉદ્યોગ તથા વ્યાપાર નાં જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારી તથા સુરક્ષા કર્મીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. મિત્રો સાથે મતભેદ થવાના સંયોગો. વિજ્ઞાન શાખાના પ્રોફેસર્સ, શિક્ષકો તેમજ વિદ્યાર્થી, તથા ગૃહિણી, મહિલા કર્મી, નિવૃત્ત માટે આ સપ્તાહ શ્રેષ્ઠ જણાશે. ૭ મે સામાન્ય નીવડશે.

## મિથુન ક,છ,ઘ

લલિત કલા એવમ કારીગરી/ક્રાફટ એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. કાયદો-વ્યવસ્થા વિભાગના ઉચ્ચાધિકારીઓ, સમેત કર્મચારીઓ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ અને શ્રેયકર નીવડશે. કન્સલ્ટન્સી તેમજ સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અતિ સાનુકૂળ જણાશે. વ્યાપાર વણિજ તથા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્રો, સગા સ્નેહીઓ તરફ સાથ સહકાર મળવાની સંભાવનાઓ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારક રહેશે. ફકત ૧૧ મેનો દિવસ જ સાધારણ રહેશે.

## કર્ક ડ,હ

ફ્રોઝન આહાર, કેનિંગ, પેકીંગ ફૂડસ એવમ શાકભાજી તથા ફાસ્ટ ફૂડ એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. પ્રવાહી જ્વલનશીલ ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહે અણધાર્યા લાભ થવાના સંયોગો, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારું રહેશે. ૮ મે સામાન્ય રહેશે.

## સિંહ મ,ટ

આ સપ્તાહે, પિત્ત ગુણ ધરાવતા જાતકોએ આરોગ્ય પ્રતિ સંભાળ રાખવી. કોમોડીટી, શેર બજાર તથા સટ્ટા બજારના જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો તથા જથ્થાબંધ વાણિજ્યના એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ એવમ ભાગ દોડ વાળું નીવડશે. સાથે ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો મળવાના સંયોગો. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે, સાથો સાથો પ્રમોશન મળવાના પણ સંયોગો છે. સગા, કુટુંબી સાથે સુમેળ સધાશે, તેમજ સાથ સહકાર પણ મળશે. વિદ્યાર્થી, મહિલા કર્મચારી/ કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. ૧૦ તથા ૧૧ મે સાધારણ જણાશે.

## કન્યા પ,ઠ,ણ

આ સપ્તાહે આવેગ અને ઉતાવળ પર કાબુ રાખવો. અન્યથા, નુકસાન થવાના સંયોગો. આ સપ્તાહ દરમિયાન ખાનગી તેમજ સરકારી નોકરીયાત વર્ગ માટે, હળવી હળવી તકલીફો જણાશે. આ સપ્તાહ દરમિયાન પરિવારમાં મોસાળ તથા સાસરા પક્ષે હળવા ખટરાગ કે મનદુઃખ થવાની સંભાવનાઓ. વાહન હંકારવામાં કાળજી રાખવી. નાનાં નાનાં ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમો ના જાતકો માટે આ સપ્તાહ અર્ધ-સાધારણ જણાશે. હેવી વ્હીકલ ના એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી એવમ ખાનગી શૈક્ષણિક એકમના જાતકો માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. પરિજનો તથા મિત્રોને સહાય કરવાના સંયોગો. ૬, ૯ મે સાધારણ રહેશે.

## તુલા ર,ત

આ સપ્તાહ દરમ્યાન સખત પરિશ્રમ થવાંનાં સંયોગો. અગાઉ બોલીને બગડી ગયેલા સંબંધો સુધરી જવાના સંયોગો. નિષ્ઠાવાન અધિકારી/ કર્મચારી માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું ચડાવઉતાર વાળુ જણાશે. ખાનગી એકાઉન્ટ, મેનેજમેન્ટ ફર્મ્સ તથા પ્રિન્ટ અને પબ્લિકેશન્સ એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ટ્રાવેલ્સ તથા ટ્રાન્સપોર્ટેશન્સના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. બહારી સંબંધોમાં સાચવવું. પરિવારમાં સાથ સહકાર અકબંધ રહેશે. ગૃહિણી, તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે લાભદાયી સપ્તાહ. ૮ તથા ૯ મે મધ્યમ જણાશે.

## વૃશ્ચિક ન,ય

ફેશન તેમજ ફેબ્રીક તથા શૃંગાર કોસ્મેટીકનાં ઉદ્યોગ ધંધા સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય, ઉદ્યોગ ધંધા વ્યવસાયમાં આકસ્મિક લાભ થવાના સંયોગો સર્જાય છે. ઔદ્યોગિક એકમના જાતકો ત્થા વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ અને લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના તમામ શ્રેણીના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળુ પરંતુ સાથોસાથ લાભકારક નીવડશે. કૌટુંબિક તેમજ પારિવારિક સુખ, શાંતિ તથા સુમેળ વધારે ને વધારે પ્રગાઢ થવાના સંયોગો. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. ૧૦ ત્થા ૧૧ મે મધ્યમ નીવડશે.

## ધન ભ,ફ,ધ,ઢ

પેરા મેડીકલ એવમ મેડીકલ, રસાયણ ત્થા ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રે હળવા ચડાવ ઉતાર આવવાની સંભાવના તથા કોઈ વિવાદ થવાની સંભાવના. હોટેલ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયનાં અન્ય ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ તથા છૂટક વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે મંદીનો હળવો માહોલ જોવા મળશે. નાનાં વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૬, ૯ મે સામાન્ય રહેશે.

## મકર ખ,જ

ખાનગી ફાયનાંસ એકમ તેમજ ખાનગી એકાઉન્ટન્સી એકમ તથા મેનેજમેન્ટ એકમ સાથે જોડાયેલ તમામ શ્રેણીના જાતકો માટે આ સપ્તાહ સામાન્ય નીવડશે. ઈવેંટ મેનેજમેંટ ત્થા કેટરીંગ સર્વિસીઝના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. નાનાં ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ લાભકારી સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળું રહેશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. અર્ધ સરકારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૭ તથા ૮ મે સરેરાશ રહેશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

## કુંભ ગ,શ,ષ

આ સપ્તાહે, ધંધા વ્યવસાય હેતું ભાગદોડ તથા હળવી પ્રતિકૂળતા રહેવાની સંભાવના. જાહેર ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંકળાયેલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. કમીશન મર્ચન્ટ અને બ્રોકર્સ માટે ચડાવ ઉતાર વાળું સપ્તાહ. ઔધોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાધારણ નીવડશે. વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવ ઉતાર સાથે લાભકારી નીવડશે. રાજકીય તથા જાહેર ક્ષેત્રનાં જાતકો માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે, સાથે વાદ વિવાદથી દૂર રહેવું. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારી જણાશે. નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૬, ૭ મે અર્ધ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

## મીન દ,ચ,ઝ,થ

આ સપ્તાહ માટે કોઈ પણ પ્રકારનાં સટ્ટા, જુગાર, કડા કુડી, ગાળીયાઓથી તથા શેરબજારથી દૂર રહેવું. આ સપ્તાહે વણસી ગયેલા જૂના સંબંધો સુધરી જવાંનાં સંયોગો. કોસ્મેટીક ઉદ્યોગ-ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. આ સિવાય અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું ચડાવઉતાર વાળુ જણાશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવી દોડધામ સાથે લાભદાયી જણાશે. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, સંતાનો, છાત્રો માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ૧૦ મે સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

# સોળ શણગાર પાછળ પણ છૂપાયું છે વૈજ્ઞાનિક રહસ્ય



**સ્ત્રીના સોળ શણગારમાં ચાંદલો, સિંદૂર, કાજલ, મહેંદી, પાનેતર, ફુલગજરો, ટીકો, નથણી, બૂટી, મંગલસૂત્ર, બાઝુબંધ બંગડી, વીંટી, કમરબંધ (કંદોરો) વીછીયા પાયલનો સમાવેશ થાય છે**

**હિન્દુ લગ્નમાં સોળ શ્રૃંગારનું મહત્વ વિશેષ અને શુભ પણ માનવામાં આવે છે : મંગળસૂત્રથી સકારાત્મક ઉર્જા આકર્ષિત થાય છે : બંગડીને કારણે સ્ત્રીઓનું બ્લડપ્રેશર કાબુમાં રહે : અનામિકા આંગળીની નસો દિલ-દિમાગની સાથે જોડાયેલી હોવાથી, તેમાં પહેરેલી વીંટી થી પ્રેશર ન આવે અને સ્વસ્થતા પણ રહે**

હિન્દુ ધર્મમાં લગ્નજીવનમાં સોળ શૃંગારના ગુણગાન ગવાયા છે. આ શણગારની વસ્તુઓ પહેરવી શુભ માનવામાં આવે છે. આ શૃંગારની સાથે સાથે ધાર્મિક તો ખરુ પણ સાથે વૈજ્ઞાનિક કારણ જોડાયેલ છે. સોળ શૃંગારમાં, ચાંદલો, સિંદૂર, કાજલ સહિતની વસ્તુઓ સામેલ થયેલ છે. ઋગ્વેદમાં પણ સૌભાગ્ય માટે સોળ શૃંગારનું વર્ણન કરાયું છે.

**ચાંદલો:-** માથામાં કપાળે બે ભ્રમરની વચ્ચે કંકુનો ચાંદલો કરવામાં આવે છે, આ ચાંદલો નાનો મોટો કોઈપણ પ્રકારનો કરવામાં આવે છે. એ ભાગમાં નર્વ પોઈન્ટ છે, ભ્રમરકેન્દ્ર પર બિંદી કરવાથી સ્ત્રીઓમાં એકાગ્રતા આવે છે અને મનનું સંતુલન રહે છે.

**સિંદુર:-** લગ્ન પછી સ્ત્રીને તેના પતિ દ્વારા માથામાં સિંદુર ભરવામાં આવે છે. કહેવાય છે કે નારી પોતાના પતિના દીર્ઘાયુ માટે માથામાં સિંદુર લગાવે છે. સિંદુર લાલ લેડ ઓકસાઈડમાંથી પારો અને સીસુના ભુકકામાંથી તૈયાર થાય છે, એને કારણે મગજની નસો નિયંત્રણમાં રહેતી હોવાનું મનાય છે. એ સ્ત્રીઓના શરીરના તાપમાનને નિયંત્રિત કરીને ઠંડક આપે અને શાંત રાખે છે.

**કાજલ:-** સ્ત્રીઓની આંખોની સુંદરતાને વધારે ધારદાર બનાવે છે કાજલ (આંજણ) લગાવવાથી નારીઓ પર કોઈની ખુબી નજર ન લાગે એવું ભ્રમ ભરેલું છે. પરંતુ કાજલથી આંખોને ઠંડક મળે છે. અને સાથે સાથે નકારાત્મક ઉર્જાથી પણ દૂર રહે છે.

**મહેંદી:-** કોઈપણ શુભ પ્રસંગે કે વાર તહેવારે સ્ત્રી પોતાના હાથે મહેંદી લગાવે છે. એમ કહેવાય છે કે હાથમાં મહેંદીનો રંગ જેટલો વધારે ખીલે એટલો વધારે પતિ પ્રેમ મળે એ એક ભૂલ ભરેલું છે. મહેંદી લાગવાથી તણાવને ઓછો કરવામાં મદદ મળે છે. અને ઠંડક આપે છે.

**પાનેતર:-** લગ્ન વખતે કન્યાના શૃંગારનું સૌથી અગત્યનું વસ્ત્ર એટલે પાનેતર, જેમાં ખાસ કરીને સફેદ અને લાલ રંગનો ઉપયોગ કરવામાં આવે છે. સફેદ રંગ શાંતિ અને લાલ રંગ શુભ ગણવામાં આવે છે. સફેદ અને લાલ રંગનું પાનેતર પહેરવાથી શુભ માનવામાં આવે છે.

**ફુલ ગજરો:-** ફૂલોથી તૈયાર થતો ગજરો એક પ્રાકૃતિક શુંગાર છે, વાળમાં સૌદર્ય બક્ષતો ગજરો ધારણ કરવાથી નારીનું ધૈર્ય જળવાય રહે, અને તેને તાજગી અર્પે છે. ફૂલોની સુગંધથી તણાવ પણ દૂર કરવામાં ઉપયોગી બને છે.

**ટીકો:-** સોના, ચાંદી, હીરા અને મોતીથી તૈયાર થતું આ આભૂષણ સ્ત્રીના મસ્તકને શોભાવે છે. વૈજ્ઞાનિક માન્યતા પ્રમાણે માંગમાં ટીકો લગાવવાથી શરીરના તાપમાનને નિયંત્રિત કરે છે અને શાંત ચિતે સ્ત્રી નિર્ણયો લઈ શકે છે.

**નથણી:-** સ્ત્રીના નાકમાં પહેરવામાં આવતી નથણી અથવા ચૂંક વિશે એવું કહેવાય છે કે નાકમાં નથણીનો સીધો સંબંધ સ્ત્રીના ગર્ભાશય સાથે છે, નાકની કેટલીક નસો ગર્ભાશય સાથે જોડાયેલી હોય છે એટલા માટે નાક વિંધાવવામાં આવે છે.

**કાનમાં બૂટી:-** કાન વિંધાવવા પાછળ વૈજ્ઞાનિક કારણ જોડાયેલ છે. કાનની બૂટી પહેરવાથી તે એકયુપ્રેસર પોઈન્ટને દબાવે છે. કાન પર આભૂષણનું દબાણ આવવાથી કિડનીમાં બ્લડ સરકયુલેશનની કામગીરીમાં સુધારો જોવા મળે છે.

**મંગળસૂત્ર:-** સૌભાગ્યવંતી સ્ત્રી નિરંતર મંગળસૂત્રને ધારણ કરે છે. મંગળસૂત્ર સકારાત્મક ઉર્જાથી આકર્ષિત થાય છે અને નારીના હ્રદય અને મનને શાંત રાખે છે. સોનાનું મંગળસૂત્ર ધારણ કરવાથી શરીરમાં બળ અને તેજ વધે તેવી પણ એક માન્યતા છે.

**બાજુ બંધ:-** બાવડા પર ઉપરની બાજુમાં આ આભૂષણ પહેરવામાં આવે છે. પહેલાના સમયમાં બાવડા પર આ પહેરવું એ ખુબ જરૂરી મનાતું હતું, તે પહેરવાથી લોહીના ભ્રમણની ગતિ બરાબર રહે છે, અને સ્ત્રીને ઘરકામ કરતી હોવાથી તેના શરીરને ઘસારો લાગતો હોવાથી ખાંભા અને સ્નાયુનો દુ:ખાવો થતો નથી.

**બંગડી:-** હાથ પર પહેરવામાં આવતી ચૂડી બંગડી મહત્વનો અને હાથવર્ગોનો શુંગાર છે. બંગડીએ પતિ-પત્નીના ભાગ્ય અને સંપન્નતાનું પ્રતિક છે. ચૂડીનો સંબંધ ચંદ્ર સાથે પણ છે. એવુ પણ માનવા આવે છે કે બંગડી પહેરવાથી કાંડામાં થતા બ્લડ સર્ક્યુલેશનમાં સુધારો કરે છે, તેમાંથી બ્લડ પ્રેસર કાબૂમાં રાખવા સહાયતા મળે છે.

**વીંટી:-** વીંટી પહેરવાથી તે હ્રદયમાં સહાય સ્નેહ વીટળાયેલો રહે છે. અનામિકા આંગળીની નસો સીધી હ્રદય સાથે જોડાયેલ છે. તેથી તેના પર પહેરેલી વીંટીથી પ્રેસર આવે એનાથી સ્વસ્થતા પણ રહે છે.

**કમરબંધ (કંદોરો):-** નાભિના ઉપરના હિસ્સામાં એને પહેરવામાં આવે છે. સ્ત્રી તેમજ નાના બાળક ને કમરબંધ પહેરવામાં આવે છે. સ્ત્રીઓને માસિક વખતે થતી પીડામાં રાહત થાય છે, તેમજ પાચન શકિત પણ ઝડપી થાય છે. પેટ સંબંધીત બિમારીને રોકવામાં કમરબંધ મહત્વનો ભાગ ભજવે છે.

**વીછીયા:-** વિવાહ બાદ સ્ત્રીઓ પગની આંગળીઓમાં વીછીયા પહેરે છે. એવી માન્યતા પણ છે કે વીછીયા પહેરવાથી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય સારુ રહે છે. વીછીયા પહેરવાથી પગની આંગળીમાં બ્લડની ગતિને સરખી રાખે છે, અને સ્ત્રીને પગને લગતા રોગમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે ખાસ કરી ચાંદીની પહેરવામાં આવે છે.

**પાયલ:-** પગને સુંદર બનાવતું સૌથી આકર્ષક આભૂષણ એટલે પાયલ. પગમાં પાયલ પહેરવાથી સાઈટિકામાં રાહત મળી રહે છે, અને પગની એડીમાં દુખાવામાં પણ રાહત જોવા મળે છે.અત્યારની આધુનિક અને દોડધામ ભરેલી જીવનમાં આવો શુંગાર કરવો સ્ત્રી માટે અશકય બન્યું છે. એટલા માટે સ્ત્રી રોગમાં પણ વધારો થયો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

## "મામાને ઘેર હાલો હાલો ને"

સાકરીયા લાડુ ને પૂરી બટેટા,
આવા મામાને ઘેર હાલો હાલો ને (૨)
મામા છે મારા મોહનથાળ જેવા
ને મામી છે મીઠી મધ. હાલો હાલો ને (૨)
મામાનું ગામ છે ગોકળીયું ગામડું
ને મોજું વેકેશનની માણવા. હાલો હાલો ને (૨)
ગોરી ગાવલડીના ઘેર દુઝાણાં
ને દૂધડાંની રેલમછેલ. હાલો હાલો ને (૨)
દૂધડાં રે પીશું ને દહીંડા ઉલાળશું
માખણ તે ખાંતે ખાશુ. હાલો હાલો ને (૨)
ઓળકામળું રમશું ને અડુકલી દા રમશું
આંબલીની ડાળે હીંચકા ખાશુ રે. હાલો હાલો ને (૨)
સાકરીયા લાડુ ને પૂરી બટેટા,
ખાવા મામાને ઘેર હાલો હાલો ને
ખાવા મામાને ઘેર હાલો હાલો ને

**કર્તા:- હસમુખભાઈ વી. સોલંકી**

## સૂડોકુ -૧૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | ૩ | |
| | ૩ | | ૪ | | | ૮ | | ૫ |
| | | ૭ | ૮ | | | ૯ | | ૬ |
| ૫ | | | ૬ | | | | ૯ | ૨ |
| | ૬ | ૨ | ૯ | | | | | |
| ૪ | | | | | ૩ | ૬ | | |
| ૯ | ૮ | | | ૬ | | | ૫ | |
| | | | | | ૪ | ૭ | | ૯ |
| | ૧ | ૫ | ૩ | ૯ | | | | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૭ | ૮ | ૧ |
| ૭ | ૯ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ |
| ૪ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૨ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૩ | ૪ | ૬ |
| ૬ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ |

## અબતક પંચાગ

**તા.૫-૮-૨૦૨૪ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૫ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | ચૈત્ર વદ બારશ ભાનુપ્રદોષ |
| નક્ષત્ર | ઉત્તરાભાદ્રપદ |
| યોગ | વૈધૃતિ **કરણ:** કૌલવ |
| સુર્યોદય | ૬.૧૪ **સુર્યાસ્ત:** ૭.૧૪ |
| ચંદ્ર રાશી | મીન |
| રાશિ અક્ષર | દ.ચ.ઝ.થ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશાતરફ |
| રાહુકાળ | સવારે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૭ થી ૧.૦૯ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૪-૨૦૨૪ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ભગત નરસિંહ મહેતા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કડાઈ પનીર ભુરજી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ(ડો.દીપા મણિયાર)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા(સ્પર્ધાત્મક પરીક્ષા એ જીવન ની આખરી પરીક્ષા નથી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે. સ્ટોરી (ત.બિસ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ભલાઈ નો જમાનો નથી ભૈલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ કલાકુંભ ( બાળક કલાકાર સાથે સંગીત નું સફર)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ ને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૦:૩૦ જગા બાપા ડાયરો
૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૫-૨૦૨૪ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પ્ર.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસ થાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી (બીરબલ કી સબ્જી)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (બાઘડ બિલ્લા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારશ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રશથાળ (ચન્કી ડ્રેગન પોટેટો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ(ડો. ફાલ્ગુની સુરેલા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા ( વંશ પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (દર્શન પટેલ)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (વોન્ટેડ વરાજા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ ગીત ગુંજાવલી
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૬-૦૫-૨૦૨૪ સોમવાર**
૦૭:૦૦ થી૧૦:૦૦ ભાગવત કથા (પ્ર.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

**તા.૪.૫.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ અગિયારસ, વરૂથિની એકાદશી, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર , ઐંદ્ર યોગ, બવ કરણ આજે સાંજે ૪.૩૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે,ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે,દિવસ માધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે,સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

**મિથુન (ક,છ,ઘ) :** નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય,દિવસ સારો રહે.

**કર્ક (ડ,હ) :** ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો,આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

**સિંહ (મ,ટ) :** લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે,ધાર્યા કામ પાર ના પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**તુલા (ર,ત) :** લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે,પૂજા પાઠથી બળ મળી રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય,જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન (ધ,ભ,ફ,ઢ):** મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય,લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરૂરૂ છે.

**મકર (ખ,જ) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે,સમજી ને ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે,કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.

મીન (દ,ચ,ઝ,થ): તમારી જાતને અંદર થી ઓળખી શકો,આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

તા. ૪-૫-૨૦૨૪, શનિવાર
વર્ષ: ૧૩, અંક : ૪૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

અરમાન એટલાં જ સારાં જ્યાં સ્વાભિમાન વેચવાની જરૂર ન પડે...

**અંતિમ દિવસોમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓનો ઝંઝાવાતી ચુંટણી પ્રચાર**

(વાંચો છેલ્લા પાને)

# ક્ષત્રિયોનો 'વટ' ભાજપના કેટલા 'વોટ' તોડશે?

## ભાજપે પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ્ ન કરતા હવે ક્ષત્રિય સમાજનો વન લાઇન એજન્ડા 'ભાજપ વિરોધી મતદાન'

**અબતક, રાજકોટ**

લોકસભાની આ વખતની ચૂંટણી ગુજરાતમાં કંઇક અલગ જ રંગ બતાવી રહી છે. ચૂંટણી તારીખ જાહેર થઇ તે પૂર્વે જ એવું કહેવાતું હતું કે વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીના હોમસ્ટેટમાં ભાજપે આ વખતે બહું મહેનત કરવી પડશે નહિં પરંતુ ઉમેદવારોના બગડેલા બોલે ભાજપને હાલ મુશ્કેલીમાં મૂકી દીધો છે. ક્ષત્રિય સમાજનો 'વટ' ભાજપના કેટલા 'વોટ' તોડશે તેના પર દેશભરની નજર મંડાયેલી છે.

રાજ્યમાં છેલ્લી બે ચૂંટણીથી લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતતા 'કમળ' સામે આ વખતે ૬ થી ૭ બેઠકો પર મોટો પડકાર ઉભો છે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ રાજા-રજવાડા અંગે કરેલી ટીપ્પણી બાદ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી ફાટી નીકળી છે. ખૂદ રૂપાલાએ આ સંદર્ભે ત્રણવાર માફી માંગી હતી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે પણ બે હાથ જોડીને ક્ષત્રિયોની માફી માંગી હતી. છતા ક્ષત્રિય સમાજ એક બાબત પર અડગ હતો કે ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ્ કરવામાં આવે. સત્તાના નશામાં ભાજપે ક્ષત્રિય સમાજની આ માંગણીને કાને ધરી ન હતી અને રૂપાલાને રાજકોટ બેઠક પરથી યથાવત રાખ્યા છે. હવે દિનપ્રતિદિન ક્ષત્રિય સમાજનો વટ મજબૂત બની રહ્યો છે. વન લાઇન એજન્ડાએ છે કે રાજ્યની તમામ બેઠકો પર ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરોધી મતદાન કરવામાં આવશે. ભાજપનું ડેમેજ કંટ્રોલ સરેઆમ નિષ્ફળ નિવડ્યું

(અનુ. આઠમા પાને)

### ૨૧મી સદીમાં પણ જ્ઞાતિ જાતિનું રાજકારણ ચરમસીમાએ

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ભલે વારંવાર એકવાત કહી રહ્યા હોય કે અમે વિકાસની રાજનીતી અપનાવી છે પરંતુ બીજી તરફ જોવામાં આવે તો ભારતના રાજકારણમાં આજની તારીખે પણ જ્ઞાતિ-જાતિનું રાજકારણ જ સર્વેસર્વા રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્યથી લઇ રાષ્ટ્રપતિ સુધીની ચૂંટણીમાં જ્ઞાતિને વધુ મહત્વ આપવામાં આવે છે. આ વખતે પણ કંઇક આવો જ સીનારીયો જોવા મળ્યો છે. ૨૧મી સદીમાં પણ દેશમાં જ્ઞાતિ આધારિત રાજકારણ ચરમસીમાએ પહોંચી ગયું છે. એક-એક બેઠક પર જ્ઞાતિના સમિકરણોના ચોગઠા ગોઠવી ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે અને વધુ વસતી ધરાવતા સમાજના લોકોને વધુ ટિકિટ આપવામાં આવે છે. જેના કારણે એવી સ્થિતિનું નિર્માણ થાય છે કે લાયક ઉમેદવારને ટિકિટથી વંચિત રહેવું પડે છે. જેની સામે ઓછી લાયકાત ધરાવતા વ્યક્તિને નેતા બનવાની તક મળી જાય છે.

### નેતાઓના બગડેલા બોલ લોકશાહી માટે કલંક સમાન

વોટબેંક જાળવી રાખવા માટે નેતાઓ ગમે તે શબ્દોનો પ્રયોગ કરતા હોય છે. નેતાઓના બગડેલા બોલ લોકશાહી માટે એક કાળા કલંક સમાન છે. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ એવું નિવેદન આપ્યું હતું કે રાજા-રજવાડાઓએ અંગ્રેજો સાથે રોટ-બેટીના વ્યવહાર કર્યા હતાં. જેનાથી ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળતા જ્યારે માફી માંગી ત્યારે પણ બગડેલા બોલ જ વાપર્યા હતા. જેમાં તેઓએ કહ્યું હતું કે ક્ષત્રિયોને માઠું લાગ્યુંએ વિધાન જ્યાં બોલ્યો જે કાર્યક્રમ કોઇ કામનો ન હતો. જ્યારે વિસાવદરમાં ભાજપની સભામાં ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધીને નપુંસક નેતા કહ્યા હતા. જૂનાગઢમાં ભાજપની સભામાં કિરીટ પટેલના બોલ બગડ્યા હતા. તેઓએ એવું નિવેદન આપ્યું હતું કે અગાઉ રાણીની કૂખે લુંલા-લંગડા જે પણ સંતાનો જન્મે તે રાજકુમાર અને રાજા બનતા હતા. લોકશાહીમાં મતપેટીમાંથી રાજા બને છે. પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરૂએ રાહુલ ગાંધીને બીજા ગાંધીજી કહ્યા હતા અને મહાત્મા ગાંધીમાં લૂચ્ચાઇ હતી. રાહુલ ગાંધી તો સાવ નિર્દોષ છે. જ્યારે પરેશ ધાનાણીએ પટેલીયાઓ અને બેચ હરખ પદુડા થઇ ભાજપને જીતાડવા નીકળ્યા છે. તેવું નિવેદન આપ્યું હતું. મનસુખ વસાવાની જીભ પણ લપસી હતી. તેને ચૈતર વસાવાથી

### ડો.ભરત બોઘરાને ક્ષત્રિયોએ ઝાંઝમેરમાં પ્રવેશવા ન દીધા

ભાજપ સામે વટે ચડેલા ક્ષત્રિય સમાજે હવે ભાજપના નેતાઓ સામે પણ બાંયો ચડાવી છે. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા ગઇકાલે ધોરાજીના ઝાંઝમેર ગામે એક ચૂંટણી પ્રચાર કાર્યક્રમમાં ગયા હતા. તેઓ ગામમાં આવી રહ્યા હોવાની વાત જાણવા મળતાની સાથે જ ક્ષત્રિયો સમાજના કેટલાંક આગેવાનો ગામના પાદરમાં પહોંચી ગયા હતા. ડો.બોઘરાની ગાડીને ગામમાં પ્રવેશતા રોકી લેવામાં આવી હતી. વિનંતી કરવા છતાં ગામમાં પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. પરિણામ સ્વરૂપ ડો.બોઘરાને ઝાંઝમેરના પાદરથી પાછું વળી જવાની ફરજ પડી હતી. સૌરાષ્ટ્રના અનેક ગામો અને વિસ્તારોમાં ભાજપના નેતાઓને ચૂંટણી પ્રચાર માટે આવવું નહિં તેવા બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. ભાજપ શાસિત રાજ્યમાં હાલ ભાજપના નેતાઓ માટે અમૂક ગામોમાં નો-એન્ટ્રી જેવો માહોલ બની ગયો છે.

### ડેમેજ કંટ્રોલ કરવામાં નિષ્ફળ રહેલા ભાજપ માટે હવે પાંચ લાખની લીડની વાત એકબાજુ રહી ગઇ: તમામ બેઠકો જીતે તો પણ મોટી વાત

### વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીના હોમસ્ટેટમાં ભાજપ સામે ૬ થી ૭ બેઠકો પર મોટો પડકાર: જામનગરમાં મોદીની સભા કરતા ક્ષત્રિયોના અસ્મિતા સંમેલનમાં વધુ મેદની જોવા મળી: આજે સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજનો સંમેલન

# ખાદ્ય વસ્તુઓ પર ફુગાવાને રોકવા આયાત-નિકાસમાં સરકારની નટચાલ

## ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી સરકાર દેશી ચણાની આયાત ડ્યૂટી ઉપર મુક્તિ આપશે

**અબતક, નવીદિલ્હી**

આગામી દિવસોમાં ભાવ વધવાની શકયતાના પગલે સરકારે ડુંગળી પર ૪૦ ટકા નિકાસ જકાત લાદી છે. આ પહેલીવાર છે જ્યારે ડુંગળી પર નિકાસ ડ્યુટી લાદવામાં આવી છે. સ્થાનિક બજારમાં ડુંગળીનો પુરવઠો વધારવા અને ભાવમાં સ્થિરતા લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. મહત્વની વાત તો એ છે કે ખાદ્ય વસ્તુઓ પર જે ફુગાવો જોવા મળી રહ્યો છે તેને રોકવા માટે સરકાર આયાત અને નિકાસ ઉપર વધુ દયાન કેન્દ્રિત કરી રહી છે અને પરિણામ સ્વરૂપે હાલ મહત્વ ધરાવતી ડુંગળી પર સરકારે નીકાસ ડ્યુટી લાદી છે. સરકાર માટે જરૂરી એ છે કે માંગ અને વિતરણની વ્યવસ્થા।



જળવાઈ રહે તે માટે પૂરવઠો અને માંગ ક્ષેત્રનો વેપાર, રોકાણકારોને કોઈપણ ખરીદી અથવા વેચાણના નિર્ણયો લેવામાં મદદ કરે છે. સરકારે ડુંગળીને પ્રોહિબિટેડ કેટેગરીમાં રાખી દીધી છે પરંતુ સ્થાનિક માંગ અને ખેડૂતોની માંગ ના પગલે અમુક જથ્થા ના નિકાસ માટે સરકારે છૂટ આપી છે અને તેને લઈને જ ડ્યુટીમાં ૪૦% નક્કી કરી છે.

સરકારે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં જારી કરાયેલ બીલ ઓફ એન્ટ્રી દ્વારા આવરી લેવામાં આવતા શિપમેન્ટ માટે પીળા વટાણાની આયાત પરની ડ્યુટી મુક્તિ વધારી છે. એક નોટિફિકેશનમાં નાણા મંત્રાલયે કહ્યું કે ફેરફારો ૪ મેથી લાગુ થશે. ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે, સરકાર ભારતના મિત્ર દેશોમાં શિપમેન્ટની મંજૂરી આપે છે. તેણે યુ.એ.ઇ અને બાંગ્લાદેશમાં ડુંગળીની ચોક્કસ માત્રામાં નિકાસ કરવાની મંજૂરી આપી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ડુંગળી પર ૪૦ ટકા નિકાસ જકાત લાદી હતી.

શનિવારે જારી કરાયેલા એક નોટિફિકેશનમાં નાણા મંત્રાલયે કહ્યું કે નિકાસ ડ્યૂટી તાત્કાલિક અસરથી લાગુ થઈ ગઈ છે અને ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. તાજેતરના સમયમાં ટામેટા બાદ ડુંગળીના ભાવમાં વધારો થયો છે. એક સપ્તાહની અંદર છૂટક ભાવમાં લગભગ ૬૦ ટકાનો વધારો થયો છે. મોટા શહેરોમાં ડુંગળીના ભાવ ૨૫-૩૦ રૂપિયાથી વધીને ૪૦-૪૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. મોટી છૂટક દુકાનોમાં ભાવ ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. ઉપભોક્તા

(અનુ. આઠમા પાને)

### શું કામ એક્સપોર્ટ ડ્યુટી લાદવામાં આવે છે?

મે થી સપ્ટેમ્બર મહિના દરમિયાન ડુંગળીના ભાવ આસમાને જોવા મળતા હોય છે ત્યારે ભાવને કાબુમાં લાવવા અને ઘરેલુ ઉપલબ્ધતા વધારવા માટે સરકાર એક્સપોર્ટ ડ્યુટી લાદે છે. પરિણામ સ્વરૂપે સરકારે ૪૦% નિકાસ ડ્યુટી લાદી હોવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડુંગળીના વધતા ભાવે ભૂતકાળમાં સરકારને પણ ઉથલી છે જેના ઉપરથી એ વાત તો સ્પષ્ટ છે કે ડુંગળીનું આર્થિક અને રાજકીય મહત્વ પણ ખૂબ વધુ છે.

### ઘણી ખરી વખત આયાત પણ કરવી પડે છે ડુંગળી

ડુંગળીના સંઘરાખોરી અને કાળા બજાર રોકવા માટે સ્ટોક મર્યાદા લદાઈ છે. સ્થાનિક પુરવઠાનો જથ્થો સુધારવા તથા દેશમાં ડુંગળીનો પુરવઠો વધે અને એના ભાવ વધે નહિ, એ આયાતનો હેતુ છે.




# અપ્રાકૃત્તિક જાતીય સંબંધની પત્ની ના પાડી શકે નહિ!!

## પતિ દ્વારા પત્ની સાથે અકુદરતી સેક્સ સહિત કોઈપણ જાતીય સંબંધ બળાત્કાર ગણાશે નહીં: મધ્યપ્રદેશ હાઈકોર્ટ

**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં કહ્યું છે કે પતિ દ્વારા તેની પત્ની સાથે અકુદરતી સેકસ સહિત કોઈપણ જાતીય સંબંધ બળાત્કાર ગણાશે નહીં કારણ કે આવા કિસ્સાઓમાં પત્નીની સંમતિ મહત્વની નથી. ભારતમાં 'વૈવાહિક બળાત્કાર'ને અપરાધ તરીકે માન્યતા આપવામાં આવતી નથી તે ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે આ નિર્ણય આપ્યો છે.



ન્યાયાધીશ ગુરપાલ સિંહ આહલુવાલિયાની બેન્ચે જણાવ્યું હતું કે જો કોઈ પત્ની માન્ય લગ્ન દરમિયાન તેના પતિ સાથે રહેતી હોય તો પતિ દ્વારા તેની પોતાની પત્ની કે જેની ઉંમર ૧૫ વર્ષથી ઓછી ન હોય તેની સાથે કોઈપણ જાતીય સંભોગ અથવા જાતીય કૃત્ય કરવામાં આવે તો તે બળાત્કારની શ્રેણીમાં આવશે નહિ. જો કે, હાઈકોર્ટે કહ્યું કે કાયદાની આ સ્થિતિનો એકમાત્ર અપવાદ આઈપીસીની કલમ ૩૭૬બીછે. આમાં ન્યાયિક છૂટાછેડાને કારણે અથવા અલગ રહેતા સમયે પોતાની પત્ની સાથે શારીરિક કૃત્ય બળાત્કાર ગણાશે.

હાઈકોર્ટે કલમ ૩૭૫ના અપવાદ ૨ ને ટાંકીને જણાવ્યું હતું કે, ૧૫ વર્ષથી વધુ ઉંમરની પત્ની સાથે પતિ દ્વારા જાતીય સંભોગ અથવા જાતીય કૃત્યો બળાત્કાર ગણાશે નહીં.

સિંગલ જજ બેન્ચે ટિપ્પણી કરી હતી કે, મહિલાના ગુદામાં શિશ્નનું પ્રવેશ એટલે કે અપ્રાકૃતિક સંબંધ પણ 'બળાત્કાર'ની વ્યાખ્યામાં સામેલ છે પરંતુ જ્યારે પતિ દ્વારા તેની પત્ની (જેની ઉંમર ૧૫ વર્ષથી ઓછી નથી) વિરુદ્ધ કરવામાં આવે છે. કોઈપણ સંભોગ અથવા જાતીય કૃત્ય બળાત્કાર નથી. તેથી આ સંજોગોમાં, અકુદરતી કૃત્ય માટે પત્નીની સંમતિની ગેરહાજરી તેનું મહત્વ ગુમાવે છે.

હાઈકોર્ટે મનીષ સાહુ નામના વ્યક્તિ વિરુદ્ધ તેની પત્ની દ્વારા આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ અકુદરતી સેક્સનો આરોપ લગાવતી એફઆઈઆર રદ કરતી વખતે આ અવલોકનો કર્યા હતા.

ખાસ વાત એ છે કે આઈપીસીની કલમ ૩૭૫ મુજબ, બળાત્કારમાં મહિલા સાથે તેની સંમતિ વિના જાતીય સંભોગ સાથે સંકળાયેલા તમામ પ્રકારના જાતીય હુમલાનો સમાવેશ થાય છે. જો કે, આઈપીસીની કલમ ૩૭૫થી અપવાદ ૨ મુજબ ૧૫ વર્ષથી વધુ ઉંમરના પતિ-પત્ની વચ્ચે જાતીય સંભોગ બળાત્કાર નથી અને આમ આવા કૃત્યોને કાર્યવાહીથી અટકાવવામાં આવે છે.

નોંધનીય છે કે ઓક્ટોબર ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ઈન્ડિપેન્ડન્ટ થોટ વિ. યુનિયન

(અનુ. આઠમા પાને)



તંત્રી લેખ

# ઈ વોટિંગ હવે સમયની માંગ!

ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષો દ્વારા મતદાનની ટકાવારી વધારવાના પ્રયાસો છતાં મતદાનની ટકાવારી ૬૫ ટકાથી વધી રહી નથી. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં મતદાન ૬૦ ટકા સુધી પણ પહોંચતું નથી. એક સમય એવો હતો જ્યારે ૩૦-૩૫ ટકા વોટિંગથી જ સરકારો બની હતી. ૨૦-૨૫ ટકા વોટ મેળવનારી પાર્ટી સત્તામાં આવી. તે સ્પષ્ટ છે કે ઓછું મતદાન એ પરિણામોનું સાચું વિશ્લેષણ હોઈ શકતું નથી. આ બધા કારણોને લીધે હવે ઈ-વોટિંગની ચર્ચાએ વેગ પકડ્યો છે.

મલ્ટી-લેયર સિક્યોરિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને કોડિંગ-ડીકોડિંગ ટેક્નોલોજી દ્વારા ઓનલાઈન વોટિંગનો ઉપયોગ કરી શકાય છે. આપણે નાના સ્તરથી શરૂઆત કરવી પડશે. થોડા સમય પહેલા રીલિઝ થયેલી ફિલ્મ 'ચંગિસ્તાન'માં પ્રથમ વખત ઈ-વોટિંગ દ્વારા પરિવર્તનની સ્ક્રિપ્ટ લખવામાં આવી હતી.

ઘણા નાના દેશોમાં ઓફલાઈન સાથે ઓનલાઈન વોટિંગની સિસ્ટમ છે. ભારતની સરખામણીમાં આ દેશો ભલે ઘણા નાના હોય, પરંતુ ત્યાં વોટિંગ વધારવા માટે લેવામાં આવેલા પગલાની ચોક્કસ નોંધ લઈ શકાય છે. બેલ્જિયમ, સ્વિટ્ઝર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, આર્જેન્ટિના વગેરેમાં ફરજિયાત મતદાનની જોગવાઈ છે. યુરોપના સુંદર દેશ એસ્ટોનિયામાં વર્ષ ૨૦૦૫માં ઓનલાઈન વોટિંગની શરૂઆત થઈ હતી. તેનો ઉપયોગ ૨૦૦૭ની સામાન્ય ચૂંટણીમાં થયો હતો.

ઓસ્ટ્રેલિયાએ પણ ઓનલાઈન વોટિંગનો ઉપયોગ કર્યો છે. ત્યાં આ સિસ્ટમને નામ આપવામાં આવ્યું - આઈવોટ. શરૂઆતમાં ન્યૂ સાઉથ વેલ્સના લોકોને ઓનલાઈન વોટિંગની સુવિધા આપવામાં આવી હતી. હવામાનની અસર, વૃદ્ધોની સંખ્યા, બીમાર અને વિકલાંગ, જે યુવકો શહેરની બહાર ભણવા અને નોકરી કરવા ગયા હોય આ બધા કારણોસર મતદાન ઘટી રહ્યું છે પણ ઈ વોટ ફાયદો કરાવી શકે છે.

ઓનલાઈન વોટિંગના આ ફોર્મેટ પર ભારતમાં અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. ટેકનિકલ સંસ્થાઓ અને નિષ્ણાતો ભારતમાં ઓનલાઈન વોટિંગના ફોર્મેટનો સતત અભ્યાસ કરી રહ્યા છે. ઓનલાઈન વોટિંગ માટે સૌ પ્રથમ મતદાતાએ ચૂંટણી પંચના પોર્ટલ પર લોગઈન કરવું પડશે. આધાર નંબરનો ઉપયોગ યુનિક યુઝર આઈડી તરીકે કરી શકાય છે. મતદાર ઓથેન્ટિકેશન માટે ખૂબ જ મહત્વપૂર્ણ પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રમાણીકરણ ચકાસશે કે વાસ્તવિક વપરાશકર્તા તેના એકાઉન્ટમાં લોગ ઈન કરી રહ્યો છે. જ્યારે આપણે ફક્ત પાસવર્ડ્સ પર આધાર રાખીએ છીએ, ત્યારે તેને સિંગલ ફેક્ટર ઓથેન્ટિકેશન કહેવામાં આવે છે, પરંતુ તે મતદાન માટે પૂરતું સુરક્ષિત નથી. હેકર તમારો પાસવર્ડ તોડી શકે છે અને તમારા એકાઉન્ટમાંથી વોટ આપી શકે છે. આને રોકવા માટે, સિંગલ ફેક્ટરને બદલે મલ્ટિ-ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત અગૂઠો, આઈ સ્કેન સહિતના પુરાવા પણ લઈ શકાય છે.

# ધોરાજી તાલુકા સેવા-સદનના પ્રાંગણમાં વિશાળ રંગોળી થકી અચુક મતદાનનો સંદેશ

## મુલાકાતીઓ માટે વોટફોર નેશન સેલ્ફીબુથ પણ તૈયાર કરાયું

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ માટે ગણતરીના દિવસોમાં મતદાન થનાર છે, ત્યારે મતદાતાઓ ઉત્સાહભેર મતદાન કરે તે માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ પાર્ટીસિપેશન એન્ડ ઈલેક્ટોરાલ પાર્ટીસિપેશન-SVEEP) અંતર્ગત મતદાતા જાગૃતિના અભિયાનને વધુ સઘન બનાવવામાં આવ્યું છે.

૭૫ ધોરાજી વિધાનસભા મતદાર વિભાગ અંતર્ગત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી જયેશ લિખિયાના માર્ગદર્શન હેઠળ વ્યાપક મતદાર મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, જેમાં ધોરાજી તાલુકા સેવા સદન ખાતે વિશાળ રંગોળી તૈયાર કરીને નગરજનોને પોતાના મતાધિકારનો અવશ્ય પ્રયોગ કરવા માટે સંદેશ આપવામાં આવ્યો હતો. કચેરીમાં આવતા નાગરિકોને રંગોળી દ્વારા મતદાન કરીને લોકશાહીમાં ભાગીદાર બનવા માટે પ્રેરણા મળે તે હેતુથી મતદાન તારીખ અને 'મતદાન અવશ્ય કરીએ' લખાણ સાથે દેશનો નકશો અને તિરંગાના રંગોથી સુશોભિત વિશાળ રંગોળી કચેરીના પ્રાંગણમાં તૈયાર કરવામાં આવી હતી. આ સાથે મુલાકાતીઓ માટે 'વોટ ફોર શ્યોર' સેલ્ફી બૂથ પણ તૈયાર કરવામાં આવ્યું હતું.



# અમરેલી: મહીપરએજ પાઈપમાં મહિનાઓથી થઈ રહેલા લીકેઝ રીપેરીંગ કરવા સરપંચની રજૂઆત

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી તાલુકાના દેવળીયા ગામેથી સીમતળમાં પસાર થતી ઈશ્વરિયાથી લાલાવદર, ચકકરગઢ થઈને દેવભુમિ - દેવળીયાથી આંબા કણકોટ-ભેસવડી તરફ જતી મહીપરએજ પાઈપ લાઈન દેવળીયા ગામના ૧. ગૌરીશંકરભાઈ મહેતા કણકોટના રસ્તે ૨. મનસુખભાઈ પોપટભાઈ સાવજ ૩. બાવચંદભાઈ ભગવાનભાઈ સુખડિયા ૪. સુરાભાઈ હીરાભાઈ ભરવાડ તેમજ નનુભાઈ દેવરાજભાઈ ચકરાણીના ખેતરમાંથી છેલ્લા ઘણા મહિનાઓથી સતત પાણીનું લીકેઝ રહે છે.ખેડુતોને આ લીકેઝ કારણે જમીન આસપાસ ખેતી કામ થઈ શકતુ નથી. અવાર નવાર તેઓ તરફથી ગ્રામ પંચાયતને રજુઆત મળતી રહેતી હોય તો આ બાબતે સત્વરે મેન્ટેન્સ કરતી એજન્સીને તાત્કાલિક રિપેર કરવા દેવળીયા ગામના મહિલા સરપંચ ભાવનાબેન સુખડીયાએ પાણીપુરવઠા વિભાગ અમરેલીને રજૂઆત કરી છે.

# ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા ચકલીના માળા, પાણીના કુંડાનું કરાશે નિઃશુલ્ક વિતરણ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા અમેરિકા નિવાસી શીતલબેન કિશોરભાઈ પટેલ અને કિશોરભાઈ ડાયાભાઈ પટેલ ના મુખ્ય અનુદાન થી કાળઝાળ ગરમી માં પક્ષીઓને ઠંડક આપવા માટીના પાણીના કુંડા અને ચકલી ના માળા નું નિઃશુલ્ક વિતરણ તારીખ ૪થી મેં ૨૦૨૪ ને શનિવારે સાંજે ૬-૦૦ થી ૭-૩૦ દરમ્યાન પટેલ બુક સ્ટોર ની બાજુમાં,ટોળીયા ન્યુઝ એજન્સી પાસે સહયોગી દાતા અજયભાઈ બેનાણી, રજનીશભાઈ રાજપરા, બીપીનભાઈ ભટ્ટ, હિતેશભાઈ પંડ્યા ના સહયોગ થી ચકલીના માળા તેમજ પક્ષીઓને પાણી પીવાના માટીના કુંડા નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ સંસ્થા દ્વારા પ્રકૃતિપ્રેમી હિતેશભાઈ દવે,આર. ડી.મહેતા, હિતેશ પંડ્યા,વાય. ડી.ગોહિલ, નીખીલ પેથાણી, ચિરાગ સિંધવ, કરણ પટેલ,આકાશ રાઠોડ, જયદીપ રાઠોડ,ભાવેશ પટેલ, હરેશ સરવૈયા,અને મિત્રો દ્વારા પ્રકૃતિ ની સેવા ના આયોજન નો લાભ લેવા ગોંડલ ના પ્રકૃતિપ્રેમી નગરજનોને અપીલ કરવામાં આવે છે.વહેલા તે પહેલાં ના ધોરણે ૧૫૦૦ થી વધુ ચકલીના માળા અને માટીના પાણીના કુંડા નું નિઃશુલ્ક રૂબરૂ વિતરણ કરવામાં આવશે.આ સેવાયજ્ઞમાં આવવા અપીલ કરવામાં આવી છે.



# ઈડર વડાલીમાં ગટરના તૂટેલા ઢાંકણથી અકસ્માતનો ભય

## પાલિકા તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા જીલ્લામાં વડાલી નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર-૧ માં પ્રજાપતિ ફળિયામાં રોડની વચ્ચે ઘણા સમયથી ગંદા પાણીના નિકાલ માટેની કેનાલ ઉપર આવેલ ઢાંકણ તૂટી જતાં રાહદારીઓને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે ત્યારે આ તૂટી ગયેલા ઢાંકણને લઈ અવારનવાર કેટલાક રાહદારીઓના પગ અંદર ઘૂસી જતા નાની મોટી ઈજાઓ પણ થઈ હોવાની ચર્ચાઓ પણ ઉઠી હતી તો ક્યારેક વાહન ચાલકો પણ આ તૂટેલા ઢાંકણને કારણે અકસ્માત થવાની ભીતી પણ સેવી રહ્યા છે ત્યારે આ અંગે વડાલી નગરપાલિકાના ચીફ ઓફિસરને સ્થાનિકો દ્વારા વારંવાર મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી તે કામ થયું નથી અને અંતે પરિણામ શૂન્ય જોવા મળ્યું છે. તૂટેલા ઢાંકણને લઈ રાહદારીઓ અને વાહનચાલકોની રજૂઆત બાદ પાલિકા તંત્ર એક્શન મોડમાં આવશે કે પછી કોઈ મોટા અકસ્માતની રાહ જોશે તે હવે જોવું રહ્યું.



# ઉના મતદાન જાગૃતિ અભિયાન માટે રંગોળી પુરાય

**અબતક, ઉના**

શ્રી, ઉચ્ચતર માધ્યમિક શાળામાં ચૂટણી પર્વને શાનદાર રીતે ઉજવવા માટે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે અંતર્ગત આચાર્ય એમ.સી. ચૌહાણની આગેવાની હેઠળ રંગોળી સમસ્ત સ્ટાફ સાથે રાખીને દોરવામાં આવી હતી. તેમજ તેમા વોટ ફોર ડેમોક્રેસી - અવસર -૨૦૨૪ લખાણ લખીને ખુલ્લું મુકવામાં આવી હતી. ત્યારબાદ આજુ બાજુ ના મતદારો તથા સ્ટાફ ગણ તથા આચાર્ય સાથે રાખીને બધાને મતદાન કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા.



# ગોંડલમાં કન્યા કેળવણી પ્રવૃતિ માટેના દાતાઓનું કરાશે સન્માન

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ લેઉવા પટેલ કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટ શ્રીમતી જે. એમ. કાછડીયા લેઉવા પટેલ કન્યા છાત્રાલય ના સંયુક્ત ઉપક્રમે તા. ૪/૫/૨૦૨૪ ને શનિવાર ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમાજ અગ્રણી રમેશભાઈ ધડુકના અધ્યક્ષ સ્થાને દાતા સન્માન અને લેઉવા પટેલ સમાજનું સ્નેહમિલન યોજવામાં આવશે આ કાર્યક્રમનો ઉદ્દેશ સમાજના જરૂરિયાતમંદ લોકોની દીકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે આગામી સમયમાં નિર્માણ કરનાર શાળા અને કોલેજનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું ''વિદ્યા શક્તિ '' ભવન કે દાતાઓએ દાતારી બતાવીને સહયોગ કરેલ છે તેનું સમયાંતરે સન્માન કરવું એ સમાજના નાગરિક તરીકે ફરજ છે સાથે સાથે નવી પેઢી શિક્ષિત અને દીક્ષિત બને સમાજમાં એકતાના દર્શન થાય સંગઠન ભાવના મજબૂત બને અને શૈક્ષણિક અને સામાજિક કાર્યનો લક્ષ્યાંક સિદ્ધ થાય એ હેતુથી આ કાર્યક્રમમાં હાજરી આપવા લેઉવા પટેલ કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટના પ્રમુખ વિઠલભાઈ ધડુક અને સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરે છે.

# જસદણ જીઆઈડીસીના તમામ કારીગરોનું અવશ્ય મતદાનનો સંકલ્પ

**અબતક, હિતેષ ગોસાઈ, જસદણ**



લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત રાજકોટ જીલ્લામાં મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો આગામી લોકસભાની ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય તે પ્રકારે મતદાન જાગૃતિ લાવવા માટે રાજકોટ જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા તડામાર કામગીરી કરાઈ રહી છે ત્યારે મતદારોને મતદાન પ્રત્યેની ઉદાસીનતા દુર કરી પોતાના મતની શકિતનું મૂલ્ય સમજીને ઉત્સાહપૂર્વક મતદાન માટે જસદણ જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે આગામી તા.૭ મે ને મંગળવારના રોજ જસદણ જીઆઈડીસી એસોસિએશન હેઠળ આવતાં તમામ કારખાનાઓ સરકારની સુચના અનુસાર બંધ પાળી તમામ માલિકો અને કારીગરવર્ગ મતદાન કરી પોતાની ફરજ બજાવશે.

# અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાની અચુક મતદાનની નાગરિકોને અપીલ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત આગામી તા.૦૭ મે ને મંગળવારના રોજ મતદાન પ્રક્રિયા યોજાશે. અમરેલી જિલ્લાના મતદારોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા માટે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ અનુરોધ કર્યો છે.

મતદાન જાગૃત્તિના એક સંદેશમાં તેમણે જણાવ્યુ કે, અમરેલીના યુવાનો, સિનિયર સિટીઝન્સ, દિવ્યાંગજનો, થર્ડ જેન્ડર અને તમામ મતદારો અગ્રેસર રીતે નીડર અને નિર્ણાયક બની મતદાન કરો. અમરેલી જિલ્લાની સર્વે માતાઓ અને બહેનો ચૂંટણીના મહાપર્વમાં અવશ્ય મતદાન કરો. ભારતીય ચૂંટણીપંચે મતદાન બુથ સુધી ન જઈ શકે તેવા દિવ્યાંગ અને ૮૫ વર્ષથી વધુ વયના વયસ્ક મતદારો માટે ઘરબેઠાં મતદાનની વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત બુથ પર ૮૫ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સ અને દિવ્યાંગ મતદારો માટે રેમ્પ તથા વ્હીલ ચેર અને સ્વયંસેવકોની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌ સાથે મળીને સફળ અને ઉત્તમ લોકશાહીનું નિર્માણ કરવા માટે સંકલ્પબદ્ધ થઈને આગામી લોકસભાની ચૂંટણીમાં આગામી તા.૦૭મી મે, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાનાર લોકશાહીના મહાપર્વમાં અવશ્ય મતદાન કરીએ અને લોકશાહીના આ મહાપર્વને ઉજવીએ.

# જસદણ: કોળી સમાજના આર્થિક, શૈક્ષણિક વિકાસને વેગવાન બનાવવા આગેવાનોની બેઠકમાં થયો પરામર્શ

**અબતક, હિતેશ ગોસાઈ,જસદણ**

જસદણના વિવિધ વિસ્તારોમાં કોળી સેનાના આગેવાનોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જસદણના કમળાપુર રોડ પર આવેલ ધર્મભકિત સોસાયટીના હોલ ખાતે કોળી સેનાની ખાસ મીટીંગ મળી હતી. આ મીટીંગમાં ગુજરાત કોળી સેનાના યુવા પ્રમુખ દિવ્યેશભાઈ પી.સોલંકી, અમરેલીના યુવા આગેવાન ચેતનભાઈ શિયાળ, જુનાગઢ વાડીના પ્રમુખ ભુપતભાઈ ડાભી,તેમજ જસદણ માર્કેટ યાર્ડના ડિરેક્ટર પ્રેમજીભાઈ રાજપરા તેમજ કોળી સમાજના યુવા આગેવાન સંજયભાઈ રાજપરા જસદણ કોળી સેનાના આગેવાન ઘનશ્યામભાઈ સરીયા, જંગવડના આગેવાન બીસુભાઈ, તેમજ જસદણ તાલુકાના વિવિધ ગામોના કોળી સરપંચો સહિતના કોળી સેનાના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને કોળી સેનાના આવેલા મહેમાનો નું ફુલહારથી સ્વાગત કર્યું હતું આ કોળી સેનાની મીટીંગનું




અશોકભાઈ સોલંકી તેમજ માંધાતા ગ્રુપના પ્રમુખ મુકેશભાઈ ભેસજાળીયા તેમજ દેપરાના સરપંચ વિનુભાઈ જસદણ નગર પાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન અને કોળી બીજલભાઈ ભેંસજાળીયા તેમજ અમરશીભાઈ રાઠોડ તેમજ કરણભાઈ યાદવ આયોજન ઘનશ્યામભાઈ સરીયાની આગેવાનીમાં યોજવામાં આવી હતી. આ મીટીંગમાં જસદણ શહેર અને તાલુકાના કોળી સેનાના આગેવાનો જોડાયા હતા. આ કાર્યક્રમ પૂર્ણ આભાર વિધિ જસદણ કોળી સેનાના આગેવાન એવા ઘનશ્યામભાઈ સરિયા એ કરી હતી.

# બાબરામાં ચૂંટણી સંદર્ભે સીઆરપીએફ પોલીસે કર્યું ફલેગ માર્ચ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં સીઆરપીએફ તેમજ બાબરા પોલીસ દ્વારા શહેરમાં તથા ગ્રામ્યમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. ચૂંટણી અંતર્ગત કાયદો-વ્યવસ્થા બાબતે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સી આર પી એફ ની કંપની તથા બાબરા પોલીસ સ્ટેશન ના પોલીસ સ્ટાફ દ્વારા બાબરા સીટી તથા ગ્રામ વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવેલ તથા બાબરા પોલીસ સ્ટેશન દ્વારા કોટડાપીઠા ચેકપોસ્ટ તથા મોટા દેવળીયા ચેકપોસ્ટ ખાતે પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરવામાં આવેલ



## ૧૦૦ ટકા મતદાન માટે ગામ બન્યું મક્કમ

# ઈડરના લાલપુર પંચાયતમાં પરિવારના સંપૂર્ણ મતદાન પર કરવેરામાં ૫૦% રાહત

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

લોકસભાની ચુંટણીમાં સો ટકા મતદાન થાય તે માટે ઈડર તાલુકાની લાલપુર (બ) ગ્રુપ ગ્રામ પંચાયતની મોટી જાહેરાત કરી છે ત્યારે આ અંગે સરપંચ અશોક પટેલ, ઉપ સરપંચ શફી મેમણ,તલાટી મીતરાજસિંહ ચાવડા અને ન્યાય સમિતિના ચેરમેન કમલેશ ચેનવા તેમજ પંચાયતના સદસ્યો દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં લાલપુર,ગુભીરપુરા, સાવગઢ, છાવણી, મોવડા વસાત અને સાબલી વસાહતના ૩૧૦૦ ઘરના પરિવારના મતદાર યાદીમાં સમવિષ્ટ તમામ સભ્યો સો ટકા મતદાન કરે અને ગ્રામ પંચાયત ખાતે પરિવારનો આંગળી પર મતદાનના ચિન્હ વાળો ફોટો બતાવશે તો વર્ષ ૨૦૨૩/૨૪ અથવા વર્ષ ૨૦૨૪/૨૫ માંથી વસુલાતા કરવેરામાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે અને જે તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી લાગુ પડશે. જેનો લાભ લેવા તમામ પરિવારોને સો ટકા મતદાન કરી પંચાયતની આ યોજનાનો લાભ લઈ રાષ્ટ્રના મજબૂત નિર્માણ માટે મત થકી યોગદાન આપે તેવું આહવાન કરી એક મહત્વનો નિર્ણય લીધો હતો.



# અમરેલી: અચુક મતદાન માટે જનજાગૃત્તિ પૂરજોશમાં

## રંગોળી, શપથ અને વેપારી દ્વારા મતદાતાઓને ખાસ વળતર

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી શુભપ્રસંગે કે સપરમા દિવસોમાં ઘરના આંગણમાં કરવામાં આવતી રંગોળી કલા સાથે પર્વનું મહત્વ પણ દર્શાવે છે. બસ તે જ રીતે અમરેલી શહેર અને જિલ્લામાં લોકશાહીનું પર્વ આવી ગયું છે અને તેને વધાવવા માટે ઠેર-ઠેર રંગોળીનું પૂરણ કરી મતદારોને મતદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

બાબરા તાલુકા પંચાયત, બાબરા બસ સ્ટેશન અને નાગરિકોની અવરજવર વધુ રહેતી હોય તેવા વિસ્તારોમાં 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' 'મારો મત મારી તાકાત' ના સંદેશ સાથે તા.૭ મે, ૨૦૨૪ના રોજ અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો. વડીયામાં સ્વચ્છ વડીયા, 'મતદાન એ જ નાગરિકની પહેચાન', '૧૮ વર્ષની ઉંમર કરી લીધી પાર હવે મળ્યા મતાધિકાર' - તા.૭ મે, ૨૦૨૪ના રોજ અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો. બગસરામાં વેપારીઓએ વસ્તુઓ પર 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' તા.૭ મે, ૨૦૨૪ના રોજ અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવવા માટે વસ્તુઓ પર સ્ટીકર્સ લગાડવામાં આવ્યા. વેપારીઓએ વસ્તુઓના વેચાણ સાથે નાગરિકોને મતાધિકારનો સંદેશ આપી મતદાન જાગૃત્તિ અભિયાનમાં પોતાનું યોગદાન નોંધાવ્યું હતું.



# ટંકારા:: બાવળની ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચે જુગારનો દરોડો પાડી રોકડા ૩.૦૧ લાખ જપ્ત કર્યા

**અબતક,ઋષીમહેતા, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી રાજકોટ હાઈવે ટંકારા નજીક આવેલ ખજૂરા હોટલથી આગળ બાવળની ઝાડી નીચે તીનપત્તીનો જુગ રમતા કુલ ત્રણ જુગારીને રોકડા ૩.૦૧ લાખ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન પકડાયેલ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે મળેલ બાતમીબે આધારે ટંકારા નજીક આવેલ ખાજુરા હોટલથી આગળ રોડની જમણી બાજુએ દરોડો પાડતા બાવળની ઝાડી નીચે તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા પ્રકાશભાઈ વશરામભાઈ ફેફર ઉવ.૪૬ રહે.રાજકોટ તીર્થ એપાર્ટમેન્ટ બ્લોક નં.૪૦૨ મુળરહે. હિરાપર તા.ટંકારા જી.મોરબી, કલ્પેશભાઈ ધીરૂભાઈ બરાસરા ઉવ.૩૮ રહે.મોરબી આલાપરોડ કુંજગલી શેરી મુળ રહે.નસીતપર તા.ટંકારા જી.મોરબી તથા પિન્ટુલ કરશનભાઈ કાવર ઉવ.૪૨ રહે.મોરબી રવાપર રોડ દર્પણ સોસાયટી બ્લોક નં.૧૮૨/અ મુળ રહે.નાનાભેલા તા.માળીયા મિં. જી.મોરબીને ઝડપી લેવાયા હતા. મોરબી એલસીબી પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૩,૦૧,૦૦૦/- કબ્જે લઈ પકડાયે ત્રણેય આરોપીઓ સને ટંકારા પોલીસ મથકમાં કેસ દાખલ કરાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર:પુત્રીના અપહરણની આશંકાએ બે યુવકોનું અપહરણ કરી માર માર્યો

## અપહરણકર્તાઓએ યુવકના પરિવારજનોને ફોન કરી ખંડણી માંગી હતી આઠ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક,ઋષીમહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના સરતાનપર નજીક આવેલ ટાઈલ્સ ફેક્ટરીમાં કામ કરતા યુવકના સાળાએ આરોપીની દીકરીનું અપહરણ કર્યું છે. તેવી આશંકાએ યુવક તથા તેની સાથે ટાઈલ્સ ફેક્ટરીમાં કામ કરી રહેલા અન્ય યુવક સહીત બે પરપ્રાંતીય યુવકોનું ઈકો ગાડીમાં આઠ શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારે બંને યુવકોને અપહરણકર્તા મધ્યપ્રદેશ રાજ્યમાં સ્થિત ગામ લઈ જઈ બંધક બનાવી લાકડી, સળીયા તથા ઢીકાપાટુનો બેફામ માર મારી ભોગ બનનારના પરિવાર પાસે ફોનમાં રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. ત્યારે બંધક યુવકે સમયસૂચકતાથી પોતાના મોબાઈલમાંથી મધ્યપ્રદેશ પોલીસને ફોન કરતા પોલીસ દ્વારા બંને યુવકોને અપહરણકારોની ચુંગાલમાંથી છોડાવી લીધા હતા. ત્યારે સમગ્ર બનાવ મામલે પ્રથમ મધ્યપ્રદેશ રાજ્ય પોલીસમાં ત્યાર બાદ બનાવ અંગે ગુજરાત રાજ્યના વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્યારે યુવકની ફરિયાદના આધારે કુલ આઠ આરોપીઓ સામે મારપીટ, અપહરણ, ખંડણીના ગુનાની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર બનાવની માલ માહિતી અનુસાર મૂળ મધ્યપ્રદેશના બડવાની જીલ્લાના નવલપુરા ગામનો વતની હાલ વાંકાનેર તાલુકાના સરતાનપર ગામની સીમમાં આવેલ લેંડગ્રીસ ટાઈલ્સ ફેક્ટરીમાં કામ કરતા વિકાસ ગુડ઼ા બારેલા ઉવ.૨૨ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી (૧)રણજીત દોલા વસુનીયા (૨)સંગ્રામ છગન કટારા રે.આનંદખેડી (૩)લવકુશ રામા મેડા રે.હનુમન્તિયાકાગા (૪) રામકિશન નામાલુમ તથા અન્ય ચાર અજાણ્યા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા.૨૫/૦૩ ના રાત્રીના ૧.૦૦ વાગ્યાના અરસામાં વાંકાને તાલુકાના સરતાનપર ગામ નજીક આવેલ લેંડગ્રીસ સીરામીકના ગેટ પાસે આવી આરોપી રણજીતે ફરિયાદી વિકાસને મોબાઈલમાં ફોન કરી કહ્યું હતું કે તેની દિકરી આશાનું અપહરણ તારા સાળાએ કર્યું હતુ અને તે બંને મળી ગયેલ છે તેમ કહી ફરીયાદી વિકાસને ફોન ફેક્ટરીના ગેઈટ પર બોલાવી વિકાસ તથા તેની સાથે કામ કરતા સોનુ નામના યુવક એમ બંનેને બળજબરીથી એક ઈકો ગાડીમાં બેસાડી આરોપી રણજીત, સંગ્રામ અને લવકુશએ ત્યાંથી અપહરણ કરી લઈ જઈ આગળ જતા આરોપી રામકિશન તથા અન્ય ચાર અજાણ્યા ઈસમો ઈકો ગાડીમાં બેસી એકબીજાને મદદગારી કરી ફરિયાદી વિકાસ તથા સોનુને આરોપી રણજીતના ગામ ધાર જીલ્લાના દોલતપર(એમપી) લઈ જઈ ત્યાં બંને યુવકોને દોરડાથી બાંધી બંધક બનાવી ગેરકાયદેસર અટકાયત કરી રાખી લાકડી, સળીયા તથા ઢીકાપાટુનો બેફામ માર મારી ઈજાઓ કરી હતી. ત્યારે અપહરણકર્તાએ વિકાસના ફોનમાંથી ફોન કરી પરીવાર પાસે પૈસાની માંગણી કરી પૈસા નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, તે દરમિયાન ફરિયાદી વિકાસે અપહરકારોનું ધ્યાન ચૂકવી મધ્યપ્રદેશ પોલીસને ફોન કરી જાણ કરતા મધ્યપ્રદેશ પોલીસ ઘટના સ્થળે પહોંચી બંને યુવકોને મુક્ત કરાવ્યા હતા. ત્યારે બનાવ અંગે મધ્યપ્રદેશ પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં કેસ ટ્રાન્સફર કર્યો હતો ત્યારે વાંકાનેર તાલુકા પોલીસે કુલ આઠ આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૬૫, ૩૪૩, ૩૨૭, ૩૨૩, ૫૦૬, ૩૪ મુજબ ગુન્હો નોંધી તમામ આરોપીઓની અટક કરવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# મોરબી: ચોરાઉ બાઈક સાથે રીઢો તસ્કર ઝડપાયો



**અબતક,ઋષીમહેતા, મોરબી**

મોરબી શહેરના સાવસર પ્લોટ વિસ્તારમાંથી ચોરી કરેલ બાઈક સાથે વાંકાનેરના રીઢા બાઈક ચોર શખ્સને ઝડપી લેવાયો હતો.

મોરબી સીટી વિસ્તારમાં બનતા મિલકત સંબંધી બનતા બનાવો અટકાવવા તેમજ શોધી કાઢવા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાએ માર્ગદર્શન આપેલ હોય તે મુજબ મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હયુમન સોર્સીસના આધારે એ ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરીના મોટરસાયકલ સાથે આરોપી અબ્બાસભાઈ અલ્લારખાભાઈ દલવાણી લાતીપ્લોટ શેરીનં.૨ મા હોવાની હકિકતના આધારે તાત્કાલિક તે સ્થળે જતા જ્યાંથી આરોપી હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ સાથે મળી આવ્યો હતો. ત્યારે મોટરસાયકલના કાગળો અંગે પુછતા તેની પાસે કોઈ કાગળો નહી હોવાનુ જણાવતા પોલીસે પોકેટ કોપ એપ્પથી સર્ચ કરતા આ મોટરસાયકલ મોરબી સાવસર પ્લોટ શેરી નં.૩માંથી ચોરી થયેલ મોટરસાયકલ હોવાનું સામે આવ્યું હતું. જેથી આરોપી અબ્બાસભાઈ અલ્લારખાભાઈ દલવાણી રહે.લાલપર લીંબાળાની ધાર તા.વાંકાનેરની અટક કરી હતી. સીટી એ ડિવિઝન પોલીસે આરોપી પાસેથી સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી. નં. GJ-03-JN-0331 વાળું કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ રીઢો બાઈક ચોર રાજકોટ એ ડિવિઝન પોલીસ મથકના ૨, રાજકોટ તાલુકાના ૧, રાજકોટ ગાંધીગ્રામના ૧ તેમજ વાંકાનેર સીટી પોલીસ મથકના ૧ સહિત ચોરી તથા પ્રોહી. એક્ટ હેઠળના ગુનાનો રીઢો ગુનેગાર હોવાની વિગતો સામે આવી હતી.

# મોરબી: વધુ એક બાઈકની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર વીસીપરા વિસ્તારમાં અમરેલી રોડ ઉપર નરેન્દ્ર ટાઈલ્સની બાજુમાં રહેતા કિરીટભાઈ બાબુભાઈ અગેચણીયા ઉવ.૨૩એ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે કિરીટભાઈએ ગત તા.૧૭/૦૪ ના રોજ મોરબીના ત્રિકોણબાગ નજીક આવેલ યુનિયન બેંક પાસે પોતાની માલીકીનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૩૬-એડી-૫૧૦૮ પાર્ક કર્યું હતું ત્યારે સાંજના ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમ આ મોટરસાયકલની ચોરી કરી લઈ ગયા હતા. ત્યારે કિરીટભાઈ દ્વારા આજુબાજુમાં તપાસ કરતા તેમનું મોટરસાયકલ નહિ મળતા પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ધપાવી છે.

# મોરબી: સ્વામિનારાયણ મંદિરનો સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાશે



**અબતક,ઋષીમહેતા, મોરબી**

મોરબીના દરબારગઢ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં આગામી ૧૭ મે થી ૨૩ મે એમ સાત દિવસ સુધી દિવ્ય સાર્ધ શતાબ્દીની રંગે ચંગે ઉજવણી કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.મોરબી દરબારગઢ સ્વામીનારાયણ મંદિરના ૧૫૦ વર્ષના સાર્ધ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં આગામી ૧૭ મે ૨૦૨૪ થી ૨૩ મે ૨૦૨૪ સુધી મોરબીના એસ.પી. રોડ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેના અનુસંધાને ગઈકાલ તા.૦૩/૦૫ના રોજ ભવ્ય વિજયસ્તંભ સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્યારે મોરબીના દરેક ભક્તિપ્રેમી જનતાને આ દિવ્ય સાર્ધ શતાબ્દી મહોત્સવમાં જોડાવા વિનંતીસહ અપીલ કરવામાં આવી છે.

# મોરબીમાં યુવકના હત્યારાને આજીવન કારાવાસ

## ૨૦૨૧માં યુવકને છરી ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યોતો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૧ માં મોરબીના લીલાપર રોડ ઉપર રહેતા યુવકના ઘરે જઈ છરીના આડેધડ છ થી સાત ઘા મારી યુવકની કરપીણ હત્યા નિપજાવી હતી. જે હત્યાનો કેસ મોરબી સેસન્સ બીજા એડિશનલ કોર્ટમાં ચાલી જતા તમામ આધાર પુરાવા તથા સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ હત્યારા આરોપીને આજીવન કારાવાસ તેમજ રૂપિયા બે લાખના દંડની સજા ફટકારતો આદેશ જારી કરવામાં આવ્યો છે.



હત્યાના કેસની ટૂંક વિગત મુજબ ગત તા.૧૫-૧૦-૨૦૨૧ ના રોજ મોરબીના લીલપર રોડ ઉપર સ્મશાન પાસે રહેતા ઈમરાન ઉમરશા શાહમદાર નામના યુવકે આરોપી સરફરાઝ ફિરોજભાઈ શાહમદાર વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી કે મકરાણીવાસમાં રહેતા ફિરોજનો દીકરો સરફરાજ અવારનવાર ઘરે આવી ફરિયાદીના નાના ભાઈ ઈમરાનને કહેતો હતો કે તારી પત્ની સાહીદા મને ગમે છે મારે તેની સાથે લગ્ન કરવા છે જેથી તું સાહીદા સાથે સંબંધ છોડી દે જેવી વારંવાર ધમકીઓ આપતો હોય જે બાબતે ૧૫/૧૦ ના રાત્રીના સાડા બારેક વાગ્યે આરોપી સરફરાજ ઈમરાનના ઘરે છરી લઈ આવી ઈમરાનને છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી. હત્યા નિપજાવી આરોપી નાસી ગયો હતો જે સમગ્ર બનાવ મામલે મોરબી એ ડીવીઝન પોલીસે હત્યારા આરોપીની અટક કરી તેની સામે ગુનો નોંધી કોર્ટ હવાલે કરાયો હતો.

ઉપરોક્ત હત્યાનો કેસ મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધની કોર્ટમાં ચાલી જતા મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની ધારદાર દલીલો ઉપરાંત ૦૯ મૌખિક અને ૨૬ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી સરફરાઝ ફિરોજભાઈ શાહમદારને કાસુરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારવાની સાથે રૂપિયા ૨ લાખનો દંડ ફટકારી દંડની રકમ મૃતકના વાલી વારસોને કમ્પેશેસન તરીકે ચૂકવવા આદેશ કર્યો હતો.

# મોરબી: બેલા(રંગપર) ગામે બાવળની ઝાડીમાંથી શ્રમિકનો મૃતદેહ મળ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યના આઝમગઢ જીલ્લાના ચાટોપુર ગામના વતની અને હાલ બેલા(રંગપર)નજીક ખોખરા હનુમાન રોડ ઈન્વેન્ટા કારખાનાની મજુર ઓરડીમાં રહેતા શ્રીકાંતરામ ગંગારામ પ્રસાદ ગઈ તા.૦૨ મે ૨૦૨૪ નાં રોજ રાત્રીના ૯.૪૦ના રોજ બેલા(રંગપર) ગામની સીમમાં શંભુ હોમડેકોર સામે કોઈ બીમારી સબબ બાવળની ઝાડીમાં મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હોઈ જેથી તેને તેના પુત્ર રાહુલકુમાર શ્રીકાંતરામ પ્રસાદ દ્વારા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં પીએમ સહિતની તબીબી કાર્યવાહી પૂર્ણ કરી મોરબી તાલુકા પોલીસે અ.મોત રજી. કર આગળની તપાસ ચાલુ કરી છે.

# મોરબી : પુત્રી સાથે પ્રેમસંબંધની શંકાએ પાડોશી યુવકને છરી ઝીંકી

## ધારી : દલખાણીયા ગામે સંતાનોના ઝઘડામાં વાલીઓ બાખડયા

**અબતક, રાજકોટ**

ઉનાળાની કાળઝાળ ગરમી મગજનો પારો ઊંચો ચડ્યો હોય તેમ મારા મારી ના બનાવો વધવા પામ્યા છે ત્યારે સિવિલ હોસ્પિટલમાં વધુ બે મારામાર બનાવ સિવિલ ચોપડે નોંધાયા છે ત્યારે મોરબીના ગણેશનગરમાં રહેતા પાડોશી યુવકને પુત્રી સાથે પ્રેમસંબંધ હોવાની શંકા યુવક પર છરી વડે હુમલો થયાની અને ધારીના દલખાણીયા ગામે બાળકો ડખામાં બે પરિવાર બાખડી પડતાં આધેડ ઘવાતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી ના ગણેશ નગરમાં રહેતા અમિતભાઈ સુરેશભાઈ ઝંઝવાડિયા નામના યુવકને પાડોશી પરિવાર ભરત ડાભી,હેમંત ડાભી અને રાજન ડાભી નામનાં ત્રણ શખ્સોએ યુવકને મારમારતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે . યુવક અમિત ને પાડોશમાં રહેતા હેમંતભાઈ ની પુત્રી સાથે પ્રેમ સંબંધ હોય તેની આશંકાએ યુવક ગત દિવસે લાતી પ્લોટ વિસ્તારમાં હોય ત્યારે હેમંત,ભરત અને રાજન ધસી આવી યુવક પર છરી વડે હુમલો કરતા ઘવાયેલા યુવકને સારવારમાં ખસેડાયા આવ્યા છે.

જ્યારે મારામારીના બીજા બનાવમાં ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા હકાભાઈ નુરાભાઈ વાઘેલા નામના ૫૦ વર્ષીય આધેડને તેમના ભાઈ જેતુ નુરાભાઈ વાઘેલા, ટપુ જેતુ વાઘેલા, શોભા ગલકુ સવજીએ ઢોર માર મારીને ઘાયલ કર્યા છે અને આધેડ એ ફરિયાદની તજવીજ હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં ફરિયાદી અને આરોપીના પુત્રો ગત તા. ૧ ના સાથે ક્રિકેટ રમતા હતા ત્યારે બાળકોને બોલચાલ થતાં તેમાં બંને ભાઈઓના પરિવારો બાખડી પડ્યા હતા.આરોપી જેતુ નુરા વાઘેલા અને તેનો પુત્ર-પુત્રી અને જમાઈ ફરિયાદીના ઘરે આવી ચડ્યા અને તેના પરિવારના સભ્યોને પાઈપ વડે માર મારી ઈજાગ્રસ્ત કર્યા હતા જેમાં ફરિયાદી ગંભીર રીતે ઘવાયા હોવાથી તેમને સારવાર અર્થે પ્રથમ ધારી બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધારી પોલીસને જાણ કરી ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

# વાંકાનેર: તમંચા સાથે યુવક ઝડપાયો

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી એસઓજી ટીમે વાંકાનેરના વીસીપરા ચોક નજીક રોડ ઉપરથી ગેરકાયદેસર રીતે લાયસન્સ કે પરવાના વગરની દેશી હાથ બનાવટના દેશી તમંચા સાથે રાખી જાહેરમાં નીકળેલ આરોપી દીપકભાઈ અશોકભાઈ વાળા ઉવ.૩૧ રહે.વીશીપરા કુલી નગર-૦૧ને પકડી લેવામાં આવ્યો હતો. ત્યારે એસઓજી પોલીસ ટીમે આરોપી પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો નંગ ૧ કિ.રૂ.૫,૦૦૦/- કબ્જે લઈ આરોપી વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ તથા જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: નવી પીપળી ગામે આધેડનો આપઘાત

**અબતક,ઋષી મહેતા,મોરબી**

મોરબી તાલુકાના નવી પીપળી ગામે રહેતા સિધરાજસિહ સુરૂભા ઝાલા ઉવ-૪૯ એ ગઈકાલ તા.૦૩/૦૫ ના રોજ પોતાના ઘરે રાત્રીના કોઈપણ સમયે પોતાની જાતે ગળેફાસો ખાઈ લેતા તેમનું મરણ થયું હતું. ત્યારે સિધરાજસિંહની ડેડ બોડી ચંન્દ્રસિહ નટુભા ઝાલા મો.નં ૯૩૧૬૧-૮૧૦૪૫ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવેલ જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે તેઓને જોઈ તપાસી મૃત જાહેર કરી મૃતદેહના પીએમ સહિતની કામગીરી તથા ઈન્કવેસ્ટ ભરવાની કાર્યવાહી હાથ ધરવા મોરબી તાલુકા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે અકાળે મૃત્યુ અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# ઉપલેટા: વધુ એક શખ્સને પાસાના પીંજરે પુરતા કલેક્ટર

## હાડફોડીના મામદા સંધીને મહેસાણા જેલમાં ધકેલાયો

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

આગામી ચુંટણીને ધ્યાનમાં રાખી જીલ્લા કલેક્ટર દ્વારા અગાઉ માથા ભારે ત્રણ શખ્સોને જેલમાં ધકેલ્યા બાદ ગઈકાલે વધુ એક શખ્સ સામે પાસાની હથીયાર ઉગામી મહેસાણા જેલમાં મોકલી આપ્યો હતો.



હાડફોડી ગામનો સંધી શખ્સ મહમદ અલી સમા ઉર્ફે મામધે અગાઉ ખંડણી, મારામારી, દારૂ, છેતરપીંડી જેવા ગુનામાં સંડોવાયો હોય જેની સામે સ્થાનીક પોલીસ દ્વારા પાસાની દરખાસ્ત જીલ્લા પોલીસ વડાના આદેશથી ગઈકાલે જીલ્લા કલેકટર પ્રણવ જોશી દ્વારા આ પાસાની દરખાસ્ત મજુર કરતા ગત રાત્રે એલસીબી ના પી.આઈ. વી.વી. ઓડેદરા સ્થાનીક પી.આઈ. એલ.આર. ગોહિલ, પીએસઆઈ ડી.જી બડવા, એચ.સી. ગોહિલ, શકિતસિંહ જાડેજા, બાલકૃષ્ણ ત્રિવેદી, જેન્તીભાઈ મકવાણા, કૌશિકભાઈ જોષી, ધર્મેન્દ્ર કછોટ, સત્યપાલ જાડેજા, મહિપતભાઈ, નિર્મલસિંહ જાડેજા સહિત પોલીસ સ્ટાફે ગત રાત્રે આરોપીને ઝડપી મહેસાણાની મધ્યસ્થ જેલમાં ધકેલી દીધો હતો ઉપલેટા પંથકમાં ચાર શખ્સો સામે પાસા ના વોરંટ ઈશ્યુ થતાં ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# અમરેલી જિલ્લા પોલીસવડાનો સપાટો : ૧૭ ગુનેગારોને તડીપાર અને ૧૪ને પાસા તળે ધકેલાયા

## લોકસભા ચૂંટણી અનુંસંધાને માથાભારે શખ્સો અને રીઢા ગુનેગારો વિરુદ્ધ કાર્યવાહી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

લોકસભાની ચુંટણી દરમિયાન અસામાજીક તત્વો લોકોને પરેશાન ન કરે અને મુકત રીતે ચુંટણી યોજી શકાય તે માટે અમરેલી પોલીસ તંત્ર દ્વારા પાસા અને તડીપારની જોગવાઈઓનો ઉપયોગ કરી અત્યાર સુધીમા ૧૪ શખ્સોને પાસામા ધકેલાયા છે. જયારે ૧૭ શખ્સોને તડીપાર કરાયા છે.અમરેલી જિલ્લા પોલીસવડા હિમકરસિંહે અગાઉથી જ આવી પ્રવૃતિ કરનારા તત્વો સામે કાર્યવાહી કરવા સુચના આપી હતી જેને પગલે એલસીબી અને જુદાજુદા પોલીસ મથકોની ટીમ દ્વારા જોખમી ગણાતા ૧૪ શખ્સો સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવામા આવી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા વોરંટ ઈસ્યુ કરાતા તેમની ધરપકડ કરી જુદીજુદી જેલમા ધકેલી દેવાયા હતા.

બરવાળા બાવીશીના નિર્મળ મહેશ વાળા, રાજસ્થળીના દિલીપ મનસુખ પરમાર, સાવરકુંડલાના શિલ્પેશ બાબુ વાળા, ધજડીના સાગર ચતુર સરૈયા, બગસરાના જયદીપ પ્રવિણ કામળીયા અને દીપક ભરત ધાખડા, લોઠપુરના મેહુલ મથુર વાઘેલા સહિત ૧૪ શખ્સોની પાસામા ધરપકડ કરવામા આવી હતી.ઉપરાંત અમરેલીના રફિક વલીભાઈ માંડણીયા, ધર્મેશ જયંતિ બુધેલીયા, દિપક હસમુખ શાહ, લીલીયાના લાલજી ઉર્ફે લાલો છનાભાઈ પરમાર, જાફરાબાદના મંગલસિંહ મેરુભાઈ વાળા, રાજુલાના હરસુર ભરત ધાખડા, સાવરકુંડલાના રોહિત ભીમજી દેત્રોજા, સાવરકુંડલાના પમા મંગા પરમાર, રાજુલાના હરસુર સાર્દુળ વાઘ, હમીર શામજી સાંખટ, વડીયાના વિક્રમ ટપુ વાઘેલા, લાઠીના ગગજી હામા સોહલા, ભોળા મેઘા મેર, ધારીના અમિત વિજયભાઈ સોલંકી, બગસરાના મહેશ ઉર્ફે નાનો બીડું નનકું કહોર, જાફરાબાદના મનુ નાથા મકવાણા અને લાલજી ચોથા સોલંકી સહીત ૧૭ શખ્સોને જિલ્લામાથી તડીપાર કરાયા છે.

# વાંકાનેર: હરીપાર્કમાં પ્રૌઢનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેરના હરીપાર્ક નવાપરામાં રહેતા ૫૭ વર્ષીય વસંતભાઈ વીરજીભાઈ કલોલ એ ગઈકાલ તા.૦૩/૦૫ ના રોજ સવારે ૯.૨૦ પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા વસંતભાઈનું મૃત્યુ નીપજ્યું હતું..

ત્યારે મૃતકની ડેડબોડી વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડોક્ટરે વસંતભાઈને જોઈ તપાસી મૃત જાહેર કરતા વાંકાનેર સીટી પોલીસે અપમૃત્યુ અંગે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

## ‘અસલામત સવારી એસટી અમારી ’??

# સાયલા હાઈવે પર એસટી બસ પલટી જતાં ૬ મુસાફરો ઈજાગ્રસ્ત

## સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા અંબાજી-માંગરોળ રૂટની બસને નડ્યો અકસ્માત : ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર સાયલા હાઈવે પર એસ.ટી બસે પલટી મારતા બસ અચાનક ખેતરમાં ઉતરી ગઈ હતી, તો આ બસ પલટીમાં ૬ થી વધુ મુસાફરોને ઈજા પહોંચતા સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાયા હતા,બસના ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા આ ઘટના બની હતી.



સાયલા હાઈવે પર એસ.ટી બસે પલટી મારતા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા,તો ૬ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાયા હતા,તો ગંભીર રીતે ઈજાગ્રસ્ત ડ્રાઈવર કંડકટર તથા એક મહિલાના રાજકોટ ખાતે સારવાર હેઠળ ખસેડાયા હતા.અકસ્માત થયો તે વખતે બસમાં ૪૦ થી વધુ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા.ઘટનાની જાણ થતા પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

ગઈકાલે અકસ્માતમાં એક્ટિવા પર શિવરાજગઢ ગામે જતી બે બહેનોને પુર ઝડપે આવતી એસટી બસના ચાલકે સાઈડમાંથી અડફેટે લેતા એક્ટિવામાં પાછળ બેઠેલ મહિલાના પડખામાં કોઈ ધારદાર વસ્તુ લાગતા ગંભીર ઈજા થતાં તેમનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી એસ.ટી. બસ મુકી નાશી છુટેલા ચાલકની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ગત ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મોરબી ખાતે એસટી બસ પલટી જતાં ૧૦ મુસાફરોને ઈજા થઈ હતી. રાજ્યમાં માર્ગ અકસ્માતનો કિસ્સો યથવાત છે. મોરબી- સંતરામપુર-ઝાલોદ રુટની એસટી બસને ભયંકર અકસ્માત નડયો હતો. હળવદના કોયબા ગામના પાટીયા નજીક એસટી બસનો અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને બસ વચ્ચે ટક્કર થતાં બસ પલ્ટી મારી ગઈ હતી. ૧૬ જેટલા મુસાફર ભરેલી એસટી બસ પલટી જતા ૧૦ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા થઈ હતી.

ઉપરાંત રાજકોટ એસટી બસ સ્ટેન્ડ પાસે ભયંકર અકસ્માત સર્જાયો હતા. આ અકસ્માતમાં એક વિધાર્થીએ જીવ ગુમાવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે આ વિધાર્થી રાજકોટથી દ્વારકા જઈ રહ્યો હતો. તો એવામાં જલ્દીથી બસ પકડવાની ઉતાવળમાં તે બે બસ વચ્ચેથી નિકળવા જતા રિવર્સ આવતી બસની નીચે આવી ગયો હતો. બે એટી બસ વચ્ચે ચગદાઈ જતા બ્રિજેશ સોલંકી નામના વિધાર્થીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતુ.

# ‘મોતનો પ્યાલો’ : વડોદરામાં શેરડીનો રસ પીધા બાદ બે લોકોના મોતથી ખળભળાટ

## રસનો ચિચોડો ચલાવનારની પત્ની અને પિતા જ મોતને ભેંટ્યા : પુત્ર અને પોતે પણ સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં દાખલ

**અબતક, રાજકોટ**

વડોદરાના તરસાલી વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં બુધવારની મોડી રાત્રે શેરડીનો રસ પીધા બાદ બે લોકોના મોત થયા હતા. જોકે આ કિસ્સો શુક્રવારે સામે આવ્યો હતો. પરિવારજનોએ પોલીસને જાણ કર્યા વગર જ બન્નેના અંતિમ સંસ્કાર કરી નાખ્યા હતા. શેરડીના રસનો ચિચોડો ચલાવનાર આધેડની જ પત્ની અને પિતાના મોત થયા છે જ્યારે આધેડનો ૨૪ વર્ષનો પુત્ર ગંભીર છે અને આઈસીયુમાં દાખલ છે. આધેડ પોતે પણ સારવાર માટે એસએસજીમાં દાખલ થયો અને પોલીસ તપાસ માટે આવી ત્યારે સમગ્ર હકિકત સપાટી પર આવી એટલે પોલીસ પણ હવે આ કેસમાં ગોથે ચઢી છે.

મકરપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એન પરમારે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે તરસાલી વિસ્તારમાં નંદનવન સોસાયટી પાસે શેરડીના રસનો ચિચોડો ચલાવતો ૫૨ વર્ષનો ચેતન સોની એસએસજીમાં સારવાર માટે દાખલ થયો છે. તેને ઝેરની અસર હોવાનું માલુમ થતાં પોલીસ તપાસ અર્થે પહોંચી હતી ત્યારે ચેતન સોનીએ એવી કેફિયત રજૂ કરી તે શેરડીના રસનો ચિચોડો ચલાવે છે અને બુધવારે મોડી રાત્રે તેના પરિવાજનોએ રસ પીધા બાદ તબીયત લથડી હતી જેમાં તેની પત્ની બિંદુ અને પિતા મનહરભાઈનું ઘરમાં જ મોત થયુ હતું. જ્યારે ૨૪ વર્ષનો પુત્ર આકાશ એસએસજી હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ છે.

આ ઘટના બાદ ચેતન અને અન્ય પરિવાજનોએ પત્ની અને પિતાના અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા જે બાદ ચેતન પોતે પણ એસએસજી હોસ્પિટલમા દાખલ થઈ ગયો છે. પોલીસને હવે આ આખી થિયરી શંકાસ્પદ લાગી રહી છે. આ ઘટના હત્યાની છે, સામૂહિક આપઘાતની છે કે ફુડ પોઈઝનિંગની છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. ગત મોડી રાત્રે મકરપુરા પોલીસ નંદનવન સોસાયટી ખાતે દોડી ગઈ હતી અને ઘટના સંદર્ભે પુરાવા એકઠા કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.શેરડીનો રસ પીધા બાદ બેના મોતની ઘટના અંગે તપાસ કરી રહેલ મકરપુરા પી.આઈ. જે.એન. પરમારે કહ્યું હતું કે આ ઘટના શંકાસ્પદ લાગતા અમે ઊંડાણથી તપાસ કરી રહ્યા છે. હાલમાં એવી માહિતી મળી છે કે શેરડીના રસમાં પોટેશિયમ સાઈનાઈડની ગોળી ભેળવવામાં આવી હતી જેના કારણે રસ પીધા બાદ ઝેરી અસર થઈ છે.

# ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં સર્વિસ ગનથી જવાનનો આપઘાત

## બેથી વધુ રાઉન્ડ ફાયરિંગ કરી જીવનલીલા સંકેલી : આપઘાત પાછળ ઘર કંકાસ જવાબદાર હોવાનું પ્રાથમિક અનુમાન

**અબતક, રાજકોટ**

ભરૂચમાં પોલીસ હેડકવાર્ટરમાં પોલીસકર્મીએ પોતાની સર્વિસ ગનથી બે રાઉન્ડ ફાયરિંગ કરીને જીવનલીલા સંકેલી લેવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ જવાનના આપઘાત પાછળ ઘરેલુ કંકાસ હોવાનું મનાઈ રહ્યું છે, જોકે સાચું કારણ પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભરૂચ પોલીસમાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કિરીટભાઈ વાલાભાઈ વણકરે પોતાની સર્વિસ ગનથી ત્રણ રાઉન્ડમાં ફાયરિંગ કરી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. કિરીટભાઈ વણકર ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં ક્યુઆરટી વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આજે બપોરના સમયે તેમને અને તેમની પત્ની વચ્ચે દાંપત્યજીવનને લઈને તકરાર થતા મામલો ગરમાયો હતો, તેમની પત્ની ઘરેથી નીકળી જતાં રોષે ભરાયેલા કિરીટભાઈએ પોતાની સર્વિસ ગનથી ફાયરિંગ કરી જીવનલીલા સંકેલી લેતાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સહિત એફએસએલ સહિતની ટીમોએ સ્થળ પર દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનામાં બેથી વધુ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો અંદાજ છે. બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# સાધુ વેશ ધારણ કરી ભુવાપણું કરતા ગાંભોઈના શખ્સને એસ.ઓ.જી.એ દબોચી લીધો

## ડાકોરની સગીરાને ભગાડી જનાર વોન્ટેડ ભુવો ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

એસઓજીની ટીમે નવતર પ્રયોગ કરી પોકશોના ગુનામાં ફરાર ઈનામી આરોપીને રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં આરોપી ભુવાપણું કરતા હોવાનું ધ્યાને આવતા પોલીસે અલગ અલગ સ્થળે રહેતા ૨૭ જેટલા ભુવાનો સંપર્ક કરી ગાંભોઈના આરોપીનો સંપર્ક કર્યો હતો જે બાદ પોલીસે સાધુવેશ ધારણ કરી આરોપીને ઝડપી પાડ્યો હતો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે રહેતા અજમલસિંહ ઉર્ફે અજય મકવાણા (ઠાકોર) ડાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી સગીરાને વર્ષ ૨૦૨૩ માં ભગાડી જતા આ અંગે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી બીજી તરફ અજમલ ઉર્ફે અજયની કોઈ ભાળ ન મળતા પરિવારજનોએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતા પોલીસે અજમલ ઉર્ફે અજય પર રૂપિયા ૧૦ હજારનું ઈનામ જાહેર કર્યું હતું જેને લઈને જિલ્લા એસ.ઓ.જી એ તે દિશામાં તપાસ હાથ ધરી હતી જેમાં અજમલ ઉર્ફે અજય ભુવાપણું કરતા હોવાનો ધ્યાને આવ્યું હતું ત્યારબાદ પોલીસે અલગ અલગ ૨૭ જેટલા ભુવાનો સંપર્ક કરી અજમલનો સંપર્ક કર્યો હતો જેમાં અજમલને પોલીસે કહ્યું હતુ કે અમારે જોડાવું છે માટે તમે ક્યાં મળશો જેથી અજમલે ઉર્ફે અજયએ ગાંધીનગર અંગૂઠલા ગામે બોલાવ્યા હતા ત્યારબાદ પોલીસે સાધુ વેશ ધારણ કરીને અજમલ ઉર્ફે અજયને રંગે હાથ ઝડપી પાડ્યો હતો અને પોલીસે આગળની વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# લીંબડી નજીક સિમેન્ટના ગોળામાંથી રૂ. ૨૫ લાખનો દારૂ-બિયર ઝડપાયો

## એલસીબીએ દરોડો પાડી ૧૦૯૦૧ બોટલ દારૂ અને ૩૫૦૯ બિયરના ટીન અને વાહન મળી રૂ. ૩૭.૩૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો

## રાજસ્થાનથી લાવ્યાની અને સૌરાષ્ટ્રના સેન્ટરમાં પહોચડવાના બાડમેરના શખ્સની કબુલાત

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમાન ઝાલાવડ પંથકના લીંબડી નજીક બલ્કટમાં છૂપાયેલો રૂ. ૨૫ લાખનલ કિંમતની નાની મોટી ૧૦૯૦૧ બોટલ દારૂ અને ૩૫૦૯ બીયરના ટીન સાથે વાહનના ચાલકની ધરપકડ કરી છે. એલસીબીએ દારૂ-બીયર, વાહન અને રોકડા મળી રૂ. ૩૭.૩૯ લાખનો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ લોકસભાની ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને દારૂબંધીનો કડક અમલ કરવા એસ.પી. ડો. ગીરીશ પંડયાએ આપેલી સુચનાને પગલે એલ.સી.બી.ના પી.આઈ. ઈન્ચાર્જ પી.આઈ. બી.એલ. રાયજાદા સહિત સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. ત્યારે લીંબડી નજીક વાહન ચેકીંગ દરમ્યાન સિમેન્ટના ટાંકા



(બલ્કર)માં વિદેશી દારૂ આવી રહ્યાની મળેલી બાતમીના આધારે એ.એસ.આઈ. આર.જી. ઝાલા અને એમ.આર. રાજપરા સહિતના સ્ટાફ વોંચ ગોઠવી હતી. ત્યારે શંકાસ્પદ હાલતમાં આવી રહેલા વાહનને અટકાવ્યું હતું.સિમેન્ટના ટાંકામાં તલાસી લેતા રૂ. ૨૫ લાખની કિંમતનો ૧૦૯૦૧ બોટલ વિદેશી દારૂ અને ૩૫૦૯ નંગ બીયર સાથે બાડમેરના દાલુરામ ભુરારામ મેસારામ સીયાગ નામના શખ્સની ધરપકડ કરી હતી. એલસીબીએ દારૂ-બીયર, વાહન, રોકડા અને મોબાઈલ મળી રૂ. ૩૭.૩૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલા શખ્સની પ્રાથમિક તપાસમાં આ દારૂનો રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવામાં આવ્યો છે. અને સૌરાષ્ટ્ર સેન્ટરમાં પહોચાડવાનું હોવાની કબુલાત આવતા મુળ સુધી પહોચવા તપાસનો ધમધમાટ આદર્યો છે.

# થાનઃ ભત્રીજીને હેરાન કરનાર શખ્સોને ટપારતા કાકાને ઢીબી નાખ્યા

## ત્રણ શખસો યુવકને મારમારતા ત્રણ સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

થાનગઢના કાનપર ગામે રામાપીરના માંડવામાં ગયેલી ભત્રીજીને પાડોશી ગામના ત્રણ શખસો હેરાન કરતા હોવાથી આરોપી શખસોને ટપાર વાઘેલા કાકા ને અમરાપર ગામના ત્રણ શખસો ધારિયા અને લોખંડના પાઈપથી હુમલો કરતા કાકાને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. થાનગઢ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની હાથ ધરી છે.

બનાવની પ્રાકૃત મુજબ થાનગઢમાં રહેતા ચંદુભાઈ મનાભાઈ મીઠાપરાએ અમરાપર ગામે રહેતા સુરજ, કાળુ અને દેવા નામના શખ્સ સામે થાનગઢ પોલીસ મથકે મારા મારી કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.જેમાં તેણે જણાવ્યું છે કે આ બનાવ બનવાનુ કારણ એ છે કે ગઈ નવરાત્રીમાં અમરાપર ગામે રહેતા સુરજભાઈ ભુપતભાઈ વાઘેલા નવાગામ આવી તેના ભાઈની દીકરી કાજલને હેરાન કરતો હોય મોટાભાઈ સનાભાઈએ સુરજને ઠપકો આપેલો હતો તે બાબત નુ મન દુખ ચાલ્યું આવતું હતું.તેથી ગત દિવસે કાનપર ગામે રામાપીર નો માંડવો હતો ત્યાં તેની ભત્રીજી કાજલ અને ભત્રીજો ધાર્મિક પ્રસંગમાં ગયા હતા ત્યારે આરોપી સૂરજ , કાળુ અને દેવા ભત્રીજી કાજલનો પીછો કરી હેરાન કરતા હોવાથી તેને સમજાવવા ગયેલા હતા ત્યારે ત્રણેય શખસોએ લોખંડના પાઈપ તથા ધારીયાવડે ફરિયાદીના માથાના ભાગે ગંભીર ઈજા કરી માર મારતા યુવક ઘવાયા હતા જેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા છે બનાવની જાણ થાન પોલીસ સટફને થતાં સિવિલ હોસ્પિટલમાં દોડી આવી અમરાપરના સુરજ ,દેવા અને કાળુ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનાર : રીક્ષા પલટી જતા આધેડનું મોત

## ખારડીયા ગામના પ્રોઢનું અકસ્માતમા મોત નીપજતાં પરિવારમાં શોક

**અબતક,રાજકોટ**

કોડીનાર તાલુકાના ખારડીયા ગામે રહેતા આધેડ રીક્ષા હંકારીને જતા હતા ત્યારે વિઠ્ઠલપરથી સેઠીયા ગામ વચ્ચે તેમની રીક્ષા પલટી મારી જતા આધેડ ગંભીર રીતે ઘવાયા હતાં.જેથી તેમને સારવાર માટે પ્રથમ કોડીનાર બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતાં,જ્યાં ચાલુ સારવારમાં આધેડનું મોત નીપજતાં પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.પોલીસ માંથી પ્રાપ્ત વિગત મુજબ, કોડીનાર તાલુકાના ખરાડીયા ગામે રહેતા એભલભાઈ લક્ષ્મણભાઈ ગોહેલ નામના ૪૬ વર્ષીય આધેડ ગત તા.૧ મે ના રોજ રીક્ષા લઈને જતા હતા,ત્યારે સાંજના સમયે વિઠ્ઠલપરથી સોઠીયા ગામ વચ્ચે રીક્ષા પલટી જતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતાં.જેથી તેમને પ્રથમ કોડીનાર બાદમાં વધુ સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.જેમનું હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાગળની કાર્યવાહી કરી સ્થાનિક પોલીસને જાણ કરી છે.પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

# બગસરાઃ ખાનગી બસ પલટી ખાતા ડ્રાઈવરનો ચમત્કારી બચાવા

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા અમરેલી બાયપાસ પાસે ખાનગી બસ પલટી ખાતા ડ્રાઈવર નો ચમત્કારી બચાવો થયો છે મળતી વિગત મુજબ બગસરા ની શિવ શક્તિ ટ્રાવેલ્સ બગસરા થી અમદાવાદ રોજિંદા રૂટ માટે જતી હોય ત્યારે અમરેલી બાયપાસ પાસે મોટો પથ્થર આવી જતા ગાડી પલટી મારી ગઈ હતી અને ડ્રાઈવર નો ચમત્કારી બચાવો થયો હતો સદ્દન નસીબે આ બસ સંપૂર્ણ રીતે ખાલી હતી અંદર કોઈ બેઠેલ ન હતું.




# ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



# સ્વ. ટીડાભાઈ જીણાભાઈ મકવાણા

સ્વ.તા. ૪-૫-૨૦૨૧, (ઉ.વ.૯૦)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि।

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જવળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે,
દેવતુલ્ય આત્માને સદગતિ આપજો, જન્મોજન્મના પ્રભુ ઋણી અમે.

ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા
સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા
રમેશભાઈ ટીડાભાઈ મકવાણા
જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા
જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા
નિલેશભાઈ કનુભાઈ મકવાણા
દર્શ જયંતિભાઈ ચોલેરા

અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા
ક્રિશ જીતેન્દ્રભાઈ મકવાણા
મીત જયંતિભાઈ ચોલેરા
રાજ નિલેશભાઈ મકવાણા
મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

- મે. સમજુ ટ્રેક્ટર્સ
- ઓમ પાર્ટી લોન્સ
- ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
- ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE

# જામકંડોરણાઃ બિમારીથી કંટાળી વૃધ્ધ દંપત્તિનો સજોડે આપઘાત


## ગોંડલના નવાગામના વૃધ્ધે ગૃહ કલેશથી કંટાળી ઝેર પી જીવન ટુંકાવ્યુંઃ શાપર-વેરાવળની પરિણીતાનો અગમ્ય કારણસર કુવો પૂર્યો

**અબતક,રાજકોટ**

લોકોની ભાગદોડ વાળી જીંદગી અને દિવસને દિવસે ભાંગતી જતી કુટુંબ વ્યવસ્થાને કારણે યુવાનો અને વૃધ્ધો એકલતાના લીધે મૂલ્યવાન જીદગીને ક્ષણભરમાં મોતના મુખમાં ધકેલી દે છે. રાજકોટ જિલ્લામાં ત્રણ સ્થળે દંપતિ સહિત ચાર લોકોએ આપઘાત કર્યો છે. જેમાં જામકંડોરણા ગામે બિમારીથી કંટાળી વૃધ્ધ દંપતિએ ફાંસો ખાઈ, ગોંડલ તાલુકાના નવાગામના વૃધ્ધે ગૃહ કલેશથી ઝેરી દવા પી અને શાપર-વેરાવળની પરિણીતાએ કુવામાં ઝંપલાવી જીવન ટુંકાવી લીધું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જામકંડોરણા ગામે લેઉવા પટેલ સમાજ સામે તળાવ પ્લોટ વિસ્તારમાં રહેતા છગનભાઈ નારદભાઈ રાદડીયા નામના ૭૨ વર્ષિય વૃધ્ધ અને તેના પત્ની લીલાબેન છગનભાઈ રાદડીયા નામના ૭૦ વર્ષિય વૃધ્ધાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધાની જાણ સ્થાનિક પોલીસને થતા દોડી ગયા હતા. પોલીસે વૃધ્ધ દંપતિને ઉતરી હોસ્પિટલે ખસેડી જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક દંપતિને સંતાનમાં બે પુત્રો છે. જેમાં મોટો પુત્ર રાજકોટ અને નાના પુત્ર માતા પિતા સાથે રહી ખેતી કામ કરે છે.

પ્રાથમિક તપાસમાં છગનભાઈ ઘણા સમયથી શ્વાસની બિમારીથી અને લીલાબેનને કેન્સરની બિમારીથી કંટાળી આ

પગલુ ભરી લીધાનું ખૂલ્યું છે. પોલીસે કાગળો કરી વિશેષ તપાસ હાથ ધરી છે.

ગોંડલ તાલુકાના નવાગામે રહેતા રવજીભાઈ રામજીભાઈ ભુવા નામના ૭૪ વર્ષિય વૃધ્ધએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ પોલીસને થતા દોડી જઈ પ્રાથમિક તપાસમાં પુત્રવધુના માવતર સુરત રહેતા હોવાથી દંપતિને જવા હોવાથી પુત્રને પિતા સાથે બોલાચાલી થતા જેમાં લાગી આવતા ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું છે.

શાપર-વેરાવળ નજીક પારડી ગામે રહેતા જેમીનીબેન વિરાજભાઈ પટેલ નામની ૨૭ વર્ષિય પરિણીતાએ કુવામાં ઝંપલાવ્યું હતુ.

આ બનાવની જાણ આસપાસના લોકોને થતા તરવૈયાઓ કુવામાંથી બહાર કાઢી હતી સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા જયાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં મઅતક જેમીનીબેનના છ વર્ષ પહેલા લગ્ન થયા હતા. પતિ કારખાનામાં નોકરી કરે છે. છ વર્ષના લગ્ન જીવન દરમિયાન સંતાન પ્રાપ્તી નથી જેમીનીએ સાસુને કહયું કે હમણા આવું છું તેમ કહી ઘરે નીકળી હતી. લાંબા સમય સુધી પુત્રવધુ ન આવતા પુત્રને જાણ થતા શોધવા નીકળી હતી.

ત્યારે પત્ની કુવાનાં કાંઠે બેઠી હતી. ત્યારે પતિને જોઈ જતા પત્નીએ કુવામાં મોતની છલાંગ લગાવી હતી.

# ઘરેલુ હિંસામાં કલમ ૪૯૮નો ઉપયોગ બંધ કરવાનો સમય પાકી ગયો : સુપ્રીમ


## પતિ અને સાસરિયાઓને હેરાન કરવાના ઉદેશ્ય સાથે ઘરેલુ હિંસાની કલમનો થતાં ગેરઉપયોગ બાબતે સર્વોચ્ચ અદાલત ચિંતિત

**અબતક, રાજકોટ**

પત્ની દ્વારા પતિ અને સાસરિયાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એના દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે શુક્રવારેએ સંસદને સૂચન કર્યું છે કે, ભારતીય ન્યાય સંહિતામાં જરૂરી ફેરફાર લાવવો જરૂરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, ન્યાય સંહિતાની કલમ ૮૫ અને ૮૬માં આઈપીસીની કલમ ૪૯૮એ જેવી જોગવાઈઓ છે.

અમે સંસદને વિનંતી કરીએ છીએ કે તે વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લઈને ઉપરોક્ત મુદ્દા પર ધ્યાન આપે અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ના અનુક્રમે કલમ ૮૫ અને ૮૬ માં નવી જોગવાઈઓ અમલમાં આવે તે પહેલાં જરૂરી ફેરફારો કરવા વિચાર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટની આ બેન્ચમાં જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાનો સમાવેશ થાય છે.

કોર્ટે નોંધ્યું હતું કે બીએનએસમાં નવી જોગવાઈઓનું લખાણ આઈપીસીની કલમ ૪૯૮એના શબ્દશઃ પુનઃલખાણ સિવાય કંઈ નથી. સિવાય કે આઈપીસીની કલમ ૪૯૮એની સમજૂતી હવે એક અલગ જોગવાઈ દ્વારા એટલે કે, ભારતીય ન્યાય



સંહિતા, ૨૦૨૩ની કલમ ૮૬ છે.

ઉપરાંત પ્રીતિ ગુપ્તા વિ. ઝારખંડ રાજ્ય (૨૦૧૦)ના કેસમાં કોર્ટે કલમ ૪૯૮એ ફરિયાદોમાં ઘટનાઓના અતિશયોકિતપૂર્ણ સંસ્કરણના પ્રતિબિંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જોગવાઈમાં ફેરફાર કરવા માટે વિધાનસભાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ યોગ્ય સમય છે કે વિધાનસભાએ વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવી જોઈએ અને વર્તમાન કાયદામાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ. વિધાનમંડળ માટે માહિતગાર જાહેર અભિપ્રાય અને વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવું અને કાયદાની સંબંધિત જોગવાઈઓમાં જરૂરી ફેરફારો કરવા આવશ્યક છે. તેવું કોર્ટે પ્રીતિ ગુપ્તાના કેસમાં જણાવ્યું હતું.

પ્રીતિ ગુપ્તાના કેસનો સંદર્ભ લેતા જસ્ટિસ જે બી પારડીવાલાએ લખેલા ચુકાદાએ સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીને નિર્દેશ આપ્યો હતો કે ચુકાદાની નકલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને કેન્દ્રીય કાયદા અને ન્યાય પ્રધાન સમક્ષ મૂકવામાં આવે.

અમે રજિસ્ટ્રીને આ દરેક ચુકાદાની એક એક નકલ કેન્દ્રીય કાયદા સચિવ અને કેન્દ્રીય ગૃહ સચિવને અને ભારત સરકારને મોકલવાનો નિર્દેશ આપીએ છીએ, જેઓ તેને કાયદા અને ન્યાય મંત્રી તેમજ માનનીય મંત્રી સમક્ષ મૂકી શકે છે. મૂળ મામલાની જો વાત કરવામાં આવે તો પતિ દ્વારા પત્ની સામે ક્રૂરતા દર્શાવીને છૂટાછેડાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. છૂટાછેડાના કેસના જવાબમાં પત્ની દ્વારા પતિ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૨૩, ૪૦૬, ૪૯૮એ અને ૫૦૬ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

હાઈકોર્ટે સીઆરપીસીની કલમ ૪૮૨ હેઠળ તેની આંતરિક શક્તિઓનો ઉપયોગ ન કરીને પતિ સામેના ફોજદારી કેસને રદ કરવાનો ઈનકાર કર્યો હતો.

આઈપીસીની કલમ ૪૯૮એ માંથી ઉદ્ભવતા ફોજદારી કેસને રદ કરવાનો ઈન્કાર કરતા હાઈકોર્ટના નિર્ણય સામે પતિએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

શરૂઆતમાં કોર્ટે અવલોકન કર્યું હતું કે એફઆઈઆરને સંપૂર્ણ રીતે વાંચ્યા પછી જો એવું જણાય છે કે ફોજદારી કાર્યવાહી માત્ર આરોપીને હેરાન કરવાના હેતુથી શરૂ કરવામાં આવી હતી તો તે હાઈકોર્ટની ફરજ છે કે તેઓ તેમની કાર્યવાહી કરે અને સીઆરપીસીની કલમ ૪૮૨ હેઠળ અંતર્ગત સત્તાઓ આવી ફોજદારી કાર્યવાહીને રદ કરવા કાર્યવાહી શરૂ કરવામાં આવે.

# શાપર-વેરાવળઃ હોટલ સંચાલકને દોઢ લાખનો ચુનો ચોપડતા ગઠીયા

## ૨૫ દિવસ સુધી ખાધુ-પીધુ અને મફત રોકાણ કરી બેલડી છનન

**અબતક, રાજકોટ**

રાજકોટની સાપર વેરાવળની લોર્ડ્સ હોટેલ ખાતે બે મિત્રોએ ૨૫ દિવસના રોકાણ,જમવાનું અને નાસ્તાનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪/- ચૂકવ્યા વગર નાશી છુટ્યા હોવાથી બંને શખ્સો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી પોલીસે શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના સાપર વેરાવળ ખાતે લોર્ડ્સ હોટલના મેનેજર મોહિતકુમાર તેજનારાયણ ઠાકોર નામના ૨૨ વર્ષીય યુવકે ભાર્ગવ રમેશ ગઢવી અને સાહિલ રમેશ પરમાર નામના બે શખ્સોએ હોટેલમાં રોકાણ કરી જમવાનું તથા નાસ્તાનું બિલ ન ચૂકવ્યું હોય,જેનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪ /- હોય, જેથી બંને શખ્સો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાવી સાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા. ૧ એપ્રિલના રોજ આરોપી ભાર્ગવ રમેશ ગઢવી અને સાહિલ રમેશ પરમાર લોર્ડ્સ હોટેલમાં આવેલા હોય અને એક દિવસનું એક વ્યક્તિના રોકાણનું ભાડું રૂ. ૨૮૦૦ છે ,જેથી બંને મિત્રોનું સાથે રોકાણ કરવાંનું હોવાથી ભાડું રૂ. ૩૩૬૦ નક્કી કરવામાં આવ્યું. જેમને બિલ ચુક્કવાનું કહેવામાં આવ્યું ત્યારે આરોપી ભાર્ગવ ગઢવીએ એમ જણાવ્યું કે મારો મિત્ર સાહિલ પરમાર ભાડું ચૂકવી આપશે હું મારું પાકીટ ઘેર ભૂલી ગયો છું. આરોપી સાહિલે એમ જણાવેલ કે હું અહી શાપરમાં જ રહું છું જેથી ફરિયાદીએ બંને ગ્રાહકો પર વિશ્વાસ કેળવ્યો હતો. બંને આરોપીએ તા. ૧ એપ્રિલ થી ૨૫ એપ્રિલ સુધી હોટેલમાં રોકાણની સાથે નાસ્તા અને જમવાનું પણ મંગાવ્યું હતું જેનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪/- છે બંને આરોપીઓ હોટેલમાં કોઈ પણ જાતની જાણ કર્યા વગર અહીથી નાશી છુટ્યા હોવાથી પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથધરી છે.

## (પહેલા પાનાનું ચાલું)

### ક્ષત્રિયો...

છે. હવે ક્ષત્રિયોનો વટ ભાજપની વોટબેંકમાં કેટલું ગાબડું પડે છે. તેના પર તમામ રાજકીય પંડિતોની મીટ મંડાયેલી છે. વિવાદનું કેન્દ્રસ્થાન ભલે રાજકોટ લોકસભા બેઠક રહી હોય પરંતુ હવે આ આગ રાજ્યની ૬ થી ૭ બેઠકો પર લબકારા મારી રહી છે. જામનગર અને સુરેન્દ્રનગર બેઠક પર સૌથી વધુ અસર વર્તાઈ રહી છે.

ગઈકાલે જામનગરના ખીજડીયા ખાતે હાલારના ક્ષત્રિય સમાજનું એક અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં રાજ્યભરમાંથી ક્ષત્રિયો ઉમટી પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જામનગર જાહેરસભામાં જેટલી મેદની જોવા મળી ન હતી. તેના વધુ મેદની ક્ષત્રિય સમાજના સંમેલનમાં દેખાતી હતી. આ વાત પરથી પ્રસ્થાપિત થાય છે કે ક્ષત્રિયોએ હવે એક મન બનાવી લીધું છે કે કોઈપણ કાળે ભાજપને મત આપશે નહિં. બીજી તરફ ભાજપ દ્વારા પણ મનામણાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ તમામમાં ભાજપ સરેઆમ નિષ્ફળ નિવડી રહ્યું છે. ક્ષત્રિયોના રોષની અસર માત્ર સૌરાષ્ટ્ર પુરતી રહી નથી. રાજ્યની તમામ બેઠકો પર જોવા મળી રહી છે. જેના કારણે ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસ સુધી રાજ્યમાં ચૂંટણી પ્રચાર કરવાની ફરજ પડી રહી છે. હાલ ભાજપ સામે સૌરાષ્ટ્રની ત્રણ સહિત રાજ્યની સાતેક બેઠકો પર પડકાર જોવા મળી રહ્યો છે. તમામ ૨૬ બેઠકો પાંચ લાખ કે તેથી વધુ લીડ સાથે જીતવાની વાત એકબાજુ મૂકી દેવામાં આવી છે. હવે જીત કેમ મળે તેના પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરી દેવામાં આવ્યું છે. પ્રથમ બે તબક્કામાં મતદાનની ઓછી ટકાવારીએ આમ પણ ભાજપનું ટેન્શન વધારી દીધું છે. હવે મંગળવારનો દિવસ ભાજપ માટે ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. જો ક્ષત્રિય સમાજ વટને પકડી વોટ કરશે તો ભાજપની મુસિબત વધશે.

### બગડેલા બોલ...

કુતરૂં કે બિલાડું પણ ડરતું નથી. જીતુ વાઘાણીએ વિશ્વના દેશો ભારતમાં બબુચક સરકાર બેસાડવા માંગે છે. તેવું જાહેરસભામાં કહ્યું હતું. છોટા ઉદેપુરમાં ભાજપની બેઠકમાં જશુ રાઠવાએ અપશબ્દો ઉચ્ચાર્યા હતા. જ્યારે વડોદરામાં જાહેર સભામાં મધુ શ્રીવાસ્તવે એવું કહ્યું હતું કે કાર્યકર્તાઓનો કોલર પકડે તો ફાયરીંગ ન કરૂં તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહિં. જ્યારે તેને જવાબ આપતા ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પડકાર ફેંક્યો હતો કે જો તાકાત હોય તો ક્ષત્રિયો સામે ફાયરીંગ કરો. જ્યારે તાજેતરમાં ભાવનગર બેઠકના આપના ઉમેદવાર ઉમેશ મકવાણાએ રાજા-મહારાજાઓ અફીણના નશામાં પડ્યા હતા. તેવું નિવદેન આપ્યું હતું. નેતાના બોલથી લોકશાહી શર્મસાર થઈ જાય તેવું લાગી રહ્યું છે.

### આયાત-નિકાસ...

બાબતોના પ્રાઈસ મોનિટરિંગ વિભાગના જણાવ્યા અનુસાર, એક મહિના પહેલા રિટેલ માર્કેટમાં ડુંગળીની સરેરાશ કિંમત ૨૭ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે ૩૧ રૂપિયાની આસપાસ છે.

આ પહેલા સરકારે ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધો હતો પરંતુ તે નિર્ણયના વિરોધમાં ખેડૂતોએ માંગ ઉચ્ચારી હતી કે ડુંગળીનું વેચાણ થવું જોઈએ જેના પરિણામ સ્વરૂપે નિર્ધારિત માત્રામાં ડુંગળીની નિકાસ કરવા માટેની છૂટ સરકાર દ્વારા આપવામાં આવી હતી અને તેના માટે ત્રણ બંદરો પણ નથી કરવામાં આવ્યા હતા. સફેદ ડુંગળીની ૨,૦૦૦ મેટ્રિક ટનથી વધુની નિકાસને તાત્કાલિક અસરથી નિર્દિષ્ટ બંદરો દ્વારા મંજૂરી આપવામાં આવતી નથી,'' તે જણાવ્યું હતું. મુન્દ્રા પોર્ટ, પીપાવાવ પોર્ટ અને ન્હાવા શેવા પોર્ટ પરથી નિકાસની પરવાનગી છે.

### અપ્રાકૃતિક સંબંધ...

ઑફ ઈન્ડિયા (૨૦૧૭)ના નિર્ણયમાં સગીર પત્ની સાથે શારીરિક સંબંધને કાયદા હેઠળ લાવવા માટે કલમ ૩૭૫ના અપવાદ ૨માં ઉંમર ઘટાડીને ૧૮ વર્ષની જગ્યાએ ૧૫ કરી હતી.

મામલાની જો વાત કરવામાં આવે તો પત્નીએ તેના પતિ વિરુદ્ધ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે લગ્ન બાદ જ્યારે તે બીજી વખત તેના સાસરે ગઈ ત્યારે તેના પતિએ ૦૬ અને ૦૭ જૂન ૨૦૧૯ની રાત્રે તેની સાથે અકુદરતી શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ પછી પણ પતિએ તેની સાથે અનેકવાર અકુદરતી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

પત્નીએ નોંધાવેલી એફઆઈઆરને પતિએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. પતિએ પોતાની અરજીમાં કહ્યું હતું કે તે બંને પતિ-પત્ની છે અને તેથી તેમની વચ્ચે કોઈપણ અકુદરતી જાતીય સંબંધ આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ ગુનો નથી.

હાઈકોર્ટે શરૂઆતમાં આઈપીસીની કલમ ૩૭૫(એ) (જેમ કે ૨૦૧૩ના સુધારા અધિનિયમ દ્વારા સુધારેલ) ની તપાસ કરીને નક્કી કર્યું હતું કે, જો કોઈ પુરુષ પોતાનું શિશ્ન કોઈ મહિલાના મોં, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે છે, તો તે બળાત્કાર માટે દોષિત ગણાશે. જો કે, કલમ ૩૭૫ ના અપવાદ ૨ નો ઉલ્લેખ કરતા કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિ દ્વારા તેની પોતાની પત્ની સાથે સંભોગ અથવા જાતીય કૃત્ય જેની પત્નીની ઉંમર ૧૫ વર્ષથી ઓછી નથી તે બળાત્કાર ગણાશે નહીં.

## (દસમા પાનાનું ચાલું)

### મૌસમ એપ્સ...

અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે. ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે. આ એપ્લિકેશન જોખમી હવામાન વિશે નાગરિકોને ચેતવણી આપવા માટે આગામી પાંચ દિવસ અંગેની આગાહી જાહેર કરી, કલર કોડ (લાલ, નારંગી અને પીળો)માં તમામ જિલ્લાઓ માટે દિવસમાં બે વખત ચેતવણીઓ જાહેર કરે છે. જેમાં ''લાલ'' કલર કોડએ સૌથી ગંભીર કેટેગરી છે જે અધિકારીઓને પગલાં લેવા વિનંતી કરે છે, ઓરેન્જ કોડ સત્તાવાળાઓ અને લોકોને સતર્ક રહેવા માટે કહે છે અને યલો કોડ સત્તાવાળાઓ અને લોકોને પોતાને અપડેટ રાખવા માટે કહે છે.

### પુસ્તક વિમોચન...

સકારાત્મક વિચાર મસ્તી ધીંગા મસ્તી સાથે સૌને પ્રેરણા આપતી આ વ્યક્તિ એટલે આપણા સિનિયર સિટીઝનોના દોસ્ત મધુકરભાઈ પરીખ. તેમ ડો.શિરીષ ભાઈ કશિકરે જણાવ્યું હતું

પુસ્તક નો ધ નોનસ લેખક મધુકર ભાઈ પરીખના અત્યાર સુધીના જીવનનો દસ્તાવેજ કહો તો દસ્તાવેજ ,જીવન ચરિત્ર કહો તો જીવન ચરિત્ર છે તેમ વરિષ્ઠ પત્રકાર લેખક અને દેશની ખ્યાતનામ પત્રકારિત્વ સંશોધન સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના ડાયરેક્ટર ડોક્ટર કાશીકરે અહીં આ પુસ્તકના વિમોચન પ્રસંગે જણાવ્યું હતું.પુસ્તકનું વિમોચન શેલા, સાઉથ બોપલ સ્થિત સ્કાય સિટીના ક્લબ હાઉસમાં વિશાળ સંખ્યામાં મહેમાનોની ઉપસ્થિતિ અને મધુકરભાઈ પરીખના શુભચિંતકો પરિવારજનો પ્રેરક ઉપસ્થિતિ માં માં થયું હતું.

### નારગોલ ....

તેમજ શરૂ વનની અંદર રોજિંદા અનેક પ્રિ-વેડિંગ શૂટિંગ થતા હોય છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં થતા પ્રિવિડિંગ શૂટિંગ માટે ગ્રામ પંચાયત દ્વારા રૂપિયા ૫૦૦ પ્રી-વેડિંગ શૂટિંગ ટેક્સ તરીકે લેવામાં આવતો હોય છે. ગ્રામ પંચાયતના નારગોલના રેકર્ડ મુજબ ગત એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી એક વર્ષની અંદર નારગોલ ગામના દરિયા કિનારે કુલ ૫,૭૦૦ જેટલા પ્રી-વેડિંગ શૂટિંગ નોંધાયા છે.

જાણકરોના મત પ્રમાણે આ આંકડો રેકોર્ડ બ્રેક કહી શકાય. ગ્રામ પંચાયત દ્વારા જાહેર હરાજી કરી પ્રી-વેડિંગ શૂટિંગ કર એકત્રિત કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવતી હોય છે. હાલે આચાર સહિતાના કારણે જાહેર હરાજી સ્થગીત કરવામાં આવેલ છે. આચાર સંહિતા પૂર્ણ થતાની સાથે જ જાહેર હરાજી મારફતે પ્રી-વેડિંગ શૂટ કર એકત્રિત કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવશે.

### મેજીક રંગોલી...

મહિલા કોલેજ, ગૌરીદડ, છાપરા, કસ્તુરબાધામ, પીપળીયા, માલિયાસણ, ખારચીયા સહીતના ગામોમાંથી સખીમંડળની અંદાજે ૨૫ બહેનોએ જિલ્લા કલેકટર કચેરી, જૂની કલેકટર કચેરી, બહુમાળી ભવન ચોક અને જિલ્લા પંચાયત કચેરી ખાતે રંગોળી કરીને મતદાનના મહત્વને ઉજાગર કર્યું છે. ત્યારે આ બહેનોએ મતદાન જાગૃતિ અભિયાનમાં પોતાનામાં રહેલી કળાનું યોગદાન આપી શકવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

કલેકટર કચેરી ખાતે આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર ચેતન ગાંધી, અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર, પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સ્વીપના નોડલ જિજ્ઞાસાબેન ગઢવી, એમસીએમસી નોડલ અધિકારી સોનલબેન જોષીપુરા, મામલતદાર દવે તથા નાયબ મામલતદાર પ્રીતિબેન વ્યાસ તેમજ કલેકટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### જે.જે.પટેલ .....

હિતેશભાઈ દવે, રાજકોટ મહાનગર લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા તથા કોર કમિટીના સભ્યો, લીગલ સેલ યુવા સહાયક ટીમ વગેરેએ હાર્દિક નિમંત્રણ સાથે હાજરી આપવા અનુરોધ કર્યો છે.

''અબતક મિડીયા '' હાઉસની મુલાકાતે આવેલા ચેરમેન જે.જે.પટેલે જણાવ્યું હતું કે, રાજકોટમાં મતદાન જાગૃતિ હેતુ યોજઈ રહેલ વકીલોના આટલા મોટા સ્નેહમિલન કાર્યક્રમમાં જોડાવાનું અવસર મળતા મને ખૂબ જ આનંદની લાગણી થાય છે. વકીલો હંમેશા સમાજને રાહ ચીંધતા આવ્યા છે. વકીલો જાગૃત બનીને પોતાની નૈતિક ફરજ સમજીને જ્યારે મતદાન કરે છે ત્યારે તેમની સાથે જોડાયેલ તેમના પરિવારજનો, સ્નેહીઓ તથા તેમનું પરિચીત વર્તુળ તેમાંથી પ્રેરણા લઈને તેમને અવશ્ય અનુસરે છે. માટે એક વકીલ મતદાન કરે ત્યારે માત્ર એક મત નથી પડતો પણ અનેક મત તેમાંથી મતપેટીમાં પડે છે. માટે તમામ વકીલો અને ખાસ કરીને યુવા વકીલોએ અવશ્ય મતદાન કરવું જ જોઈએ. લોકશાહીના પાયાને મજબૂત બનાવવા ભવિષ્યમાં જ્યુડિશરી સિસ્ટમને ફુલપ્રુફ, લોકભોગ્ય બનાવવા માટે યોગ્ય અને સ્થિર સરકાર અતિઆવશ્યક છે તે માટે આપણે મતદાન કરવું જ રહ્યું.

આજની આ પ્રેસ મુલાકાતમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ, લીગલ સેલ રાજકોટ મહાનગરના સહકન્વીનર કમલેશભાઈ ડોડીયા, શહેર લીગલ સેલ કમિટી મેમ્બર રાકેશભાઈ ગોસ્વામી, ધર્મેશભાઈ સખીયા, નેહાબેન જોશી, કોર્ટ કેમ્પસ કન્વીનર જીતેન્દ્રભાઈ પારેખ, ભાસ્કરભાઈ જસાણી, આનંદભાઈ સદાવ્રતી, બાલાભાઈ સેફાતરા, યુવા સહાયક ટીમ કન્વીનર અભિષેકભાઈ શુક્લા, પ્રેસ મીડિયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠ, સહ ઈન્ચાર્જ જસ્મીનભાઈ ગઢીયા વગેરે હાજર રહ્યા હતા.

### ચૂંટણી પ્રચાર...

કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધીએ બનાસકાંઠાના લાખણીમાં ગેનીબેન ઠાકોરના સમર્થનમાં સભા સંબોધી હતી. રાજસ્થાનના રાજયમંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડે જામનગરમાં ભાજપના ઉમેદવાર પુનમબેન માડમના સમર્થનમાં ચુંટણી સભા ગજવી હતી. આવતીકાલે તેઓ પાલનપુરમાં રોડ-શો કરશે.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ મોરબીમાં કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં, પેટલાદમાં આણંદ બેઠકના ઉમેદવાર મિતેષભાઈ પટેલ અને ગાંધીનગર ખાતે ઉમેદવાર હસમુખ પટેલના સમર્થનમાં ચુંટણી સભા સંબોધી હતી.

ભાજપના પ્રદેશ અદયક્ષ સી.આર. પાટીલે સુરતની ચોર્યાસી વિધાનસભા બેઠકમાં ભવ્ય બાઈક રેલી યોજી હતી. હવે પ્રચાર માટે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારો જોર-શોરથી પ્રચાર કરી રહ્યા છે.

### ભૂંગળા શાંત....

આગામી મંગળવારે રાજયની ૨૫ બેઠકો માટે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજવાનું છે સાથોસાથ ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી અલગઅલગ પાંચ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચના નિયમ મુજબ મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાકે પૂર્વ પ્રચાર-પ્રસાર બંધ કરી દેવો પડે છે. દરમિયાન આવતીકાલે સાંજે ૬ કલાકથી પ્રચારના ભૂંગળા શાંત થઈ જશે.

### પ્રેમિકાનું મોત....

પોલીસ સ્ટેશનમાં અંદર નાગરિક સુવિધા કેન્દ્રમાં આપઘાતની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે પ્રેમીને ગંભીર ઈજા પહોંચતા હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી સર્જરી કરવામાં આવી રહી છે. આ બનાવની જાણ થતા ડીસીપી કક્ષાના અધિકારીઓ પોલીસ સ્ટેશન દોડી ગયા હતા અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ ડીસીપી ઝોન ૨ સુધીર દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રેમી વિનોદ ગોપાલ સતવારા (ઉ.વ.૧૯) અને પૂજા રૂપા ભદ્ર (ઉ.વ.૨૩) ગત તારીખ ૨ એપ્રિલના રોજ ઘરેથી નાસી છૂટ્યા હતા. બંને વચ્ચે પ્રેમ સબંધ હતો. આ બનાવ અંગે ૩ તારીખના રોજ નખત્રાણા પોલીસે ગુમનોંધ આધારે તપાસ શરૂ કરી હતી અને લોકેશન રાજકોટ હોવાનું માલુમ થતા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના પગલે બન્નેને રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને નખત્રાણા પોલીસને જાણ કરવામાં આવી હતી.

બન્ને પ્રેમી પંખીડાને પોલીસ સ્ટેશનની અંદર નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે બેસાડવામાં આવ્યા હતા. અચાનક પ્રેમી પંખીડાએ અંદરથી દરવાજો બંધ કરી પોત પોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે પ્રેમીને ગંભીર રીતે ઈજા પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની સર્જરી પણ ચાલુ છે. હાલ યુવતીના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ પોલીસ સ્ટેશનમાં બનેલી આ ઘટના હાજર પોલીસ માટે બેરદકારી માનવામાં આવી રહી છે. બન્ને પ્રેમી પંખીડા હોવાથી તેમને નાગરિક સુવિધા કેન્દ્રમાં રાખતા સાથે તેમના પર નજર કેમ રાખવામાં ન આવી. તેમજ બન્નેને એકલા શા માટે રાખવામાં આવ્યા તે મોટો સવાલ ઉદભવી રહ્યો છે.

### રૂ. ૧ વધુ ભાવ....

રાજકોટ ડેરી દ્વારા મંડળી સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકો અવશ્ય મતદાન કરે તે માટે પ્રતિ લિટરે રૂ. ૧/- પ્રોત્સાહન આપવાનો નિર્ણય કરેલ છે. મંડળીમાં દૂધ ભરતા જે દૂધ ઉત્પાદકોમાં લોકસભાની ચુંટણીમાં મતદાન કર્યુ હશે અને મતદાન કર્યા અંગેનું આંગળી પરનું નિશાન દૂધ મંડળી કક્ષાએ મંત્રીને બતાવે તો તેમને મતદાનના દિવસે સાંજના ટંકે જેટલા લીટર દુધ ભરાવેલ હશે તે માટે પ્રતિ લીટરે રૂ. ૧/- પ્રોત્સાહન તરીકે આપવામાં આવશે. આ પ્રોત્સાહનનો ખર્ચ દૂધ સંઘ અને ફેડરેશન સંયુકત રીતે સમાન દરે ભોગવશે તો સંઘ સંયોજીત તમામ દુધ મંડળીઓ સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકોને લોકસભાની ચુંટણીમાં અવશ્ય મતદાન કરવા અનુરોધ કરવામાં આવે છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**પોરબંદરઃ** રાણાવાવ કુતિયાણા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય કરશનભાઈ દુલાભાઈ ઓડેદરાનું આજે અવસાન થયું છે. તેમની અંતિમ યાત્રા સવારે નિવાસસ્થાથી નીકળી હતી. જેમાં વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો જોડાયા હતા.

**રાજકોટઃ**નિર્મળાબેન મુકુંદરાય કોટેચા ઉ.વ.૮૮ તેઓ મુકુંદભાઈ ઓધવજીભાઈના પત્ની, રાજેન્દ્રભાઈ, સ્વ. હરિશભાઈ તથા હર્ષાબેન રમેશભાઈ ચતવાણી, હિનાબેન નીતીનભાઈ કકકડના તથા દિપ્તીબેન,ભુપેન્દ્રભાઈ માતા, રાજનભાઈ, કૃણાલભાઈ અને ભાવિનભાઈના દાદી સ્વ. દયાબેન ઓધવજીભાઈ કોટેચાના ભાભી જેતપુરવાળા સ્વ. મગનલાલ જગજીવનદાસ સુચકના પુત્રીનું તા. ૨.૫ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ૬.૫ના રોજ સાંજે ૫ થી ૬ પંચનાથ મહાદેવ મંદિર લીમડા ચોક ખાતે રાખેલ છે.

**જુનાગઢઃ** જુનાગઢ નિવાસી મોઢ માંડલિયા સુશીલાબેન નટવરલાલ મહેતા (ઉ.વ.૮૦) તે નટવરલાલ અમૃતલાલ મહેતાના પત્ની તથા દીલીપભાઈ તથા ચેતનાબેન શાહના માતૃશ્રી તથા કેવલભાઈના દાદીનું તા. ૩ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૪ ને શનિવાર સાંજે ૫.૩૦ થી ૭ કલાકે શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ પાસે, પોસ્ટલ સોસાયટી, જુનાગઢ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ચાર દિવસ હિટવેવની આગાહી: રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં પારો ૪૨ ડિગ્રીને પાર

## ૭ શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયુંઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીનું યલો એલર્ટ

**અબતક, રાજકોટ**

રાજ્યમા આકાશમાંથી જાણે અગનવર્ષા વરસવા લાગી છે.ત્રણ શહેરોનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ ગયું છે. તો છ શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયું છે.. કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. કચ્છ, પોરબંદર, ગીર સોમનાથ અને ભાવનગરમાં હીટવેવની આગાહી છે. કેટલાક વિસ્તારોમાં ગરમીને લઈને યલો એલર્ટ પણ અપાયું છે.ચૂંટણીના મતદાનને દિવસે રાજ્યમાં આકરી ગરમી પડવાની હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. ૭ મેના રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. શુક્રવારે રાજકોટનું મહત્તમ તાપમાન ૪૨.૩ ડિગ્રી નોંધાયું હતું.કચ્છ-સૌરાષ્ટ્રમાં કાળઝાળ ગરમીનો પ્રકોપના વર્તાય રહ્યો છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ૪૨.૩ ડિગ્રી તાપમાનમાં શેકાયું છે. સુરેન્દ્રનગર અને રાજકોટ અમરેલીમાં તાપમાનનો પારો પહોંચ્યો ૪૨ ડિગ્રીએ પહોચ્યો છે. ભૂજમાં ૪૦.૬ ડિગ્રી, તો કેશોદમાં નોંધાયું ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સૌરાષ્ટ્રમાં ગરમ અને ભેજવાળુ વાતાવરણ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.આકરી ગરમીથી મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના નાગરિકો શેકાયા છે. પાટનગર ગાંધીનગરમાં ૪૧.૨ ડિગ્રી, વડોદરા અને ડીસામાં તાપમાનનો પારો ૪૦.૮ ડિગ્રી પર પહોંચ્યો છે. વલ્લભ વિદ્યાનગર અને સુરતનું મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રીને પાર પહોંચ્યું છે.

### હીટવેવને કારણે લૂ લાગવા, ચક્કર આવવાના કેસો વધ્યા

**રાજકોટ પંથકમાં ભારે ગરમીના કારણે ઝાડા-ઊલટી, ચક્કર, લૂ લાગવી સહિતની બીમારીમાં દર્દીઓ સપડાયા હતાં. ત્યારે સતત ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. વિવિધ બીમારીથી બચાવ માટે વધારે પાણી પીવુ, લીંબુ સરબત, તડકાવાળા ચશ્મામાં અવર જવર કરવી અને શરીરમાં સુતરાવ કપડા પહેરવા બપોરના સમયે ઘરની બહાર તડકામાં નિકળવુ નહીં.**

### આંધ્રપ્રદેશ-તેલંગાણામાં ૪૪ થી ૪૫ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા

**ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ , પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તટીય આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં ગંગા હિટવેવ યથાવત રહેશે. આ રાજ્યો માટે હીટવેવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, આસામ, મેઘાલય, નાગાલેન્ડ,મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કોંકણ, સૌરાષ્ટ્ર, કચ્છ, કેરળ, માહે અને તટીય કર્ણાટકમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે. રાયલસીમા અને દક્ષિણ કર્ણાટકના આંતરિક ભાગોમાં રાત ગરમ રહેવાની છે. તટીય આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં તાપમાન ૪૪-૪૫ ડિગ્રી રહેશે.**

દેશભરમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત છે. ઘણા રાજ્યોમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ગરમીના કારણે પટણામાં પ્રી-સ્કૂલ, આંગણવાડી, સ્કૂલો સવારના સાડા દસથી સાંજના ચાર વાગ્યા સુધી બંધ રાખવા આદેશ અપાયો છે. ભીષણ ગરમી અને લૂને લીધે કેટલાક રાજ્યોમાં સ્કૂલો બંધ રાખવા આદેશ કરાયો છે. છત્તીસગઢમાં ૧૫ જુન સુધી રજા જાહેર કરાઈ છે. તો ઝારખંડમાં હાલ પૂરતી રમત ગમત અને બહારની પ્રવૃતિઓ પર બૈન લગાવી દેવાયો છે.

| | |
|---|---|
| અમદાવાદ | ૪૧.૭ |
| ગાંધીનગર | ૪૧.૨ |
| વડોદરા | ૪૦.૮ |
| ભુજ | ૪૦.૬ |
| કંડલા | ૩૯.૩ |
| અમરેલી | ૪૨.૦ |
| ભાવનગર | ૩૮.૭ |
| પોરબંદર | ૩૬.૪ |
| રાજકોટ | ૪૨.૩ |
| સુરેન્દ્રનગર | ૪૨.૩ |
| કેશોદ | ૪૦.૪ |

# સ્કૂટરમાં પણ હવે સીએનજી : ક્રૂડ પરનું ભારણ ઘટાડવા સરકારનો માસ્ટર પ્લાન

## ભારતમાં દ્વિચક્રી વાહનોની સંખ્યા ખૂબ જ વધુઃ વિશ્વનું પ્રથમ સીએનજી સ્કૂટર લોન્ચ કરશે બજાજ



**અબતક, નવીદિલ્હી**

આવનારા વર્ષમાં ભારત ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા તરીકે ઊભરી આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી કારણ કે સરકાર દરેક ક્ષેત્રે ઘણા ખરા વિકાસ લક્ષી કાર્યો કરી રહી છે અને પ્રોત્સાહન આપી રહી છે. ત્યારે ભારત દેશમાં દ્વીચકરી વાહનોની સંખ્યા ધરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે પેટ્રોલ પરનું ભારણ ઘટાડવા માટે સરકાર સીએનજી ને વધુ પ્રાધાન્ય આપી રહી છે. પ્રકારના આ લક્ષ્યાંક ને ધ્યાને લઈ બજાજ તેનું સર્વપ્રથમ સીએનજી બાઈક જૂન મહિનામાં લોન્ચ કરી રહ્યું છે. સીએનજી બાઈક લોન્ચ થતા જ સરકારની સાથોસાથ વપરાશ કરતા અને પણ ઘણો ફાયદો પહોંચશે અને જે ક્રૂડ પરનુ ધારણ છે તે ઘણાખરા અંશે ઘટી જશે.

સરકાર બીજી તરફ તેનું વિદેશી હૂંડિયામણ બચાવવા માટે પણ સીએનજીને પ્રાધાન્ય આપી રહ્યું છે. હાલના તબક્કે જે રીતે દ્વિચક્રી વાહનોની ખરીદી થઈ રહી છે તો તેની સામે પેટ્રોલનો પણ વપરાશ વધ્યો છે અને આ અંતે છેલ્લે સરકાર ઉપર જ ભારણ આવે છે. જોવાની વાત તો એ છે કે હવે સરકાર ઈલેક્ટ્રીક અને સીએનજી ઉપર વધુ મદાર રાખે છે જેથી આવનારા દિવસોમાં ક્રૂડ ઓઈલ પર જે સરકારનો મહત્તમ ખર્ચો થાય છે તે બચી શકે તો સામે પ્રદૂષણ માંથી પણ ભારત મુક થઈ શકે. સીએનજી પર ચાલતી બાઈકની આતુરતાથી રાહ જોઈ રહેલા લોકો માટે સારા સમાચાર છે. તાજેતરમાં જ બજાજની સીએનજી બાઈક દેશના રસ્તાઓ પર ટેસ્ટિંગ દરમિયાન જોવા મળી છે. આ પહેલા પણ ટુ-વ્હીલર મેન્યુફેક્ચરિંગ કંપની બજાજની આ બાઈક ઘણી વખત જોવા મળી છે. જૂન મહિનામાં કંપની દ્વારા રજૂ કરવામાં આવનાર ખૂબ જ ખાસ સીએનજી બાઈક દેશમાં આ પ્રકારનું પ્રથમ વ્હીકલ હશે.

એન્જિન ને ફ્યૂઅલ ટેન્કની હીટ એટલે કે ગરમીથી દૂર રખવા માટે સીએનજી બાઈકમાં સ્લોપર જેવું એન્જિન આપવામાં આવ્યું છે. એવું અપેક્ષિત છે કે એન્જિનનું ડિસ્પ્લેમેન્ટ ૧૦૦ - ૧૨૫ સીસીની રેન્જમાં હશે. જો તમે ફોટો ધ્યાનથી જોશો, તો બાઈકના આગળના ભાગમાં ડિસ્ક બ્રેક સાથે એબીએસ રિંગ નથી. આ ફીચર્સની ગેરહાજરી સૂચવે છે કે એન્જિન ડિસ્પ્લેસમેન્ટ ચોક્કસપણે ૧૨૫ સીસીથી ઓછું હશે. કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) પર ચાલતા વાહનોના વેચાણમાં બદલાતા ગતિશીલતાના વલણો અને લોકો વધુને વધુ ઓછા પ્રદૂષિત ઉર્જા સ્ત્રોતો પસંદ કરી રહ્યા છે .નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ડીઝલ-પેટ્રોલથી ચાલતી કારની સરખામણીમાં ઓછી કિંમત, નવી ઓફરો અને મોટાભાગે રોકડ પ્રોત્સાહનો સીએનજી વાહનોની માંગમાં વધારો કરી રહ્યા છે.સીએનજી પર કાર ચલાવવાનો ખર્ચ લગભગ ૨.૫ રૂપિયા પ્રતિ કિલોમીટર છે જ્યારે પેટ્રોલ-ડીઝલનો ખર્ચ ૫.૩૦ રૂપિયા પ્રતિ કિલોમીટર છે.

# બ્રિટનના પૂર્વ વડાપ્રધાનને મતદાન મથકેથી લીલા તોરણે પાછા વાળી દેવાયા!!

## પૂર્વ વડાપ્રધાન બોરીસ જોન્સન પાસે જરૂરી ઓળખના આધાર ન હોવાથી તેમને મતદાનમાં પ્રવેશ કરતા રોકી દેવાયા



**અબતક, રાજકોટ**

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ને જરૂરી ઓળખકાર્ડ વિના મતદાન મથકે જવા મા ધર્મનો ધક્કો થયો હોય તેમ બ્રિટનના સ્થાનિક ચૂંટણી કર્મચારીઓએ બોરીસ જોન્સનને મતદાન કર્યા વગર જ મતદાન મકેથી પરત મોકલી દીધા હતા

ઈંગ્લેન્ડના દક્ષિણ ઓક્સફોર્ડ શાયર મતવિસ્તારમાં ગુરુવારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના મતદાન માટે બોરીસ જોન્સન મતદાન મથકે ગયા હતા ત્યારે નિયમ મુજબ બુક અધિકારીએ બોડી પાસેથી જરૂરી ઓળખનો આધાર માંગ્યો હતો. પરંતુ તેમની પાસે આધાર ન હોવાથી તેમને મતદાન બુથમાં જવા દીધા હતા સ્થાનિક સમાચાર સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી બ્રિટનના વડાપ્રધાન રહેલા જોન્સનને બધા વગર જ પરત કરવું પડ્યું હતું વળી તેમના શાસન કાળ દરમ્યાન ૨૦૨૨ માર્ચ બોરીસને ચૂંટણી સુધારા અધિનિયમ માં દરેક મતદાર માટે ઓળખ પુરાવાઓમાં પાસપોર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સ ફરજિયાત બનાવવામાં આવ્યું હતું

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ને ઓળખ કાર્ડ વિના મતદાન મથકેથી લીલા તોરણે પાછા વાળી દેવાયાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી

# શેરબજારમાં સોમવારે તેજીની વાપસીના સંકેતો

## વૈશ્વિક બજારોમાં ઉછાળો અને વેલ્યુ બાંઈગના કારણે બજારમાં તેજી પરત ફરે તેવો નિષ્ણાંતોનો વ્યૂહ



**અબતક, રાજકોટ**


ભારતીય શેરબજાર માટે શુક્રવારનો દિવસ બ્લેક ફ્રાઈડે સાબિત થયો હતો. સપ્તાહના અંતિમ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં તોતીંગ કડાકા બોલી ગયા હતા. જેમાં રોકાણકારોના ૨.૭૫ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. મંદી વેગવાન બની આગળ ચાલે તેવા હાલ કોઈ જ પરિબળ દેખાતા નથી. બીજી તરફ અમેરિકી બજાર ગ્રીન ઝોનમાં બંધ થયા હોય આગામી સોમવારે ભારતીય બજારમાં તેજી પરત ફરે તેવા સુખદ સંજોગો મળી રહ્યા છે.

ભારતીય શેરબજારમાં ગઈકાલે શુક્રવારે મોટી અફડાતફડી જોવા મળી હતી. સેન્સેક્સમાં ૧૬૨૮ પોઈન્ટનો ઉતાર-ચઢાવ રહ્યો હતો. સેન્સેક ૭૩૩ પોઈન્ટ ઘટીને ૭૩૮૭૮ પર બંધ આવ્યો હતો. જયારે નિફ્ટીમાં ૪૪૬ પોઈન્ટની અફડાતફડી રહેવા પામી હતી. જોકે નિફ્ટી ૧૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨૪૭૬ પોઈન્ટ પર બંધ રહી હતી.

ભારતીય શેર બજારમાં મંદી લાંબી ચાલે તેવા કોઈ જ પરિબળ હાલ દેખાતા નથી. ચૂંટણી પરિણામના દિવસો જેમ જેમ નજીક આવતા હોય છે.તેમ તેમ બજારમાં મુવમેન્ટ વધતી હોય છે. જેના કારણે એક દિવસ ઉછાળો અને બીજા દિવસે ઘટાડા જોવા મળતા હોય છે. શુક્રવારે મોટી ઉથલ પાથલ રહેવા પામી હતી. દરમિયાન અમેરિકા સહિત વૈશ્વિક બજારોમાં તેજી રહી હતી. આ ઉપરાંત વેલ્યુ બાંઈગ એટલે કે નીચા મથાળે ખરીદીનો માહોલ રહેવાની સંભાવના હોય બજારમાં સોમવારે ઘટાડાની કોઈજ સંભાવના નથી. બજારમાં તેજી પરત ફરશે તેવા આસાર છે.

# મુંબઈ ઈન્ડિયન્સ પ્લે ઓફની રેસમાંથી બહાર

## એમઆઈ ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૪ રને પરાજય આપ્યોઃ સ્ટાર્કની ચાર વિકેટ



અબતક, નવી દિલ્હી

૫ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલ-૨૦૨૪ની પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. એમઆઈ ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૪ રને પરાજય આપ્યો હતો. કોલકાતાએ વાનખેડે મેદાન પર ૧૨ વર્ષ પછી મુંબઈને હરાવ્યું છે. આ મેદાન પર નાઈટ રાઈડર્સની છેલ્લી જીત ૨૦૧૨માં મુંબઈ સામે આવી હતી. શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતા ૧૯.૫ ઓવરમાં ૧૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં મુંબઈની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મિચેલ સ્ટાર્કે ૪ વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને આન્દ્રે રસેલને ૨-૨ વિકેટ મળી હતી.એમઆઈ માટે સૂર્યકુમાર યાદવે ૩૫ બોલમાં ૫૬ રનની અડધી સદી ફટકારી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સ માટે સ્પિનરોએ ખાસ કરીને શાનદાર બોલિંગ કરી હતી. સુનીલ નરેન અને વરુણ ચક્રવર્તી, બંનેએ ૪ ઓવર ફેંકી હતી અને બંનેએ ૨૨ રનમાં ૨-૨ વિકેટ લીધી હતી. તેણે મુંબઈના બેટ્સમેનોને મધ્ય ઓવરોમાં આક્રમક બેટિંગ કરતા અટકાવ્યા હતા. મિચેલ સ્ટાર્કે ડેથ ઓવર્સમાં વર્ચસ્વ જમાવ્યું હતું અને તેના સ્પેલમાં ૪ વિકેટ લીધી હતી. વાસ્તવમાં, મેચનો ગેમ ચેન્જર આન્દ્રે રસેલ હતો, જેણે સૂર્યકુમાર યાદવની વિકેટ લઈને મેચને કેકેઆર તરફ વાળી, આ સિવાય તેણે હાર્દિક પંડ્યાની વિકેટ પણ લીધી.

# દિવમાં ફરવા આવેલા સિંહને બેભાન કરી પાંજરે પૂરાયો

અબતક, નિકુંજ મહેતા, ધારી

કેન્દ્ર શાશિત પ્રદેશ દિવ શહેરમાં ઘણા લાંબા સમયથી વન્યપ્રાણી સિંહ નર આવી ચડેલ હોય દિવ શહેરએ દેશ-વિદેશના સહેલાણીઓનું અતિપ્રિય હરવા ફરવાનું સ્થળ હોય જેથી સહેલાણીઓની સુરક્ષા અને વન્યજીવના સંરક્ષણને ધ્યાને રાખી વનવિભાગ દિવ અને ગીર(પુર્વ)વન વિભાગ હેઠળની જસાધાર રેન્જની નવાબંદર રાઉન્ડના સ્થાનિક સ્ટાફ તેજ જસાધાર ખાતેના વન્યપ્રાણી સારવાર કેન્દ્રના વેટરનરી ઓફીસર તેમજ ટ્રેકર્સ પાર્ટી દ્વારા આ સિંહ નરને સહી સલામત રીતે પકડવાની કાર્યવાહી રાજદિપસિંહ ઝાલા, નાયબ વન સંરક્ષક ધારી તથા એમ.આર.ઓડેદરા, મદદનિશ વન સંરક્ષક ઉનાના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ એલ.બી.ભરવાડ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાધારની સીધી દેખરેખ અને રાહબરી હેઠળ દિવ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં હાથ ધરેલ હતી અને સિંહનરના સતત લોકેશનો કરવામાં આવેલ હતા. દિવ શહેરએ ચારેય તરફથી અરબી સમુદ્રથી ઘેરાયેલો અને ગીચ વસ્તી તેમજ ઘટાટોપ તાડ, ગાંડાબાવળ અને દરિયાઈ ચેરના જંગલો આચ્છાદિત પ્રદેશ હોય વળી દરિયાઈ કાદવ-કિચડ વાળી ખાડી અને કોતરો, ગુફાઓ ધરાવતો વિસ્તાર હોવાથી સિંહ નરના લોકેશનો શોધવામાં ખુબ જ મુશ્કેલીઓ ઉભી થયેલ પરંતુ સ્ટાફ દ્વારા હરેક મુશ્કેલી અને પડકારોનો સામનો કરી હિંમત હાર્યા વગર રાત-દિવસ એક કરી સિંહ નરને શોધવાની કામગીરી ચાલુ રાખેલ હતી. દિવ શહેરના બુચરવાડા નજીકના જંગલમાં આ સિંહનું લોકેશન મળતા તેને પકડવા યુધ્ધના ધોરણે યોગ્ય તે પગલા ભરવામાં આવ્યા અને સખત મહેનતના અંતે વ્હેલી સવારના આ સિંહ નરને હાજર વેટરનરી ઓફીસર દ્વારા દવા વડે બે ભાન કરી પકડવામાં આવેલ છે અને હાલ આ સિંહ નરને વન્યપ્રાણી સારવાર કેન્દ્ર જસાધાર ખાતે રાખવામાં આવેલ છે.

### પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી

# ધોરાજી-રાજકોટમાં વિનામૂલ્યે છાસ વિતરણનો પ્રારંભ



અબતક,રાજકોટ

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના ઉપક્રમે પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી દર વર્ષની જેમ ઉનાળુ છાસ વિતરણ યોજનાનો વિનામૂલ્યે પ્રારંભ કરાતાં અનેક પરિવારોને લાભદાયી બનવા પામેલ છે.

ધોરાજીમાં ગુલાબબેન કેશવલાલ વોરા અને તારાબેન જેઠાલાલ મોદી કલકતા, રાજકોટમાં શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ, વૈશાલીનગરમા મંજુલાબેન ઉત્તમચંદ મોદી, શ્રમજીવીમાં રંજનાબેન જયંતભાઈ કામદાર, મનહરભાઈ અને મુકતાબેન પારેખ અમેરીકા, તેમજ લાખાણી પરિવાર, સુવિધિ બોટાદરા, શૈલી સિધ્ધાર્થ વોરા વગેરે સહભાગી બન્યા છે. ગોળ અને કેરીનું વિતરણ દાતાઓના સહયોગથી કરવામાંઆવે છે. આ યોજનામાં રૂ.૫૧ હજાર, રૂ. ૨૫ હજાર, રૂ.૧૧ હજારની યોજનામાં સહાયક શ્રેણીમાં લાભ લઈ શકાશે: મો. ૯૯૭૯૨૩૨૩૫૭નો સંપર્ક કરવો.

# ધ્રાંગધ્રાઃ કોઢ ગામે ભવ્ય ભીમ ડાયરામાં સંતો મહંતો સહિત આગેવાનો રહ્યા ઉપસ્થિત



અબતક, સલીમ ધ્રાંગધ્રા

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ ગામે નોલેજ ઓફ સિમ્બોલ ના પ્રેરીતા અને સ્ત્રી સમાનતા વિશે અવાજ ઉપાડનાર આ ડોકટર બાબા સાહેબ આંબેડકર તથા ગૌતમ બુદ્ધ અને બહુજન મહાપુરુષો ની યાદમાં ભવ્ય ભીમ ડાયરો યોજાયો હતો બહુજન સાહિત્યકાર સોરઠના સિંહ એવા સુપ્રસિદ્ધ બહુજન સાહિત્યકાર વિશન કાથડ , રણછોડ દાસ પંડ્યા સહિત સાથી મીત્રો દ્વારા ભવ્ય ભીમ ડાયરાનુ બૌધ્ધીક વાતો , બાબા સાહેબ ના જીવન કાળ તેમજ તેમના શિક્ષણ , બંધારણ સહિત નું રસપાન કરાવવામાં આવ્યુ હતું આ ભીમ ડાયરામાં ૧૦૦૮ સંત શ્રી ત્રિકમ સાહેબ ચિત્રોડ ગુરુગાદી પ.પૂ. મહંત આત્મહંસ સાહેબ સત્ય હંસ સાહેબ ચિત્રોડ , ધ્રાંગધ્રા નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા , ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા , કનકસિંહ , દેવપાલ સિંહ , અનિલભાઈ પરમાર , રાજ ચરાડી ના એડવોકેટ હિતેશભાઈ ચાવડા, કનાભાઈ ભીખાભાઈ રાઠોડ સહિત ટીમ તથા સમગ્ર કોંઢ ગામના લોકો દ્વારા આ કાર્યક્રમની સફળ બનાવવા ભારે જહમત ઉઠાવી હતી

# ધ્રાંગધ્રાઃ તપોવન શાળામાં વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરની હળવદ રોડ પર આવેલી તપોવન શાળા ખાતે ધોરણ કેજી થી લઈ ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં પ્રથમ , દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે તેવા ૧૦૩ જેટલા વિદ્યાર્થીઓનું શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યું હતું આ વિદ્યાર્થી સન્માન સમારોહ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ વાલીઓ શાળા સંચાલકો સહિત આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા

# ધ્રાંગધ્રાઃ હેલ્થ સુપરવાઈઝરને અપાયું નિવૃત વિદાયમાન



અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા


સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકા હેલ્થ ઓફિસમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ઝરીનાબેન મલેક નિવૃત બનતા ધ્રાંગધ્રા તાલુકા હેલ્થ નર્સિંગ સ્ટાફ દ્વારા ઝરીનાબેન મલેક નો સન્માનમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા મધ્યે ઘાંચી સમાજ વાડીમાં તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર હીરા મણી સહીત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા યાદગાર ગિફ્ટ, મોમેન્ટો અને ફુલહારથી અનેક મહાનુભાવો થકી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સમાજના મોભીઓ દ્વારા પોતાના જ્ઞાતિબંધુનાં ભવ્ય સન્માન સમારોહમાં વિશેષ આયોજન ગોઠવી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજરી સાથે જોવા મળ્યા હતાં.

# હવે આંગળીના ટેરવે મળશે હવામાનને લગતી તમામ માહિતી

## ભારતીય હવામાન વિભાગની મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા તમામ વિગતો પ્રાપ્ત થશે: વાવાઝોડું, વીજળી, હીટવેવ, માવઠા વિશે જાણકારી સાથે બચવાના ઉપાયો પણ મળશે મોબાઈલ પર


**અબતક, રાજકોટ**

હાલ ગરમીનો પારો ખૂબ ઉંચો જઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં લોકો હીટ વેવનો માર સહન કરી રહ્યા છે. ત્યારે આ હીટ વેવની આગાહી હોય કે કમોસમી વરસાદ હોય, ચોમાસાની ઋતુની એકંદર સ્થિતિ હોય કે શિયાળાના પવનોની સ્થિતિ દરેક ઋતુ વિશે આપણને ભારતીય હવામાન વિભાગ દ્વારા આગોતરી જાણ કરવામાં આવે છે. અતિવૃષ્ટિ હોય કે અતિ ગરમીના સમયમાં સ્થિતિ અનુસાર










આગોતરા પગલાં લેવા આપણને હંમેશા સાવચેત કરવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા હવે દરેક નાગરિકને પોતાના મોબાઈલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન.

### મૌસમ એપ્લિકેશન

હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ''મૌસમ'' લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઈલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ (અનુ. આઠમા પાને)

### દામિની એપ

ESSO-IITM દ્વારા મોબાઈલ એપ DAMINI-LIGHTNING વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે. ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી નાટક્વાની ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

### મેઘદૂત એગ્રો એપ

ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે મેઘદૂત એગ્રો એપ્લિકેશન દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પાક સલાહકાર ઉપરાંત, એપ્લિકેશન વર્તમાન હવામાનની માહિતી, વરસાદ, તાપમાન, ભેજને લગતા પાંચ દિવસના ભૂતકાળ અને આગાહી પણ પ્રદાન કરે છે. પવનની ગતિ અને દિશા કૃષિ કામગીરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તે જાણવામાં આ એપ ખૂબ ઉપયોગી બને છે.


### પબ્લિક ઓબ્ઝર્વેશન એપ

આ એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે. આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઈલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

# "નો ધ નોન્સ" પુસ્તકનું ગરિમાપૂર્ણ વિમોચન

## નવોદિત લેખક-સિનિયર સિટીઝન એવા મધુકરભાઈ પરીખનું પ્રથમ પુસ્તક






**અબતક, રાજકોટ**

મોટાભાગના લોકો જીવન જીવતા જ હોય છે પડ્યા તેવા દેવાશે તેવી સ્વાભાવિક શૈલીથી પરંતુ બહુ જ થોડા એવા હોય છે જે જીવન માણતા હોય છે જીવનની પળ પળ જીવતા હોય છે જીવનની રંગબેરંગી મસ્તી ઉછાળતા હોય છ.. આજે એક એવા જ વ્યક્તિત્વની અહીં ઓળખ થઈ જેમણે હર હાલમાં જીવન માણ્યું છે જીવનમાં આફતોને અવસરમાં પલટાવી છે ક્યારેક જીવનમાં તે કાર્પેન્ટર બન્યા છે તો ક્યારેક ગાર્ડનરની પણ ભૂમિકા નિભાવી છે જીવનના યુવાનીકાળમાં એક સામાન્ય કર્મચારી તરીકે પણ એમને જીવન વિતાવ્યું છે તો આગળ વધી લેતો કંપનીના સીઈઓ જેવું સત્તાનું કેન્દ્રસ્થાન પણ ભોગવ્યું છે.માત્ર માણ્યું કે ભોગવ્યું નથી પણ અનુભવ્યું પણ છે. ભારતના કોઈ ખૂણામાં જઈને ત્યાંના લોકોના રીત રિવાજો રહેણી કરણીના અભ્યાસ કર્યા છે અંગ્રેજી પુસ્તકમાં નો ધ નોન્સ આ પુસ્તકનું આજે આપણે વિમોચન કર્યું.

(અનુ. આઠમા પાને)

# નારગોલ દરિયા કિનારો પ્રિ-વેડિંગ શૂટ માટે ફેવરીટ 'ડેસ્ટીનેશન'

**અબતક, રામભાઈ સોનગઢવાળા, ઉમરગામ**

એક વર્ષની અંદર ૫૭૦૦ જેટલા પ્રી વેડિંગ શૂટિંગ નારગોલ ગામના દરિયા કિનારે થતાં સમગ્ર રાજ્યમાં સૌથી વધુ પ્રિ વેડિંગ શૂટિંગ થતું હોય એ સ્થળ તરીકે નારગોલ ગામનું નામ મોખરે સાબિત થયું છે.






સમગ્ર ભારત દેશની અંદર સૌથી વધુ પ્રિ-વેડિંગ શૂટિંગ થતું હોય એ સ્થળનું નામ એટલે નારગોલનો દરિયા કિનારો. પાંચ કિલોમીટર લાંબો સ્વચ્છ અને સુંદર દરિયા કિનારો નારગોલ ગામની કુદરતી અમાનત છે. સુંદર દરિયા કિનારે ને અડીને આવેલા લીલાછમ જંગલ ખેતરો નારગોલ ગામની શોભા વધારે છે, પારસીઓનું ઐતિહાસિક ગામ તેમજ શિક્ષણના અને આધ્યાત્મિકધામ તરીકે નારગોલ ગામનું નામ વર્ષોથી વિશ્વ પ્રચલિત છે. દેશ અને દુનિયાના પ્રવાસીઓ નારગોલ ગામની મુલાકાત લેતા હોય છે. તાજેતરમાં સરકાર દ્વારા નારગોલ ગામને પ્રવાસન વિકાસના ભાગરૂપે ઇકો ટુરિઝમ કેન્દ્ર નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ મતદાર રકમ પ્રવાસન વિકાસ માટે ફાળવવા માટેનું આયોજન છે. વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ નારગોલ ગામની મુલાકાત લેતા હોય છે પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી નારગોલ ગામની અંદર પ્રી વેડિંગ શૂટિંગ માટે સમગ્ર દેશના ખૂણે ખૂણાથી આવનારા યુગોલોની સંખ્યા વધી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના અનેક ગામો અને શહેરોથી પ્રી-વેડિંગ શૂટિંગ માટે આવતા યુગલોની સંખ્યા દિન પ્રતિ દિન વધી રહી છે. સુંદર દરિયા કિનારે

(અનુ. આઠમા પાને)

# લોકશાહીનો અવસર ચૂંટણી: મેજિક રંગોળી પ્રદર્શનને ખુલ્લું મુકતા કલેક્ટર પ્રભવ જોશી

## રાજકોટ જિલ્લામાં સામૂહિક રંગોળી થકી મતદારોને પ્રેરિત કરાયા: અધિક નિવાસી કલેકટર ચેતન ગાંધી અને અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોને જાગૃત કરવા હાલ જિલ્લામાં વિવિધ સમૂહ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અન્વયે આજે કલેક્ટર કચેરી ખાતે મતદાન પ્રેરિત રંગોળી દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે કલેક્ટર કચેરી ખાતે રંગોળી કલાકાર પ્રદીપભાઈ દવે દ્વારા વક્રીભવનના વિજ્ઞાનનો પ્રયોગ કરીને બનાવવામાં આવેલી પાણીમાં તરતી મેજિક રંગોળીના પ્રદર્શનને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મેજિક રંગોળી કલેક્ટર કચેરી ખાતે તા.૦૭ મે 'મતદાન દિવસ' સુધી પ્રદર્શિત કરવામાં આવશે. સાથે જ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખી મંડળની બહેનો દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિશાળ રંગોળીનું નિર્માણ કરી મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. કલેકટર બંને રંગોળીની પ્રશંસા કરી,તેમના કલાકારોને બિરદાવ્યા હતા.






વધુમાં રાજકોટ તાલુકાના નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશનના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર તૃપ્તિબેન ટાંકએ જણાવ્યું હતું કે, સ્વીપ નોડલ ઓફિસર જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં તાલુકા સેવા સદન જસદણ, રાજકોટ પૂર્વમાં ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ, તાલુકા સેવાસદન ધોરાજી, માતૃશ્રી વીરબાઈમાં

(અનુ. આઠમા પાને)

### શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બનાવેલ મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બન્યું આકર્ષણનું કેન્દ્ર




લોકશાહીનું પર્વ નજીક આવી રહ્યું છે. તેવામાં રાજકોટ સંસદીય મતવિસ્તારના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓએ ''ટ્યઝઊ ઋચ્ઘછ ઈંગઉઈંઅ ૨૦૨૪'' શબ્દોની રંગોળી બનાવી લોકોને મતદાન અંગે જાગૃત કર્યા હતા. રાજકોટ શહેરની ધોળકિયા સ્કુલ ખાતે મતદાન જાગૃતિ સંદર્ભે સ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બનાવીને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું. તેમજ સ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ''VOTE FOR INDIA''ની સુંદર રંગોળી બનાવીને લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. આ તકે શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓએ રંગોળીઓ દ્વારા નાગરિકોને મતદાન કરવા કરી અપીલ

આગામી લોકસભા ચુંટણી અન્વયે મંગળવારના દિવસે મતદાન થનાર છે, ત્યારે સમગ્ર રાજકોટમાં વ્યાપક મતદાતા જાગૃતિ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ અચૂક કરવા માટે પ્રેરાય તે માટે રાજકોટની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓએ રંગોળીઓ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ આપી રહ્યા છે. શાળાઓમાં 'મારો મત, મારો અધિકાર','વોટ ફોર ભારત' જેવા સૂત્રો અને તિરંગાના રંગો, હાથમાં શાહીના નિશાન વગેરેની આકૃતીઓવાળી રંગોળી દ્વારા મતદાનનો સંદેશ આપ્યો હતો.



# પિતરાઈ ભાઈ-બહેને લગ્નની જીદ્દ કરતા મેન્ટલ કાઉન્સિલિંગની હિમાયત કરતી હાઈકોર્ટ

## સાયકોલોજિસ્ટ અને જેનેટિક એક્સપર્ટ સાથે ખાસ સેશનનું આયોજન કરી યુવક અને યુવતીને સમજાવવાનું સૂચન

**અબતક, રાજકોટ**

જામનગરમાંથી એક વિચિત્ર મામલો સામે આવ્યો છે. જેમાં પિતરાઈ ભાઈ-બહેને લગ્નની જીદ્દ કરતા સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. પરિવારની મરજી વિરુદ્ધ જઈને પોતાની કઝિન સાથે જ લગ્ન કરવા માગતા યુવકનું કાઉન્સિલિંગ કરાશે. ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે સાયકોલોજિસ્ટ અને જેનેટિક એક્સપર્ટ સાથે ખાસ સેશનનું આયોજન કરી આ બંને યુવક અને યુવતીને સમજાવવામાં આવે. આ ઘટના માર્ચ મહિનામાં સામે આવી હતી જેમાં યુવતી અચાનક ઘર છોડી ક્યાંક જતી રહી હતી અને બાદમાં તેનો મેટરનલ કઝિન પણ ગાયબ થઈ ગયો હતો. મહિલાના પિતાએ હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો કે બંનેને ભાગી જવામાં મદદ કર્યા બાદ યુવકના પરિવારે તેને બળજબરીથી પોતાની સાથે જ રાખ્યા હતા.



આ બંનેની ત્યારપછી સર્ચ ઓપરેશન શરૂ કરાયું અને એક મહિના બાદ જ ટ્રેક ડાઉન કરાઈ લેવામાં આવ્યા હતા. આ દરમિયાન મહિલાને હાઈકોર્ટમાં હાજર કરાઈ હતી. આ દરમિયાન જસ્ટિસ એ.વાય. કોગજે અને એસ. જે. દવેએ આ ઘટના અંગે પૂછવાનું શરૂ કરતા જ યુવતી બોલી કે હું તો મારા કઝિન ભાઈ જોડે જ લગ્ન કરવા માગુ છું. પરંતુ અત્યારે મારો પરિવાર આની વિરૂદ્ધ જઈ રહ્યો છે. અમે બંનેએ રજિસ્ટર્ડ મેરેજ કરવા માટે પણ પ્રયત્નો કર્યા હતા પરંતુ મારા કઝિન ભાઈની ઉંમર લગ્નને યોગ્ય નહોતી થઈ એટલે થઈ શક્યું નથી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ યુવતી ૧૯ વર્ષની છે જ્યારે યુવક ૨૦ વર્ષનો છે. આ બંનેએ લગ્નની ઈચ્છા વ્યક્ત કરી તો છોકરીનાં ઘરવાળાએ વિરોધ કર્યો હતો. વળી કોર્ટે કહ્યું હતું કે દંપતીએ ટેડ કાઉન્સેલિંગની વિનંતી કરી હતી. કારણ કે ઘણા સમુદાયોમાં આ પ્રમાણેનાં સંબંધને વર્જિત માનવામાં આવે છે. ન્યાયાધીશોએ જામનગરની જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને મનોવૈજ્ઞાનિક અને આનુવંશિક નિષ્ણાત સાથે આ બંને યુવક યુવતીના કાઉન્સેલિંગ સેશનની વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો હતો.

જોકે આગળની સુનાવણી માટે કોર્ટે ૯ મેનો દિવસ પસંદ કર્યો છે. કોર્ટે જામનગરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને પણ પક્ષકાર તરીકે જવાબદાર ઠેરવ્યા છે અને તેમને આગામી સુનાવણી દરમિયાન મહિલા કોર્ટરૂમમાં હાજર રહે તે સુનિશ્ચિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા કિશોરીઓના આરોગ્યની તપાસ

## કિશોરીઓને માસિક સ્ત્રાવ અંગેની સમજ અપાઈ સેનેટરી નેપકીનનું વિનામૂલ્યે વિતરણ કરાયું

**અબતક, જામનગર**



જામનગરમાં અર્બન -૨ વામ્બે સેજાની તમામ કિશોરીઓ ને માસિક દરમિયાન થતી થકલીફ ઉદ્ભવતા પ્રશ્નો નું નિરાકરણ તથા માસિક દરમિયાન રાખવામાં આવતી સાવચેતી સેનેટરી નેપકિનનો ઉપયોગ તેમજ તેની યોગ્ય નાશ, માસિક અંગે ની વિવિધ માન્યતા, ગેર માન્યતા, પૌષ્ટિક આહારનું મહત્વ, કિશોરીઓને માસિક દરમિયાન મુંજવતા તમામ પ્રશ્નો નું નિરાકરણ કિશોરીઓને નાટ્ય તથા વિવિધ રમતો દ્વારા માસિક સ્ત્રાવ અંગે ગમ્મત સાથે સમજ આપવા માં આવેલ. માસિક દરમિયાન સેનેટરી નેપકિનનો ઉપયોગ કઈ રીતે કારવો તે ડેમો સાથે કિશોરીઓને સમજાવવમાં આવેલ. ઉપસ્થિત તમામ કિશોરીઓની એચબી તપાસ તમામ કરવામાં આવેલ, તમામ કિશોરીઓને આઈએફએ ગોળીનું યોગ્ય રીતે સેવન કરવા માટેની સમજ સાથે વિતરણ કરવામાં આવેલ. ચૈતન્ય ઘેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપસ્થિત તમામ કિશોરીઓને છ મહિના સુધી વપરાશ માટે સેનેટરી નેપ્લિનનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતુ.

# આઈ.ટી.આર.એ. ખાતે અનિંદ્રાને લગતા રોગો માટે યોજાશે વિનામુલ્યે સારવાર કેમ્પ

**અબતક, જામનગર**

આઈ.ટી.આર.એ. ખાતે ક્રિયા શરીર વિભાગ દ્વારા અનિંદ્રાને લગત રોગો માટે વિનામૂલ્યે નિદાન સારવાર ઓ.પી.ડી.નું આયોજન કરવામાં આવ્યું છે. અનિંદ્રાની સમસ્યા સામાન્ય ભલે લાગતી હોય પરંતુ આજે વિશ્વમાં દર ૩ વ્યક્તિએ ૧ વ્યક્તિ જાણતા અજાણતા અનિંદ્રાથી પિડાતી હોય છે! આ રોગમાં સપ્તાહમાં ૩થી વધુ વાર ઊંઘવામાં તકલીફ પડવી, ઊંઘમાંથી વારંવાર જાગી જવું જાગ્યા પછી ફરી ઊંઘવામાં તકલીફ પડવી, દિવસભર થાક લાગવો, દિવસે વધારે ઊંઘ આવવી, ચિડીયાપણું, ડિપ્રેસન, ધ્યાન કેન્દ્રિત કરવામાં કે યાદ રાખવામાં મુશ્કેલી વગેરે જેવી ગંભીર બાબતોના લક્ષણ હોય છે. આપણા ભારત દેશમાં જ અનિંદ્રાની તકલિફથી આશરે ૧૨.૧૩% લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે આયુર્વેદ પધ્ધતિથી તેના નિદાન અને સારવાર માટે ઓ.પી.ડી.નું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવાં સંસ્થાના નિયામક પ્રો વૈદ્ય અનૂપ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે. સ્થળઃ ક્રિયાશરીર વિભાગ, ઓ.પી.ડી. રૂમ નં.૧૬-સી, હનુમાન ગેઈટ પોલીસ ચોકી પાસે, ધન્વંતરી મેદાન પરિસર આઈ.ટી. આર.એ. જામનગર. તારીખ. ૦૬ થી ૧૦ મે, સમયઃ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૫:૧૫ રાખવામાં આવેલ છે.

# પૂનમબેન માડમને સતવારા સમાજના હજારો યુવા કાર્યકર્તાનું સમર્થન

## સતવારા સમાજ યુવા જનસંવાદ કાર્યક્રમમાં ૧૦૦ ટકા ભાજપ તરફી મતદાનનો સંકલ્પ કર્યોઃ ૧૦ થી વધુ ગામોના સમાજના આગેવાનો રહ્યા ઉપસ્થિત



**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના ઉમેદવાર પુનમબેન માંડમને વિવિધ સમાજ દ્વારા વિશાળ જનસમર્થન મળી રહ્યા છે. ત્યારે જામનગરમાં સતવારા સમાજ યુવા જન સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ યુવા જન સંવાદ કાર્યક્રમમાં ૧૫૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. અને સંવાદમાં યુવાનોએ ભાજપ તરફી ૧૦૦ ટકા મતદાન કરવાનો સંકલ્પ લીધો હતો. આ સંવાદ કાર્યક્રમમાં સતવારા સમાજના પ્રમુખ સહિત તમામ હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ સંવાદ કાર્યક્રમમાં જામનગરના ૧૦ થી વધુ ગામોના સતવારા સમાજના યુવાનો હાજર રહ્યા હતા અને યુવાનોને સોશ્યલ મિડિયામાં ફરતા ખોટા મેસેજથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓએ પુનમબેન માડમને જંગી લીડથી વિજેતા બનાવવા સંકલ્પ લીધો હતો. અને જામનગર જીલ્લાના ઉમેદવાર પુનમબેન માડમને સતવારા સમાજના હજારો યુવા કાર્યકર્તાઓએ સમર્થન આપ્યું હતું. અને પુનમબેનને જંગી બહુમતિથી જીતાડવા ભાજપ તરફ મતદાન કરવાનો સંકલ્પ કર્યો હતો.


### પૂનમબેન માડમને ગોકુલ નગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજનું પ્રચંડ સમર્થન

જામનગર -૧૨ લોકસભા ની બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પુનમબેન માડમ કે જેઓને ગોકુલ નગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજે એક કર્તવ્યનિષ્ઠ સંસદ સભ્ય ગણાવ્યા છે, અને અગાઉના ૧૦ વર્ષ ના કાર્યકાળ દરમિયાન જનતા ની સાથે અને જનતાની વચ્ચે ઊભા રહીને તેઓના પ્રશ્નોને વાચા આપીને છેક દિલ્હી સુધી અવાજ પહોંચાડી તેનું નિરાકરણ લાવવાની બખૂબી જવાબદારી નિભાવી છે. આવા કર્તવ્યનિષ્ઠ સાંસદ પૂનમબેન માડમને ગોકુલનગર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજે પ્રચંડ સમર્થન આપ્યું છે. તેઓ ફરીવાર એટલે કે ત્રીજી ટર્મ માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના ઉજવળ ત્રીજા કાર્યકાળ માં સાક્ષી બની અને તેમાં પુનમબેન માડમ નું પણ યોગદાન જોડાયેલું રહે, તે માટે સમગ્ર વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજ તરફથી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવ અંતર્ગત

# દ્વારકાઃ શિવગંગા ચેરી. ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવજનોને સેવા કાજે અપાશે પુસ્તિકાઓ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**




દ્વારકાની જાણીતી સેવાકીય સંસ્થા શિવગંગા ચેરી. ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જેમાં મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવ નિમિતે વૈષ્ણવોની સેવા કાજે લાઈફ ટાઈમ ચાલે એવા કાગળની પુસ્તિકાઓ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું મહાત્મ્ય અને તુમ શરણાગત આયો પ્રાગટય મહોત્સવની બે પુસ્તિકાઓનો સુંદર સેટ ટ્રસ્ટ દ્વારા વૈષ્ણવોને નિઃશુલ્ક આપવામાં આવશે. વધુ માહીતી મેળવવા માટે ઈશ્વરભાઈ ઝાંખરીયા હોટેલ શિવગંગા શીતળા શેરી, આદિત્ય રોડ દ્વારકા મો. નં. ૯૮૨૪૨ ૪૪૮૩૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

### મતદારો મહત્તમ મતદાન કરે તે હેતુથી

# ચૂંટણી તંત્ર દ્વારા બોલો ભાઈ ચુંટણી આવી... વીડિયો ફિલ્મ તૈયાર કરાઈ

**અબતક, જામનગર**

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી.કે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.ત્યારે જામનગરના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ તથા કર્મચારીઓએ ‘‘બોલો ભાઈ ચુંટણી આવી..’’ વીડિયો ફિલ્મ

અને મતદાન જાગૃતિ સાથેની સ્લોગન વીડિયો ક્લિપ તૈયાર કરી નાગરિકો વધુમાં વધુ મતદાન કરે તે માટેની પ્રેરણા આપી હતી.વિડીયોમાં કલેકટર બી.કે.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિતના અધિકારીઓએ નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ કરી છે.આ બન્ને વીડિયોના કાવ્ય અને સ્લોગન જિલ્લા પંચાયત, જામનગરમાં નાયબ ચીટનીશ સેજપાલ શ્રીરામ



દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. અને આ વીડિયોના માધ્યમથી જામનગરવાસીઓને ૭-મે-૨૦૨૪ મંગળવારે અચૂક મતદાન કરવા અપીલ કરાઈ છે.

# ખીરી ગામ પાસે ટ્રકમાં ભરેલા કોલસાના જથ્થામાં આગ લાગતા દોડધામ

## ફાયરબ્રિગેડે આગને કાબુમાં લીધી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના ખીરી ગામ પાસે એક હાઈવે હોટલના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવેલા ટ્રકમાં રખાયેલા કોલસા ના જથ્થામાં અકસ્માતે આગ લાગી હતી.



આગ ના આ બનાવની વિગત એવી છે કે જામનગર-જોડિયા ધોરી માર્ગ પર ખીરી ગામ પાસે મોગલ માના મંદિરની નજીક આવેલી મોગલ કૃપા માલધારી હોટલના પાર્કિંગમાં જી.જે.૧૨ સી.ટી. ૧૩૯૧ નંબરનો ટ્રક પાર્ક કરવામાં આવ્યો હતો, અને તેમાં કોલસા નો મોટો જથ્થો સંગ્રહ કરીને રખાયો હતો. જે કોલસા ના જથ્થામાં આજે સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી, અને ધુમાડા ના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા.

જે આગ ના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં જામનગર મહાનગરપાલિકાની ફાયર શાખાની ટુકડી ખીરી ગામે પહોંચી ગઈ હતી, અને પાણીના એક ટેન્કર વડે પાણી નો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. તેમજ ટ્રકમાં ભરેલો કોલસો ધીમે ધીમે જુદો પાડીને બહાર કાઢી લીધો હતો, જેથી ટ્રક સળગતો બચી ગયો હતો.

# તમામ વોર્ડમાં જોખમી અને જર્જરિત મકાનોનાં સર્વેનો પ્રારંભ

## જૂના-પૂરાણા અને જર્જરીત મકાનોને સેઈફ સ્ટેજે લઈ જવા સિટી ઈજનેરની તાકીદ

**અબતક, જામનગર**

જામનગરમાં આગામી ચોમાસાની સિઝનને અનુલક્ષીને શહેરી વિસ્તારમાં આવેલી જોખમી અને જર્જરીત ઈમારતો ની જામનગર મહાનગરપાલિકા દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, અને આગામી ૧૫ મી મેં સુધી આ સમગ્ર કાર્યવાહી ચલાવવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના કુલ ૧૬ વોર્ડમાં અલગ-અલગ ટિમોને દોડતી કરાવવામાં આવી છે, અને જામનગર મહાનગરપાલિકાના સીટી ઈજનેર શ્રી ભાવેશ જાની ની રાહબરી હેઠળ સમગ્ર શહેરી વિસ્તારમાં સર્વે કરવામાં આવી રહ્યું છે. જેનો રિપોર્ટ આવી ગયા બાદ જે કોઈપણ જોખમી અથવા જર્જરિત ઈમારત હશે, તેના મકાન માલિકોને તાકીદ ની નોટિસ પાઠવવામાં આવશે. આગામી ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલાં જામનગર શહેરના મકાન માલિકો કે જેઓની ઈમારતો-મકાનો વગેરે જર્જરીત હાલતમાં હોય અથવા તો જોખમી સ્વરૂપમાં હોય, તે તમામ મકાન માલિકોને પોતાના રહેઠાણ સહિત ની ઈમારતો ને સેઈફ સ્ટેજે લઈ જવા માટેની તાકીદ કરવામાં આવી છે. જે મકાન ધારકોને અથવા ઈમારત ના માલિકોને નોટિસ પાઠવાયા બાદ પણ



કોઈ પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવે, તો મહાનગરપાલિકા દ્વારા તે મકાન માલિકોના ખર્ચે જાતેજ જોખમી ઈમારતોનું ડિમોલીશન કરી નાખવામાં આવશે, તેવી પણ તાકીદ કરવામાં આવી છે.

# કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત કેનાલ સફાઈનો પ્રારંભ

**અબતક, જામનગર**

આગામી ચોમાસાં ની સીઝન ને ધ્યાનમાં રાખી ને જામનગર મહાનગર-પાલિકા દ્વારા કેનાલો ની સફાઈ માટે પ્રિ-મોન્સૂન કામગીરી નો પ્રારંભ કરી દેવા માં આવ્યો છે. ૪૦ રનિંગ કિ .મી.ની કેનાલ ની સફાઈ કામગીરી માટે આશરે અડધો કરોડ રૂપિયા નો ખર્ચ કરવામાં આવનાર છે.

જામનગર મહાનગર-પાલિકા દ્વારા પ્રતિ વર્ષ પ્રિ મોન્સૂન અન્વયે કેનાલ સફાઈ કામગીરી કરવામાં આવે છે. ચાલુ વર્ષ આ કામગીરી નો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. અને માસાંતે આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે.

કુલ ૧૧ વિભાગ પાડવામાં આવ્યા છે. દરેક વિભાગમાં અલગ અલગ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં પાણી વહન કરતી ખુલ્લી કેનાલ ફિડિંગ કેનાલ, નવનાલા વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે.

જોકે, અમુક જગ્યાએ કેનાલ ઉપર સ્લેબ બનાવી નાંખવામાં આવ્યા છે. ત્યાં મશીનરીથી કામ થઈ શકશે નહીં. હવે તે સ્લેબ કાયદેસર છે, કે ગેરકાયદેસર. તે જોવાની જવાબદારી મહાનગર-પાલિકાની છે. આ સંદર્ભે પ્રિ-મોન્સૂન સફાઈ કામગીરી માટે અડધા કરોડનું બજેટ ફાળવાયું છે.

# ધ્રોલઃ મોટા વાગુદડમાં યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોટા વાગુદડ ગામમાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ કોઈ અગમ્ય કારણસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે.

ધ્રોળ તાલુકાના મોટા વાગુદડ ગામમાં રહેતી હિરલબા વનરાજસિંહ જાડેજા નામની ૨૦ વર્ષની યુવતીએ આજે બપોરે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર દ્વારા આત્મહત્યા કરી લેતાં પરિવારજનોમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં ધ્રોલ પોલીસની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને હિરલબા ના મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. જયારે આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# જામજોધપુરઃ બાલવા ગામે સસ્તા અનાજની દુકાનમાંથી અનાજનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો

**અબતક, જામનગર**

જામ જોધપુર તાલુકા ના બાલવા ગામે ગ્રામજનો તેમજ ગ્રાહકો ની રજુઆત ને પગલે જામ જોધપુરના મામલતદાર વાઘેલા દવારા મધરાત્રે બાલવા ગામે આવેલી વિનોદ કનેરીયા ની દુકાને તથા ગોડાઉન ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો.

મામલતદાર દ્વારા ચોખા- ચણા- બાજરી- ખાંડ- જેવો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી આગળ ની કાર્યવાહી ની તપાસ શરૂ કરી છે. ત્યારે ચર્ચા વિગત મુજબ વગદાર કહેવાતા આ સસ્તા અનાજ ના દુકાનદાર ને ત્યાં અનેક વખત પુરવઠા ના દરોડા પડેલા છે, પણ વગ અને પૈસાના જોરે કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. ત્યારે આ દુકાનદાર પાસે એકથી વધારે દુકાન નો પણ ચાર્જ છે, તેમજ હાલ ના કર્તવ્ય નિષ્ઠ મામલતદાર દ્વારા યોગ્ય તપાસ થાય, અને દાખલા રૂપ પગલાં લેવાય, તેવી લોક માંગ પ્રવર્તી છે. તેમજ આ વિસ્તાર માં ભુતિયા કાર્ડ છે કે નહિ, તે પણ તપાસ નો વિષય છે.

# જી.જી. હોસ્પિટલમાં અમરનાથ યાત્રા પર જતા યાત્રીઓની તબીબી તપાસ કરાશે

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાંથી જે નાગરિકો અમરનાથજીની પવિત્ર યાત્રામાં સામેલ બન્યા હોય, તો તેમનું હેલ્થ ચેકઅપ કરાવવું જરૂરી જણાય છે. તેથી આ તબીબી તપાસ કરાવવા માટે ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ, જામનગર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

જે અનુસાર તમામ યાત્રીઓએ તબીબી તપાસ માટે હોસ્પિટલમાં ન્યુ કેસ તરીકે કેસ કાર્ડ કઢાવવાનું રહેશે. તેમજ યાત્રીઓએ પોતાનું ફોર્મ સાથે લાવવાનું રહેશે. આ ફોર્મમાં જરૂરી વિગતો ભર્યા બાદ યાત્રીએ તેમનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ અને આધારકાર્ડની ઝેરોક્ઝ નકલ સાથે રાખવાની રહેશે. ફોર્મ ફીલ અપ કર્યા બાદ હોસ્પિટલના રૂમ નંબર ૩ માં ડોકટરની જરૂરી સુચના મુજબ યાત્રીની તબીબી તપાસ કરવામાં આવશે. તબીબી તપાસ માટેનો સમય જાહેર રજા અને રવિવાર સિવાય દરરોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન અને સાંજના ૪.૦૦ થી ૫.૦૦ કલાક સુધી રહેશે. તેમ તબીબી અધિક્ષક ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અબતક’ના પત્રકાર પર થયેલા હુમલાને વખોળી કાઢતી પત્રકાર એકતા પરીષદ

## ગુજરાત પત્રકાર એક્તા પરિષદનાં મંત્રી મનોજભાઈ સોની દ્વારકા દોડી ગયાં

**અબતક, દ્વારકા**


વેપારી અગ્રણી અને ’અબતક’ના પત્રકાર મહેન્દ્ર કક્કડ પર હુમલો થતાં ગુજરાત પત્રકાર એક્તા પરિષદનાં ગુજરાત પ્રદેશ મંત્રી મનોજ ભાઈ સોનીને ઘટનાની જાણ થતાં પ્રથમ ફોન પર ચર્ચા કર્યા બાદ તેઓ દ્વારકા ખાતે મહેન્દ્રભાઈ કક્કડની રૂબરૂ મુલાકાતે પહોંચ્યા હતા.

પત્રકાર મહેન્દ્રભાઈ સાથે ઘટનાની ચર્ચા કરીને મનોજભાઈ સોની દ્વારા કોઈપણ જગ્યાએ જરૂર પડયે ગુજરાત પત્રકાર એક્તા પરિષદના દરેક જીલ્લાના હોદેદારો-પત્રકાર મિત્રોનો સંપુર્ણ સાથ-સહકાર આપવા ખાતરી આપી હતી. ગુજરાત પત્રકાર એક્તા પરિષદ દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં પ્રમુખ અનિલભાઈ લાલે જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગુજરાત પત્રકાર એક્તા પરિષદના હોદેદારો તેમજ પત્રકારો સત્યની લડાઈમાં હરહંમેશ સાથે રહેશે.

# મતદાતાઓને મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવાની અપીલ કરતા જે.જે.પટેલ

## બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નવ નિયુક્ત ચેરમેને ‘‘અબતક મીડિયા’’ હાઉસની મુલાકાતમાં મુક્ત મને વકીલોના પ્રશ્નોની કરી ચર્ચા

### સ્નેહમિલન કાર્યક્રમમાં સાંજે ઉપસ્થિત રહેવા લીગલ સેલ દ્વારા નિમંત્રણઃ લોકોએ પોતાની નૈતિક ફરજ સમજી અવશ્ય મતદાન કરે અને કરાવે તેવી જાગૃતતા કેળવો





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

લોકશાહીના સૌથી મોટા પર્વ એટલે લોકસભાની ચૂંટણીમાં વધારેમાં વધારે મતદાન થાય તેવા હેતુ સાથે ચૂંટણી પંચ દ્વારા બીન રાજકીય સંસ્થાઓને અપીલ કરવાની માંગ કરી છે. જેને પગલે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નવ નિયુક્ત ચેરમેન દ્વારા આજે ‘‘અબતક મિડીયા’’ હાઉસની શુભેચ્છા મુલાકાત લઈ વકીલો વધુમાં વધુ મતદાન કરી અને કરાવે તેવી અપીલ કરી લોકશાહીના પર્વની ઉજવણીમાં જોડાવવા અપીલ કરી છે.

રાજકોટ ખાતે વિવિધ ક્ષેત્રે પ્રેકટીસ કરતા વકીલો માટે નાગર બોર્ડીંગ ખાતે સાંજે ૭ કલાકે સિનીયર, જુનીયર, મહિલા, યુવા તેમજ પ્રોવિઝનલ સનદ ધરાવતા જુનિયરો તેમજ વકીલોની ઓફીસમાં કાર્યરત તમામ સ્ટાફ પરીવાર સહિત તમામ વકીલ આલમ માટે મતદાન જાગૃતિ હેતુ એક સહ પરીવાર સ્નેહમિલનનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાજર રહેવા ખાસ અમદાવાદથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ રાજકોટ પધારેલ છે.

થોડા દિવસો બાદ રાજયમાં ચુંટણી યોજાવા જઈ રહી છે દર પાંચ વર્ષે યોજાતી આ ચુંટણીમાં બહોળી સંખ્યામાં મતદાન થાય અને તેના માટે જાગૃતિ

લાવવા હેતુ તેમજ લોકશાહીના આ પર્વને તમામ લોકો પોતાની નૈતીક ફરજ સમજી અવશ્યક મતદાન કરે અને કરાવે તેવી અપીલ સાથે જાગૃતી કેળવવાના હેતુ આ સ્નેહમીલન યોજાવા જઈ રહયુ છે. ખાસ કરીને ગત ચુંટણી બાદ પાંચ વર્ષ દરમિયાન નવા ઉમેરાયેલા યુવા મતદારો પ્રથમવાર જયારે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા જઈ રહ્યા છે ત્યારે આવા યુવા મતદારોમાં મતદાન કરવા સાથે પોતાના તમામપરીવારજનોનું મતદાન થાય તેવા હેતુસર લોકશાહીના આ પર્વના પ્રસંગે પોતાનો કિંમત મત આપીને દેશહીત, પ્રજાહીત માટે યોગ્ય હોય તેવી સરકાર બનાવવા માટે તમામ લોકો અવશ્ય મતદાન કરે તે ખુબ જ જરૂરી છે. રાજકોટમાં પણ જંગી મતદાન થાય તે જરૂરી છે. રાજકોટમાં ક્રિમીનલબાર, રેવન્યુ બાર, લેબર બાર, સિવીલ બાર, ફેમિલીબાર, એમ.એ.સી.પી,બાર, ગ્રાહક સુરક્ષા, યુવા લોયર્સ, નોટરી એસોશેએશન સહિત વિવિધ ક્ષેત્રે મોટી સંખ્યામાં વકિલો પ્રેકટીસ કરે છે ત્યારે વ્યવસાયની દ્રષ્ટિએ સમાજ સાથે સીધી રીતે જોડાયેલા વકીલો સમાજમાં પોતાના વ્યક્તિત્વની એક આગવી છાપ ધરાવે છે સમાજમાં લોકો વકીલની સલાહ મુજબ પોતાના પ્રશ્નનો ઉકેલ કે,સમસ્યાનુ સમાધાન મેળવતા હોય છે અને વકીલોનું સમાજમાં એક માભાદાર સ્થાન હોય છે ત્યારે વકિલો જો જાગૃત થઈને મોટી સંખ્યામાં મતદાન કરે તો સમાજનો અન્ય વર્ગ પણ તેમાંથી પ્રેરીત થઈને પોતે તથા પોતાના પરિવારના તમામ લોકોનું મતદાન અવશ્ય કરાવશે. આવા બહોળી સંખ્યામાં મતદાન થાય તેવા હેતુસર લીગલ સેલ દ્વારા આજનું સ્નેહમિલન યોજવામાં આવ્યું છે. આ સ્નેહમિલનમાં રાજકોટ શહેર ઉપરાંત તાલુકાના ટંકારા, પડધરી, જસદણ, વિછીયા, વાંકાનેર જેવા સેન્ટરના વકીલ સભ્યોના પરીવારજનો આ સ્નેહમિલનમાં મોટી સંખ્યામાં રહેવાના છે.આ સ્નેહમિલનમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ ખાસ ઉપસ્થિત રહેવાના છે. તેમની ઉપસ્થિતિમાં યોજાવા જઈ રહેલ આ કાર્યક્રમમાં રાજકોટ બાર એસોસિએશન તથા વિવિધ બાર એસોસિએશનના હોદ્દેદારશ્રીઓ, લીગલ સેલના હોદેદારો, યુવા સહાયક ટીમના હોદ્દેદારો સહિતના લોકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉમટી પડશે તેવો નિર્ધાર રાજકોટ સેલ દ્વારા કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર તથા તાલુકાના સેન્ટરના તમામ ક્ષેત્રે વકીલાત કરતા વકીલ પરિવારજનોને ઉપસ્થિત રહેવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ, પ્રદેશ લીગલ સેલ સહસંયોજક અનિલભાઈ દેસાઈ, કારોબારી સભ્યો કિશોરભાઈ સખીયા,

(અનુ. આઠમા પાને)

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ

પ્રોવિઝનલ સનદ ધરાવતા યુવા વકીલોને હાલમાં આ પ્રોવિઝનલ સનદની અવધિ પુરી થવા અંગે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હતા જેની રજૂઆત બીસીજીના ચેરમેન જે.જે.પટેલને કરાતા તેમણે જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પ્રોવિઝનલ સનદની અવધિ વધારવા માટેની રજૂઆત કરી દેવામાં આવી છે જેનો હકારાત્મક અને યોગ્ય પ્રત્યુત્તર જલદીથી મળશે તેવી આશા છે આ ઉપરાંત તાજેતરમાં લેવાયેલી સનદ માટેની પરીક્ષામાં અનઉતીર્ણ થયેલા કેન્ડીડેટોને અમુક માર્ક પૂરતુ ગ્રેસિંગ મળે તેવી રજૂઆત પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને કરી હોવાનું બીસીજીના ચેરમેન જે.જે.પટેલે તમામ યુવા વકીલોને જણાવેલ છે.

# અંતિમ દિવસોમાં ભાજપ - કોંગ્રેસના નેતાઓનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર

### કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની બોડેલી, વાસંદા અને દમણમાં, કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધીની લાખણીમાં, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની મોરબી, પેટલાદ અને ગાંધીનગરમાં, રાજસ્થાનના મંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડની જામનગરમાં સભા

**અબતક, રાજકોટ**

ગુજરાતની લોકસભાની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે આગામી મંગળવારે મતદાન યોજાવાનું છે. આવતીકાલે રવિવારે સાંજે ૬ કલાકને ચુંટણી પ્રચારના ભુંગળા શાંત થઈ જશે. દરમિયાન અંતિમ દિવસોમાં આજે ભાજપ તથા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ ગુજરાતમાં ઝંઝાવાતી ચુંટણી પ્રચાર કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે આજે છોટાઉદેપુરના બોડેલી ખાતે ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવા અને નવસારીના વાસંદામાં વલસાડ બેઠકના ભાજપના ઉમેદવાર ડો. ધવલ પટેલના સમર્થનમાં ચુંટણી સભા સંબોધી હતી. બપોરે દમણ ખાતે લાલુભાઈ પટેલના સમર્થનમાં સભા સંબોધી હતી.

(અનુ. આઠમા પાને)

**સમય સમાપ્તી કી ઘોષણા**

### કાલે સાંજે પ્રચારના ભૂંગળા શાંત

#### આવતીકાલે સાંજે ૬ કલાક સુધી ચૂંટણી પ્રચાર કરી શકાશેઃ સોમવારે કતલની રાત, મતદારોને આકર્ષવા માટે ઘડાશે અંતિમ ઘડીની વ્યુહ રચના

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબકકામાં આગામી ૭મી મેના રોજ ગુજરતાની લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૨૫ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચના નિયમ મુજબ મતદારો શાંત મને વિચારી મતદાન કરી શકે તે માટે મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ ચૂંટણી પ્રચાર પ્રસાર બંધ કરી દેવાનો રહે છે.દરમિયાન આવતકાલે રવિવારે સાંજે ૬ કલાકે ત્રીજા તબકકામાં જે બેઠકો માટે મતદાન યોજાવાનું છે ત્યાં પ્રચારના ભૂંગળા શાંત થઈ જશે.

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પૈકી સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ વિજેતા જાહેર થયા છે.

(અનુ. આઠમા પાને)







**પ્રેમ સંબંધનો કરૂણ અંત**

# નખત્રાણાના પ્રેમી યુગલનો રાજકોટના પોલીસ મથકમાં બ્લેડના છરકા મારી આપઘાતનો પ્રયાસ : પ્રેમિકાનું મોત

### કચ્છથી ભાગીને આવેલા યુગલને પરિવાર એક નહિ થવા દે તેવા ડરથી નાગરિક સહાયતા કેન્દ્રનો દરવાજો બંધ કરી ગળા પર બ્લેડ ફેરવી નાખી



**અબતક, રાજકોટ**

રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ પોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટના સ્થળ પર જ મોત થયું છે. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

રાજકોટ પોલીસ ફરી એક વખત ચર્ચામાં આવી છે. ગત રાત્રીના સમયે રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ આત્મહત્યાની કોશિશ કરી હતી જેમાં યુવતીનું પોલીસ સ્ટેશનમાં જ મોત નીપજ્યું હતું. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રેમી પંખીડા મૂળ કચ્છના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી હતા અને બંને ઘરેથી ભાગી રાજકોટ પહોંચ્યા હતા. હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે પોલીસ સ્ટેશનની અંદર બનેલી ગંભીર ઘટના પગલે જવાબદાર પોલીસ સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

પ્રાપ્ત વિગત મુજબ કચ્છ જિલ્લાના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી પ્રેમી પંખીડાએ રાજકોટ યુનિવર્સિટી

(અનુ. આઠમા પાને)

# મતદાન કરનાર દુધ ઉત્પાદકને રાજકોટ ડેરી મંગળવારે રૂ. ૧ વધુ ભાવ ચૂકવશે

### મતદાન વધારવા નવતર પ્રયોગઃ ગરમીમાં વહેલું મતદાન કરી લેવા અનુરોધ

**અબતક, રાજકોટ**

મતદાનની ટકાવારી વધે તે માટે રાજકોટ ડેરી દ્વારા નવતર પ્રયોય હાથ ધરવામાં આવ્યો છે. જેમાં મતદાન કર્યાનું નિશાન બતાવનાર દુધ ઉત્પાદકોને મતદાનના દિવસે પ્રતિ લીટર દુધે એક રૂપિયો વધુ ચુકવાશે.

દેશમાં લોકસભાની સામાન્ય ચુંટણી પ્રક્રિયા ચાલુ છે. ગુજરાતમાં આગામી ૭મી મેના રોજ લોકસભાની ચુંટણી માટે મતદાન થવાનું છે. ચુંટણી પંચ દ્વારા દેશના લોકશાહી પર્વમાં ભાગ લઈ વધુને વધુ નાગરીકો મતદાન કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી (રાજકોટ ડેરી) દ્વારા દુધ ઉત્પાદકો અવશ્ય મતદાન કરે તે માટે શપથ લેવડાવવાના જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યા હતા.

ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા પણ વધુમાં વધુ દૂધ ઉત્પાદકો મતદાન કરે તે માટે રાજયના દૂધ સંઘોને સતત માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી છે. મંડળીનાં દૂધ ઉત્પાદકો પોતાના મતાધિકારનો ઉપયોગ પરિવાર સાથે કરે તે માટે તેઓને પ્રોત્સાહન પુરુ પાડવા તેમજ તમામ દૂધ ઉત્પાદકો ૭મીએ સવારે ૧૧ કલાક સુધીમાં મતદાન કરી દે તેવા અનુરોધ કર્યો છે.

(અનુ. આઠમા પાને)







**દેવભુમી દ્વારકા અને જામનગર જીલ્લાના સાંસદના ઉમેદવાર**

**જે. પી. મારવીયા -એડવોકેટ**

AAP AAM AADMI PARTY

(૧૨-લોકસભા સાંસદ ઉમેદવાર)

ઈન્ડીયા ગઠબંધન અંતર્ગત

મો. ૯૯૭૯૪ ૨૭૪૨૪

**➡ હાલની લોકોની સમસ્યાઓ :-**

ખેડુતોનો રી-સર્વે નો પ્રશ્ન, ગરીબી, બેકારી, મોંઘવારી, ઉદ્યોગોમાં નાના-મોટા પ્રશ્નો, આરોગ્ય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, ખેડુતોને પોષણક્ષમ ભાવ મળતા નથી.

મોટી કંપનીના પ્રદુષણોના લીધે આજુબાજુ વસવાટ કરતા ગામડામાં ભયંકર રોગો અને બીમારી ફેલાઈ છે, આરોગ્ય સામે ચેડા થાય છે.મહાકાઈ કંપનીમા સ્થાનીક લોકોને રોજગારી મળતી નથી.

**➡ મારો લોકોને સીધો સંવાદ :-**



(૧) મારો ડાયરેકટ કોન્ટેક કરી શકસો કોઈ મીડીયેટરની જરૂર નથી.

(૨) મને રૂબરૂ ગમે ત્યારે મળી શકશો.

(૩) ગમે ત્યારે ફોન કરી શકશો.

(૪) લોકોના તમામ પ્રશ્નોને વાંચા આપીશ જરૂર પડે તો લોકસભામાં અથવા નામદાર કોર્ટમાં લઈ જઈશ.

(૫) રી-સર્વે સુધારામાં પૂરતું ધ્યાન આપીશ.

(૬) કાયમ માટે લોકો વચ્ચે રહીશ.

(૭) મહાકાઈ કંપનીમાં સ્થાનીક લોકોને રોજગારી અપાવીશ.

સૌજન્યઃ અર્પણ એડ-કાલાવડ (અર્પણ પટેલ)